સુવાસિની-સરલા.

ભાગ-૧ લો.

હરિગીત.

"આ પ્રેમ સંસારી તણો તુજ તેજ જેવો છે નકી,
એ અમૃતે શું ઝેરનાં બીંદુ ભર્યાં વીધીએ નથી;
અમ એજ જીવિત એજ મૃત્યુ એજ અશ્રુને અમી,
જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કૂદરતી."
"કુલાપિ."

લેખક

ચંદ્રવદન ઈશ્વરલાલ ખાનસાહેબ.

પબલીશર્સ

સી. એન. બ્રધર્સ.

બૂકસેલર્સ એન્ડ પબલીશર્સ

ભાગાતળાવ—સુરત.

ધી સુરત "જૈન પ્રીન્ટીંગ પ્રેસ"માં મગુભાઇ ભાઇદાસે
છાપી. ખપાટીઆ ચકલા—સુરત.

મુલ્ય આના નવ.

સુવાસિની–સરલા.

ભાગ—બીજો.

અકટોબર માસની આખરે બ્હાર પડશે.

પ્રસ્તાવના.

મારા ધંધાને અંગે, ભિન્ન ભિન્ન મનુષ્યોની વિધવિધ પ્રકૃતિ-સ્વભાવ—જાણુવા—જોવા મળતાં, એ સ્વભાવના રસને પોષક, આસ્વાદક વાંચન પુરૂં પાડવું એ કર્તવ્ય જણાયું. જન—સમાજના પલટાતા રંગોને શુદ્ધ અને સાત્વિક, સરલ અને સ્નેહમય, ઔદાર્ય અને આર્દ્રવભર્યા, સત્ય કથનની કડવાશ અને હૃદયની મીઠાશથી રસવા ઓજસવા—નો પ્રયાસ છે.

આ નવલ—કથાના સીમા—સ્થંભો ઇગ્લાંડની ઓગણીસમી સદીના પ્રખ્યાત લેખકની નવલ—કથાપરથી નંખાયા છે. હાડ—પીંજર ત્યાનું છે; તેમાં આંહીનું જીવન વહેવડાવવા પ્રયત્ન છે.

ભારત વર્ષના ઉદ્યાન—ગુજરાતની નવલી—કુંજે વિદ્યા—વેણુ હરદમ વાગે છે; રસ કોકીલા ટહુકે છે; તો એ વેણુના નાદમાં—એ ટહુકારના સાદમાં—નવપલ્લવીત કુસુમોથી લચી પડતા વસન્તે આ મારો પ્રથમ પ્રયાસ વાંચક—વૃન્દના હૃદય રંજન કરશે. એજ પ્રયાસની સફળતા—અભિલાષા. અસ્તુ.

લી૦

રંગ—પંચમી — કર્તા.

સુરત.

અનુક્રમણિકા.

સુવાસિની--સરલા.

પ્રકરણ ૧ લું.

ખૂન.

The Moon is in her summer glow,
But hoarse and high the breezes blow,
And, racking o'er her face, the cloud
Varies the tincture of her shroud;
On Barnard's towers, and Tee's stream,
She changes as a guilty dream,
When conscience, with remourse and fear,
Goads sleeping Fancy's wild Career.

Scott.

પવન જોશથી ફુંકાતો હતો—એવા જોરથી વાતો હતો કે જાણે રોશ ભર્યો દાનવ ધર્માચારીને દમવા ના રહડયો હોય ! મેઘાનું જળ વેગ ભર્યું વ્હેતું હતું.—એવા જોમથી ઉછળતૂં હતૂં કે પાપી તેમાં સમાઇ જાય—સાગરના એક અગોચર ખૂણામાં દબાઇ જાય.

આકાશ મેઘાચ્છન્ન હતું, તારા ચમકતા ન્હોતા. એકાંત, અમાનસ્ માર્ગપર ઘુવડની ચીચીયારીઓ સંભળાતી હતી. કાનને કર્કશ લાગે તેવી ભૈરવ બોલતી હતી. ચોતરફ દૃષ્ટી ફેંકતાં કુદરત રોષભરી દેખાતી હતી.

મધ્ય રાત્રી વિતી ગઇ હતી. વાદળાંથી ઢંકાયેલો ચંદ્ર વખતે વખતે અજવાળું નાંખતો હતો. એવામાં આ નિર્માનસ્ માર્ગ પર ઘોડાના ડાબલા સંભળાયા.

ઘોડાના ચાલવાંથી જે અવાજ થતા હતા તે પરથી કહી શકાય કે તે ઘોડાપર બેસનાર તો હોવો જોઇયે પણ તે કાંઈ બહુ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયેલો હશે.

આકાશમાંથી સ્હેજ વાદળાં ખસ્યાં. અને ચંદ્રનું તેજ જગપર ઝરવા લાગ્યું—અંધકારમાંથી આકાશમાં પ્રકાશ જોતાં ઘોડેસ્વાર ચમકયો. ઉંચે જોયું; અને મનમાં કાંઇક બબડયો.

રસ્તો સૂજતો હતો. તેથી ઘોડો ઝડપથી ચાલવા લાગ્યો. બેસનાર કાંઇક સાવધ થતો દેખાયો. પણ જોત જોતામાં એક મોટું વાદળું ચંદ્રની આડે આવ્યું. અને પાછું જગતપર તિમીર વરસવા માંડયું. ઘોડાની ચાલ ધીમી પડી. સ્વારે એડી ચમકાવી. ઘોડાની ઝડપ વધી.

થોડેક દૂર જતામાં, ઘોડેસ્વારને કાને માણસનો સાદ સંભળાયો. તે જરાક ખમચ્યો. નિર્માનસ્ માર્ગપર રાત્રીના ભયંકર વખતે માણસનો સાદ સાંભળી. તેનું હૈયુ થડકયું. કપાળપર પરસેવો આવ્યો. ફરી કાન માંડયો; પણ સાદ ન સંભળાતા એક નહી પણ બે ત્રણ માણસોના પગલાં સંભ-

જાયાં. શરીરના રૂવાં ઉભાં થયાં. સ્વારે ઘોડાને હાકતાં પછાડી નજર નાંખી પણ ગાઢ અંધકારને લીધે કાંઇ જોઇ ન શક્યો; તેમ તેમ વધારે જોવાને માટે આંખ તાણવા લાગ્યો. દિવાસળી સળગાવી, પણ હોલવાઈ ગઇ. ફરી સળગાવતાં અગાડીથી રસ્તો ન સૂજતો હોવાથી ઘોડાયે ઠોકર ખાધી અને અસાવધ ઘોડેસ્વાર જમીનપર સરી પડયો. દીવાસળી હોલવઈ ગઇ. પછાડી પગલાંઓ પાસેને પાસે આવતાં સંભળાયાં. નિમકહલાલ પ્રાણી તેના બેસનારના પડવા સાથે ત્યાં ઉભું હતું.

સ્વાર પડેલા થોડા ઘણા ઉજરડાઓને ન ગણકારતાં ઉભો થવા જતો હતો, તેવામાં એકે એની ગળચી દાબી.

ગળચી દબાતાં સ્વાર ન ડગ્યો. એણે હિમ્મત આણી કેડમાં ખોસેલું 'પોનીઆર્ડ' ખેંચી કહાડયું. અંધારામાં એ પાણીદાર, કાતીલ 'પોનીઆર્ડ' ચળકયું. ગળું દબાવનારનો હાથ ચમકયો, ઢીલો પડયો અને સ્વાર સતેજ થયો. ટટાર થયો. કોણી પાછી હુલાવી, ગળું દાબનારને બે ત્રણ ગલોટીયાં ખવાડી દીધાં. પોનીયાર્ડવાળા હાથે બીજાને જમીનદોસ્ત કરવા ધારી, તે બરાબર ઉંચકયું, પણ તે નિશાન માંડનાર તેને મારી શકે તે પહેલાં તેની છાતીમાં 'ડેગર' ત્રીજાએ ભોંકયું.

કોઇપણ જાતની દુઃખની ચીચીયારી વિના તે સ્વાર જમીનપર તૂટી પડયો. 'પોનીયાર્ડ' બાજુપર પડયું.

ત્રણે જણા તેના પડવા સાથે ત્યાંથી દોડયા, અને ઝાડીમાં છુપાતા છુપાતા એક પાણીના હવાડા પાસે આવી પહોંચ્યા.

જુવાન! તું આ માણુસ સાથે રામનાથ મહાદેવ જા. હું પેલાની મર્યા જીવ્યાની ખબર કહાડી હમણાં પાછો આવું છું.

જુવાન કાંઈક બોલવા જતો હતો પણ તે બોલવા જઇ શકે તે પહેલાં તો પેલો માણુસ બન્ને જણુને મૂકી કેટલો દૂર નીકળી ગયો.

જુવાન ભયથી ધ્રૂજતો હતો. ચાલવામાં ભય હતો. તેણે દુ:ખી મને સાથી સાથે ચાલવા માંડયું.

પેલો, સ્વાર પડયો હતો તે બાજુ તરફ ચાલ્યો. કોઇ આવતું કે જતું નથી એ બરાબર તપાસ કરી તે આગળ આવ્યો. પોકેટ લાઇટ કહાડી સ્વારને અંધકારમાં ખોળતો આગળ ચાલ્યો. ઘોડો ખંખાર્યો. જગ્યા જડી. તે નીચો વળ્યો, નાકપર હાથ મૂકયો, શ્વાસ બંધ લાગ્યો, છાતીપર હાથ મૂકયો, હાર્ટ બંધ થયેલૂં માલૂમ પડયું.

'ખૂન'

તે મોટેથી બબડયો. હા. યુવાનના 'ડેગરે' કામ આબાદ કર્યું છે.

તેણે ગજવાં તપાસવાં માંડયાં. તેમાંથી કાંઇક થોડીક ચલણી નોટો તથા રોકડ નાણું તથા એક ડાયરી મળી આવી. બધું પોતાના ઓવર કોટમાં બરાબર મૂકી તેણે પોકેટ-લાઇટનું બટન દબાવ્યું, લાઇટ નિકળ્યું, પ્રકાશ પેલા નિસ્તેજ મુખપર પડયો.

હા. યુવાન થોડુંજ જાણે છે કે એના હાથે કોનું ખુન થયું છે. મારા વેરનું બલિદાન. પ્હેલી આહુતિ.

તેજ ક્ષણે તેણે બટન પરથી આંગળી ઉંચકી, લાઈટ હોલવાયું. આવા કામથી માહિતગાર માણસે તરતજ તે મડદાને ઘોડાપર નાંખ્યું ને ઝાડીમાંથી નીચે ઉતર્યો. થોડેક દૂર ખાતર માટે બનાવેલી ખાઈમાં તેનો ભાર હલકો કરી તેને બે ત્રણ સોટી ખેંચી કહાડી. ભડકેલો ઘોડો એક બાજૂ નાઠો અને આ પાપી માણસ બીજી બાજુ વળ્યો.

શરીરનું ખૂન. પ્રભુની પ્રતિમાનું ખૂન! કેવું અઘોર કૃત્ય! માટીએ લોહીને છૂપાવ્યું છે, જમીનમાં મુડદું દટાયું છે. ઘાતકી ન્યાયના છટકામાંથી છટકી ગયો છે. પણ ક્યાં છે તે મોંઘી હ્રદયની શાંતિ! ક્યાં છે તે દિલ–આરામ!

અંતરમાં પાપના ભડકા બળે છે. કાને ભયના ભણકારા વાગે છે. આંખ આગળ ખૂન ચમકે છે.

પ્રકરણ ૨જું.

રશ્મિકાન્ત.

... ... His forhead high and pale
The sable curl in wild profusion veil
Tho' smooth his voice, and calm his general mien
Still seems there something he would not have seen
His features' deepening lines and varying hue
At times attracted, yet perplexed the view,
As if within that murkiness of mind
Worked feelings dreadful, and still undefined.

BYRON.

સુર્યપૂરથી ત્રણ ચાર માઇલને અંતરે રાજપુર નામનું ગામ આવેલું છે. શહેરની પાસે આવેલું હોવાથી તથા કુદરતની થોડી ઘણી બક્ષેસે કરી કાંઇક સમૃદ્ધિવાન જણાતું હતું.

ગામની દક્ષિણે મેઘા ખળખળ વહે છે. પૂર્વથી ઉત્તર તરફ, ફંટાતી ડુંગરોની હાર આવેલી છે. રત્નાકરના રણઘોષ સ્હવાર સ્હાંજ ગામમાં સંભળાતા. આંબાવાડીઆમાં ડહુકતી કોયલ મનને આનંદ પમાડતી.

સંધ્યાનો સૂર્ય આંબાવાડીયામાં છુપાવવા લાગ્યો. ઢોરો ગામ તરફ આવવાં લાગ્યાં. ખેડુત બળદને ડચકારતો ઘર તરફ આવે છે. ધંધાર્થે ગયેલા લોકો નિવૃત્ત થાય છે. એવે વખતે અરબ્બી ઘોડાપર બેઠેલો એક માણસ ગામમાં પેઠો.

શરીરે તે નીચી બાંધણીનો હતો, પણ શરીર પ્રચંડ હતું. મુખ વિશાળ, ચમકતી આંખો, ભરાવ મુંછ, જોનારને ચમકાવે–માન ઉપજાવે તેવાં હતાં.

ઘોડો ઠેકાવતો, ઠેકાવતો, તે એક ન્હાના બંગલા પાસે આવ્યો.

આસપાસ બગીચો હતો, તેથીજ આને બંગલો કહેવામાં આવે છે, નહીતો આ સાથે સ્પર્ધા કરવામાં ગામમાં બીજાં ઘણાંક ઘરો ન્હડી જાય તેમ હતું.

ઘોડેસ્વાર બંગલા પાસે ઘોડાપરથી ઉતર્યો. જરા પગ પરની ધુળ ખંખેરી ઘોડાને દોરતો દરવાજા પાસે આવ્યો.

'આંખે આંખ મળી'

ઘોડેસ્વાર મુંછમાં હસ્યો. મધુમતિ ! નલિન ઘરમાં છે કે ?

'હા છે પધારો.'

બાલિકાએ દરવાજો ઉઘાડયો.

સત્તર, અરાઢ વર્ષની મુગ્ધ બાલિકા મધુમતિ છે. શરીનો વર્ણગૌર છે, મુખ ભરાવ છે, વાંકી ભ્રમરો, ચપળ આંખો, અણીદાર નાક, પણ સ્હેજ પ્હોળું મ્હોડું આકર્ષણીય લાગે છે. બાલિકાના અવયવો ઘાટસર છે. નિર્દોષ ભાસતી હતી. આંખોમાં મદન તરવરતો હતો. વાણીમાં રતિ પતિની મીઠાશ હતી. હાવ ભાવમાં અનંગ વિરાજતો હતો.

મધુમતિ ! આજ દરવાજા પાસે કોની રાહ જોતાં ઉભા હતાં ? ઘોડે સ્વારે ચાલતાં વાત ઉપાડી.

કોની રાહ જોઉં ! કોની વાટ જોઉં ! મ્હેમાન. !

બાલિકા બોલતાં હસી. મદન રાજે શર ચાપ ચ્હડાવ્યું.

ઘોડેસ્વારના ચપળ નયનો ચમક્યાં.

મધુ ! તારા જેવી સુંદર બાલિકામાં સ્નેહ છલકતો હોય ઘોડેસ્વારને ઠોકર વાગી ને બોલતાં અટક્યો.

હું–હું–પછી બાલિકા હસતી બોલી

ઘોડેસ્વાર કાંઇક બોલવા જતો હતો. બાલિકા હર્ષ ભર્યા ઉરે સાંભળવા કાન ધરતી હતી. ત્યાં સાદ આવ્યો.

વાહ ! વાહ ! રશ્મિકાન્ત ! આ તમારા પાંચ વાગે છે કે?

રશ્મિકાન્તે હસ્તાં જવાબ વાળ્યો નલિન્ ! આકળો થા, મા, રસ્તે જરાક ગમ્મત હતી તેથી રોકાઇ ગયો હતો.

નલિન બાવીસ, ત્રેવીશ, વર્ષનો યુવાન છે. વિશાળ કપાળપર લાંબા ઝુલફાં બાલનાં અવ્યવસ્થીત પડેલાં છે. ચકોર આંખો, ભરાવ મુખ, ધારદાર નાક અને પાનથી લાલ થયેલો ઓષ્ટ સંપુટ મુંછનાં દોરાથી બંધાયેલો અને બેઠી હડપચી યુવાનને મોહક બનાવવા પૂરતાં હતાં.

'શાવ' યુવાને હાક મારી.

તુરતજ એક મરાઠો નોકર હાઝર થયો. જેને મ્હેમાનનો ઘોડો લઈ જવા હુકમ કરવામાં આવ્યો.

રશ્મિકાન્ત અને નલિન હાથમાં હાથ મીલાવી ચાલવા લાગ્યા.

નલિન્ ! રસ્તે બડી ગમ્મત આવી.

ગમ્મત ? શું તમાસા હતા ?

અરે આપણો દિલોજાન દોસ્ત જીવણ મળ્યો હતો.

જીવણ મળ્યો હતો ? હેં શું ખરૂં કહો છો ? મ્હેમાન ! મ્હને અધીરો ન કરો. કાંઇક જબરો તડાકોજ હશે.

ખરૂં–નલિન્ ! જીવણનું brain કાંઇક અજબજ કામ કરે છે. એક યોજના ઘડી છે કે વગર પૈસે ન્યાયના પંજામાં ન સપડાતાં લાખો બલકે કરોડો રૂપીઆની દોલતના માલેક થઈ જઇએ.

શાબાશ–મ્હેમાન–શાબાશ.

જરા ધીરો દોસ્ત ! વાત ખાનગી છે.

વાત કરતાં કરતાં બન્ને બંગલા પાસે આવી પહોંચ્યા.

બંગલા પાસે એક પંદર સોળ વર્ષની બાલિકા ફૂલનો હાર ગુંથતી એક બાંકપર બેઠી હતી.

બાલ ગુચ્છાદાર ઓળ્યા હતા. વિશાળ અને ઉપડતા કપાળમાં કંકુનો ચાંદલો વિરાજતો હતો. મુગ્ધ આંખો હાર ગુંથવામાં પરોવાયેલી હતી. બાળ્યાવસ્થા મૂકી યૌવનને આંગણે રમતી સરલામાં મદન પ્રવેસ્યો હતો. તેના ઉપડતા–ભરાવ ચતા અંગોમાં તે છુપાતો હતો. તેની ઓઢણીના સોડીયામાં લપાતો હતો, અને સંતાકુકડીના દાવ પેઠે આછી ઓઢણીમાંથી પ્રકાશતી મોતીની માળા દ્વારે બ્હાર પોતાનો બતાવતો હતો.

સરલાની નઝર મ્હેમાન પર પડી.

કાકા ! ભાઇ. તમારી પાણી પેઠે રાહ જોતો હતો. સારૂં થયું તે ત્હમે આવ્યા. નહી તો આજ રાતે ખાતે પણ નહી.

સરલાયે હારમાં ગુલાબ પરોવતાં મ્હેમાનને આવકાર્યો

ખરૂં. સરલા ! અમારે થોડા વખતમાં એવો સ્નેહ

બંધાઈ ગયો છે કે ઘડી ભર મને એના વગર ચેન નહી. એને મારા વગર નહી એતો દેહ જુદા પણ આત્મા એક.

નલિન મ્હેમાનને અંદર લઇ ગયો.

અંદર દાખલ થઈ થોડેક દૂર જતાં, એક લગભગ ચાળીસ વર્ષની બાઇનો મેળાપ થયો.

'કોણ !' રશિમકાન્ત ! બાઇએ ચષ્માામાંથી ધારીને જોતાં કહ્યું.

હા, માજી. ભાઇને મળવા આવ્યો છું.

ભલે. ભાઈ. ભલે આ ભર્યા સંસારમાં મિત્ર કહો ભાઈ કહો કે પિતા કહો આ બાળકને તો તમેજ છો. સગાં જેટલું ન કરે તેથી હજારો ઘણું તમે કર્યું છે. તમે અમારે માટે જો કાંઇ મ્હેનત ન કરી હતે તો આ બાપ વગરના છોકરાં રખડી જતે, રવડી મરતે. વૃદ્ધાએ પાલવથી આંખમાં આવેલાં આંસૂ લૂછ્યાં.

માજી, માજી, એમાં મેં શું કર્યું છે. ફકત મારી ફરજ પરમેશ્વર પશુ, પક્ષીપર રહમ રાખવા ફરમાવે છે તો આતો માણુસ માણુસ જાતને મદદ આપે એમાં આવો મોટો ઉપકાર નહોય.

ભાઇ ! એ તમારી લાયકી બોલાવે છે.

નલિન તથા મ્હેમાન વાત પૂરી કરી અગાડી ચાલ્યા; અને પ્હેલે માળે એક મ્હોટા ઓરડામાં દાખલ થયા.

ઓરડામાં ફરનીચરમાં વચમાં એક ગોળ ટેબલ, બે ચાર ભાંગીતૂટી ખુરશીઓ, બે ઝોળી જેવા ખાટલાઓ અને ઝાંખો બળતો લેમ્પ એટલું હતું.

નલિને દિવાને સતેજ કર્યો. રશ્મિકાન્ત એક ખુરશીપર ગોઠવાયો.

'રશ્મિકાન્ત ! હવે આપણી વાત ચલાવો.'

'કોઈ સાંભળશે એવું તો નથી ને?'

'નહી, આપણે 'પરફેક્ટ સેફ્ટી' માં છીએ.'

'નલિન ! તારે મુંબાઈ આવવું પડશે.'

રશ્મિકાન્તે કહેતાં કહેતાં નલિનના મુખ સામું જોયું તથા આવતા અવનવા ભાવનો અભ્યાસ કરવા લાગ્યો અને મનમાં પૃથક્કરણ પણ સાથે લાગુ કરવા લાગ્યો.

'મુંબાઇ ! મ્હેમાન, મુંબાઈ શા માટે! જરાક સમજાવોને.'

'બધું હું અહીં કહી શકતો નથી. હજુ આપણી ચોકડીમાં એક ખરેખરો માણસ ખૂટે છે પણ એટલુંજ તને હું કહું છું કે આ સાહસ જરૂર ખેડવા જેવું છે and It is sure to bring a rich harvest.

'પણ, રશ્મિકાન્ત ! માજીને કેમ મનાવશો?'

તે તું મારા પર છોડ——

એટલામાં દાદરપર પગલાં સંભળાયાં. રશ્મિકાન્ત બોલતાં અટક્યો. નલિન અધિરાઇથી બારણાં તરફ જોવા લાગ્યો! આવનાર મધુમતિ હતી અને તે બે ર્‌હાના પ્યાલા સાથે દાખલ થઇ.

વિચાર ગ્રસ્ત નલિને બ્હેનના હાથમાંથી પ્યાલો લીધો. મ્હેમાનને પ્યાલો આપતાં મધુમતિનો હાથ થડક્યો. પ્યાલો ધર્યો. મ્હેમાને પ્યાલો લેતાં રકાબી તળેથી બાળિકાની આંગ-

ળીને સ્પર્શ કર્યો. જાણે બેટરીના કરન્ટથી ચમકી હોય તેવી રીતે બાલિકાના હાથમાંથી પ્યાલો સર્યો તે મ્હેમાને ધર્યો. દ્દષ્ટે દ્દષ્ટ સંધાઇ. ચતુર મ્હેમાન આટલેથી વિરમ્યો. હતાશ બાળા ત્યાંથી નિઃશ્વાસ નાંખતી ચાલી ગઇ.

થોડિકવારે માજી તથા મધુમતિ અને સરલા આ ઓરડામાં દાખલ થયાં. ચ્હા પીવાઇ રહી હતી અને સીગારના ગોટા નીકળતા હતા આ સર્વેને દાખલ થતા જોઈ તેઓએ સીગાર બ્હાર ફેંકી દીધી.

ભાઇ ! આજની રાતતો આંહી રહેશો કે’ની માજીયે સવાલ કર્યો.

માજી ! ના આજ રાતે મારે મેલમાં મુંબઇ જવુંજ પડશે.

કારણ—રોકાઇ જાઓને. આવ્યા. આવ્યા

મેલતો મોડામાં મોડી. માજી. બને તો પહેલી ગાડીમાં જવા વિચાર છે મ્હને આવતી કાલે મુંબઇમાં ઘણું અગત્યનું કામ છે.

ત્યારે તો હું તમારા કામમાં આડે આવવા માંગતી નથી પણ સરલા તથા મધુસતિને સંબોધતાં કહ્યું બ્હેનો ! નીચે જુઓ રસોઇને કેટલી વાર છે ! વાર હોય તો જીજીને મદદ કરો.

બન્ને બ્હેનો ચાલી ગઇ એટલે વૃદ્ધાએ વાત ઉપાડી ભાઈ ! મારે એક ખાનગી વાત કહેવાની છે. આજ સૂધી આ ઓઠ બ્હાર એ નીકળી; નથી હવે એનો છુટકો નથી. જેટલું મોડું થાય તેટલું આપણાજ ગેરલાભમાં છે.

માજી ! આપ કાંઇ પણ ફીકર વગર જે વાત કહેવી હોય તે કહો. મારા બાપદાદાનો કોલ છે કે મારાથી બનશે તેટલી મહેનત કરી તેને પાર ઉતારીશ.

મને તે માટે ખાત્રી છે તેથીજ તમને આ વાત કહું છું. નલિન્ ! તું પણ ધ્યાનથી સાંભળ.

કલકત્તાવાળા બારોનેટ રાધાકિશનલાલનું નામ તો તમે સાંભળ્યું હશે? એના દીકરાનું નામ સત્યેન્દ્ર ?

નલિનભાઇના દાદા કે'ની. રશ્મિકાન્તે પ્રશ્ન કર્યો.

ભાઇ ! નલિનના દાદા ને રાધાકીશનલાલ બન્ને સગા ભાઈ

ઠીક, માજી ! ચલાવો.

એ સત્યેન્દ્ર અને નલિનના બાપ બન્ને સાથે સ્કુલમાં શીખતા હતા. ત્યાંથી બન્ને સાથે કોલેજમાં દાખલ થયા. તે વખતે સત્યેન્દ્રનું વય વિશ, એકવીશ વર્ષનું હશે, અને નલિનના બાપનું વય અરાડેકનું હશે. મ્હોટું ઘર અને મોભ્ભાદાર તેથી ન્યાતીલાની અવર જવર સરસાહેબને ત્યાં સારી રહેતી હતી. એવામાં એક વખત કોઇ કૃષ્ણારામ કરીને અમારી ન્યાતનો હશે તે તેની છોકરી સાથે કાંઈ કામ પ્રસંગે કલકતે આવ્યો અને સરસાહેબનો મ્હેમાન થયો. છોકરીનું નામ ગુણવંતી હતું અને નામ પ્રમાણે ગુણ અને સૌંદર્ય ઉભયનો સંગમ તેનામાં હતો. છોકરીની ઉમર આશરે પંદરેક વર્ષની હતી. સત્યેન્દ્ર અને નલિનના બાપ બન્નેની નઝર એનાપર ઠરી. આજ સુધી સગાભાઇથી પણ વિશેષ સ્નેહ રાખનાર બન્ને ભાઇઓમાં આ બાલિકાને જીતવાની સ્પર્ધાયે વિરોધ પડાવ્યો.

નલિનના પિતા સારી પેઠે જાણતા હતા કે સત્યેન્દ્રને ગુણવંતી મેળવવાનો વધારે સારો લાગ છે. અઢળક પૈસો, માન અને મરતબો—જ્યારે તેની પાસે પોતાના ગુણો, કેળવણી અને રૂપ. બન્નેની હરીફાઇ લાંબો વખત ચાલી અને આખર નલિનના પિતા ગુણવંતીને મેળવવા સફળ થયા; પણ એ જીત એની ખરાબીનું મૂળ થયું. સત્યેન્દ્ર અને તેઓ બન્ને છૂટા પડયા, તે પડયા. તેની ઘણી આજીજી છતાં આ જસુધી સત્યેન્દ્ર એ હારને ભૂલ્યા નથી. અને અમને મળવા પણ દેતા નથી. પણ લડાઇનું મૂળ કારણ ગુણવંતી વિવાહ જાહેર થાય તેટલામાં દેવલોક પામી પણ બન્ને કુટુમ્બીઓમાં સખ્ત વિરોધ પડાવતી ગઈ. સત્યેન્દ્રે ગમે તેવા ગપ ગોળા નલિનના પિતા માટે ચલાવ્યા. અને આબરૂ ઘણી હલકી પાડી નાંખી. સરસાહેબે મકાન છોડવાની ફરજ પાડી. ને કોલેજ પણ છોડવી પડી. એકતો ગુણવંતીના મૃત્યુનો માર તેમાં આ બધાં દુઃખો સાથે લાગ્યાં આવવાથી તેમનું કુમળું હૈયું ભરાઇ આવ્યું. મૃત માતા પિતા સાંભરી આવ્યાં. સગાંઓને આંખ શોધવા લાગી. આખર મુંબાઇમાં કોઇક એમનું દૂરનું સગું હતું. તેને પત્ર લખ્યો. જવાબ આવ્યો અને તે મુંબાઈ આવ્યા. તે સગાએ તેમને એક વેપારીને ત્યાં નોકરીએ રખાવ્યા. એ વાતને બે ત્રણ વર્ષ વીતી ગયાં. ગુણવંતીનો શોક જુનો થયો. એવામાં એક વખત મારા વાલી અને તેમને કાંઇક ઓફીસના કામ પ્રસંગે ઓળખાણ થઇ. ઓળખાણ વધતી ચાલી. તેઓ હમારે ત્યાં આવતા, જતા; ટુંકમાં

અમારા ઘરના જેવા થયા હતા. મારી વય ત્યારે, પંદરેક વર્ષની થઈ હતી. માબાપ વગરની છોકરીને કોણ લે એવા સંયોગે કરી હું અવિવાહિત હતી. ટાંક સંચો, એવો મળ્યો કે ભાઇને કોઇ દે નહી અને બાઇને કોઇ લે નહી. પણ જેને ત્યાં હું રહેતી હતી. તે મારા સગાની વહુ જે મારાપર માની જેવી મીઠી નજરથી જોતી હતી તેણે આવા નામજાદા વરને પસંદ કર્યો નહી. ગમેતેમ હો પણ મારા શુભ કર્મે એક મોડી રાત્રે મને મારો વાલી પોતાની સાથે લઈ નીકળ્યો. હું ઘણી ગભરાઇ; પણ એણે મને ધીરજ આપી. નીચે ગાડી ઉભી હતી તેમાં અમે બન્ને બેઠા. ગાડી સડસડાટ કરતી ચાલી. લગભગ રાત્રીના બેનો સુમાર થયો હશે, અને અમે કાળબાદેવીના લત્તાપર આવ્યા. ગાડી ઉભી રખાવી, અમે બન્ને જણ ઉતર્યાં, ગાડીવાળાને ભાડું ચુકાવી વિદાય કીધો. થોડાંક વાંક વળામણાં લઈ અમે એક ગલીમાં પેઠાં અને ઉંચાં જેવા દેખાતા માળામાં દાખલ થયા. ઝાંખા પ્રકાશથી ઉજાસમાન થતી સીડીયો ચ્હડતાં અમે ત્રીજે દાદરે આવ્યાં અને મારા વાલીએ એક ઓરડીના બારણાં ઠોક્યાં. 'કોણ' ના જવાબમાં 'કેશવપ્રસાદ' ઉત્તર મળતાં બારણાં ઉઘડયાં. અંદર હું શું જોઉં છું. નલિન ના પિતા અને લગ્ન વિધીનો સામાન તૈયાર કરતો ગોર. હું અજાયબ થઈ; પણ મને અંદર હડસેલવામાં આવી. બારણાં બંધ થયાં. અડધા કલાકમાં તો અમારાં લગ્ન થઈ ગયાં. કેશવપ્રસાદે વિધી પૂરી થતાં મ્હને કહ્યું 'સુશીલા! તારાં લગ્ન આમ કરવાથી તું અજાયબ થશે. પણ એમ કરવા માટે મ્હને

ઘણાં સબલ કારણો છે; તેથીજ આમ કર્યું છે. પણ ઇશ્વર કૃપા હશે તો થોડાક વખત પછી ફરીથી આ લગ્ન હું ઘણી ધામધુમથી કરીશ. પણ હાલ તરત તો આ વાત છાનીજ રાખજે'. કહાણીઓમાં વાંચેલી વાર્તા પ્રમાણે મારા લગ્ન થવાથી મને એક ઓર આનંદ થયો, પણ આવા ચોર લગ્નથી જે વિપત્તીઓ આવે છે તેનો મને ઘણો થોડો વિચાર આવ્યો. લગ્ન થયાં ને મેં ઘર છોડયું તે છોડયું. સ્હવારની ગાડીમાં નલિનના પિતા અને હું પુને ગયાં અને ત્યાં થોડો વખત થોભી અમે રાયપુર ગયાં ત્યાં પ્રથમ બાળકનો જન્મ થયો તે આ નલિન. બાળકના જન્મ પછી લગભગ છએક મહિને એક દિવસ તે રાતના કામપરથી ઉદાસ ચિન્તે ઘેર આવ્યા. મેંઘણા સંકલ્પ વિકલ્પ આ ઉદાસી ઉકેલવા કર્યાં પણહું સમજી શકી નહી. પછી સ્નેહ ભરી આંખે આ વેદનાનું કારણ પૂછયું. મમતાળ પતિયે હસવું આણતાં કહ્યું સુશીલા ! આપણે ફરી પરણવું પડશે. હું અજાયેબ થઇ. ફરી પરણવું શા માટે ! જો લગ્ન થયેલાં તે ન ગણી હવે થાય તે સાચાં ગણવાના હોય તો આ બાળકનું શું ! એ વિચારે હું ગભરાવા લાગી. પ્રેમાળ પતિયે મારો હાથ તાણ્યો 'દેવિ ! સમાચાર ખરે દુઃખદ છે પણ લગ્ન કર્યા વગર છુટકો નથી તું જાણે છે કે પ્રથમ લગ્ન આપણાં કેવાં સંજોગમાં ને કેવા સ્થળે ને સમયે થયાં હતાં. એ લગ્નના સાક્ષી ફક્ત તારો વાલીને પેલો ગોરજ હતા; પણ તેમા આજેજ મારા માણસ તરફથી કાગળ આવ્યો છે તેમાં જણાવે છે કે ગોર તેના દેશમાં

કોલેરામાં મરણ પામ્યો છે; અને તારા વાલીયે વેપારમાં કે સટ્ટામાં લાંબી ખોટ લાગવાથી મુંબાઇ છોડયું છે. પેપરો તો આપઘાત લખે છે; પણ એ સંશયાત્મકજ છે. મેં ગોરને માટે શક બતાવ્યો; પણ પતિયે મને પૂરતી સાબીતીયે ગોરના મૃત્યુની ખાત્રી કરી આપી. ભરદરીયે ડુબતાં ફક્ત અમારો ઉગરવાને આરો મારો વાલી હતો. બીજાં છોકરાં ગેરઆબરૂ, શરમમાં મરે તે કરતાં ફરી લગ્ન કરવા મેં કબુલ કર્યું. રાયપુરથી અમે મદ્રાસ ગયાં અને ત્યાં થોડી ઘણી ધામધુમ સાથે લગ્ન થયાં. આ લગ્ન પેપરદ્વારા, પત્ર મારફતે અમારી ન્યાતમાં સર્વ સ્થળે પ્હોંચ્યા. ભાઇ મારી! વાત લાંબી થઈ છે. તમે કંટાળતા હશો, પણ દયાવાન છો તો કૃપાકરી હવે એનો છેડો જે ઉપયોગી છે તે સાંભળશો. નલિન! ભાઈ, રડ નહી. હિમ્મત રાખ, કેશવપ્રસાદ કાંઇ મરી ગયો નથી. એનો પત્તો લાગે એમ છે.

ખરૂં છે નલિન ! તેને પૃથ્વીના પડમાંથી શોધી ક્હાડીશું.

ભાઈ! તેજ વાત હું કહું છું-હાલમાં મેં સાંભળ્યું છે કે કેશવપ્રસાદ મુંબાઇ આવ્યો છે. અને અવાર નવાર રાત વરત છુપાતો ઘેર આવે છે. તો ભાઇ નલિનને હું તમારી સાથે મોકલું છું. તમે બન્ને મળી તેનો બરાબર પત્તો મેળવો કે હું આવી તેની પાસેથી લગ્નની સાબીતી લઇ શકું.

આ લાંબો વખત સુધી રશ્મિકાન્ત એકે ચિત્તે સાંભળતો હતો. મનમાં કાંઈક યોજનાઓ ઘડતો હતો. નલિન આટલો વખત હતાશ દેખાતો હતો.

'માજી ! આપ આ બાબત બે ફીકર રહો, જો કેશવ-પ્રસાદ જીવતોજ હશે તો તો પત્તો મેળવવો સ્હેલ છે. પણ જો એકવાર એ મરી ગયો હશે કે'ની તો એ પુરાવો મેળવવો મુશ્કેલ નથી.

ભાઈ! ઇશ્વરે ખરે અમને મદદ કરવાજ તમને સર-જ્યા હોય તેમ લાગે છે.

સરલા આવી 'મા! જમવાની વખત થઇ છે.'

'આવીયે છીયે' તે સાથે સર્વ ઉઠયાં.

જમણ જલ્દી પુરૂં થયું. સૌ સૌના ચિત્ત કાંઈ કાંઇમાં પરોવાયેલાં હતાં.

ઘડીયાલમાં નવનો ટકોરો થયો. રશ્મિકાન્તે નલિનને તૈયાર થવા કહીને તે નીચે ઉતર્યો.

પ્રકરણ ૩ જું.

પ્રયાણ.

The devil can cite Scripture for his purpose
An evil soul, producing holy witness,
Is like a villain, with a smiling cheek—
A goodly apple, rotten at the heart:—
Oh ! what a seemly outside falsehood hath !

SHAKESPEARE.

ગુણોની ગણત્રીમાં પ્રેમની ગણના કરવા માટે એરીસ્ટોટલ સત્ય હતો એ નિઃસંશય છે. યૌવનને આંગણે ઝૂકતી સૌંદર્યમયી બાળામાં મદન-વેલી વળે તે અતિશય કોમળ હોય છે. તે વેલીના પોષણ માટે-રક્ષણ માટે બાળા અહર્નિશ વિચાર ગ્રસ્ત લાગે છે. પોતાને તે ભૂલવા માંડે છે, પ્રિયતમને સ્મરવા માંડે છે.

આવો કાંઇક સ્નેહ મધુમતિ રશ્મિકાન્ત માટે અનુભવતી હતી.

ક્વચિતજ મધુમતિ અને રશ્મિકાન્તનો એકલો મેળાપ થતો; અને જો થતો તો ફક્ત મીઠી નજરથીજ પૂરો થતો.

ઘણુંખરૂં **મધુમતિ** એકલીજ ન હોય. સાથે કોઈ હોય ને હોય.

અત્યારે **મધુમતિ** એકલી આવતી હતી. અને ગયા પ્રકરણમાં કહ્યા પ્રમાણે રશ્મિકાન્ત નીચે ઉતર્યો. બન્નેની નજર એક થઇ. **મધુમતિ** આટલાથી સંતોષ પામી જરા ઝડપથી ચાલી. પણ રશ્મિકાન્ત દાદરમાં હતો; અને ઉપર જવું તે એના સાથે અડયા વગર જવું મુસ્કેલ હતું. બાળા ઉભી રહી. મળેલી તકનો ઉપયોગ કરનાર રશ્મિકાન્તે તે નિર્દોષ બાળાનો હાથ પકડયો

મધુમતિના આખા શરીરમાં તનમનાટ પેદા થયો. મદનરાજના દુંદુભિ ગડગડવાં લાગ્યાં. બાળા પ્રસ્વેદથી ભીંજાવા માંડી. પ્રિયતમનો સ્પર્શ—મોંઘી ઘડી—જીંદગીનું ન અનુભવેલું સુખ બાળા અનુભવવા લાગી.

રશ્મિકાન્તે **મધુમતિ**ને દાદરની ઓથમાં લીધી.

'**મધુ** ! મારી વર્તણુકથી તને નવાઇ લાગશે. પણ મારો સ્નેહ હું જીરવી ન શકયો તેથીજ આ પગલું લઉ છું. આજ સ્હાંજની દરવાજા પાસેની તારી નઝર, વ્હાનો પ્યાલો આપતી વખતનો આંગળીનો સ્પર્શ, જમતી વખતે પીરસતાં તારૂં મંદ હાસ્ય, એ હું **સમજી** શકયો છું. અને સુંદરી ! મારા બાપદાદાનો કોલ છે કે જેવો તારા હૃદયમાં મારે માટે સ્નેહ ઉભરાય છે, તેવાજ પ્રમાણમાં આ હૈયામાં પણ તે દેવ વિરાજે છે.

મધુમતિ કાંઇક બોલવા જતી હતી. પણ તેટલામાં રશ્મિકાન્તે એક ચુંબન લીધું. બાળા સ્નેહસ્વર્ગે રહડવા લાગી.

ફરી-આવીશ, સંભારજે.

કહેતાં રશ્મિકાન્ત ચાલ્યો. પણ બાળાના ભાવ જાણવા વારે ઘડીયે નઝર નાંખતો ચાલ્યો.

મધુમતિ શું બન્યું ! તેના વિચારમાં પડી. કાંઇક મુંઝાવા લાગી. સ્પર્શ સુખ અનુભવવા લાગી. કલ્પનામય તરંગોમાં ઝુલવા લાગી.

એટલામાં ઉપરથી નલિન, માજી તથા સરલા ઉતરતાં સાંભળી બાળા સજ્જ થઇ. કાંઈ બન્યું નથી એવો ભાવ ધારણ કરી, જાણે તે રસોડામાં કામે ગઇ હતી ત્યાંથીજ પાછી આવતી હોય તેમ દાદરપર ચ્હડવા લાગી.

'ભાઇ-ફ-તેહ-શુકનમાં બ્હેનજ સામી મળી છે' સરલાયે હસતાં હસતાં કહ્યું.

માજીયે પણ શુકન સારાં ગણ્યાં. નલિન શુભ શુકને ખુશી થયો.

મધુમતિએ કહ્યું 'ભાઈ! ફત્તેહ! પ્રભુ સદા તારૂં રક્ષણ કરો.'

બ્હેનની આશિષ માથે ચ્હડાવું છું.

મધુમતિ સર્વની સાથે નીચે ઉતરી. સર્વ બંગલાના બારણા પાસે આવ્યાં. રશ્મિકાન્ત સીસોટીમાં ગીત ગાતો ઉભો હતો.

'ભાઈ!' માજીયે શરૂ કર્યું. જુઓ મારા નલિનને તમને સોંપું છું. તમે જેવી રીતે સંભાળ લેતા આવ્યા છો-તેવી રીતે લેશો એવી મને ખાત્રી છે; પણ આખર માનું હૈયું...

'માજી ! નલિન મારા ભાઇ જેવો છે. આપ એને માટે બેફીકર રહો. એની સાથે દગો કરશે તેની સાથે પ્રભુ દગો કરશે.'

'પણ ભાઈ! મોટા શહેરમાં લાલચ, ફસામણાં એ ઘણાં.'

'માજી ! હું એવાનો ભોમીયો છું. નલિનના એક બાલને ઈજા આવે તે કરતાં આ મારૂં માથું ધડથી જૂદું થયેલું હું બ્હેતર સમજું છું. માજી ! વિશ્વાસ–તમારા કુમળા બાળકને મને સોંપો છો તો એક સાચા સ્નેહી તરીકે મારી ફરજ છે કે આ કુમળા બાળકને સારે રસ્તે વાળવો અને એના પિતા કરતાં અધિક ચળકે એવું બનાવવો. માજી વધારે શું કહું ! હું કહેવા કરતાં કરનારો માણસ છું.'

'ભાઈ! મ્હને તમારી પૂરી ખાત્રી છે; પણ મેં કહ્યું ને માનું હૈયું હમેશાં શંકામય રહે છે. પણ મ્હને તમારો પૂરો વિશ્વાસ છે. તમેજ આ ભર્યા સંસારમાં અમારા હિતેચ્છુ છો. આંખમાં આંસુ આણતાં માજીએ અગાડી ચલાવ્યું. આજ ત્રણ વર્ષના વ્હાણાં વાયાં. પણ નલિનના પિતા મુંબાઇ ગયા ત્યાંથી પાછા આવ્યાજ નથી. પ્રભુ જાણે કયાં ગયા હશે. કાગળોયે કેટલા લખ્યા હશે. પણ કાંઇ ખર ને ખબર ન મળે.

'મા! એ વાત બંધ કર.' નલિને દુઃખી થતાં કહ્યું.

'મા! આવે પ્રસંગે આંસુ ન સાર.' સરલાયે ટેકો આપ્યો.

'માજી! ગઈ ગુજરી વિસારો. અને હવે નલિનને હસ્તે મ્હોડે વિદાય આપો. ગાડીનો વખત થવા આવ્યો છે. કહેતાં રશ્મિકાન્ત નીચે ઉતરવા લાગ્યો.

એવામાં વિચારગ્રસ્ત **મધુમતિ** પ્રિયતમને જતો જોઈ જરાવાર નેહભર્યો નીહાળી લેવા, રોકવા–બોલી 'ભાઇ, મ્હેમાન પાસે તો ઘોડો છે. તું **સુર્યપૂર** સૂધી કેમ જશે?

મહેમાન બોલતાં બાળાંની જીભ લથડી.

'**મધુ** ! **મેશ્વાને** કાંઠે મેં એક ઘોડો મંગાવ્યો છે. અને સમજો કે તે નહી આવે તો હું એવો પાપી નથી કે **નલિનને** ચાર પાંચ માઇલિ આવી રાતે ચલાવું' બોલતાં બોલતાં રશ્મિકાન્તે એક નઝર ફેંકી.

નલિન પણ પગથીયાં ઉતરવા લાગ્યો. સર્વ ધીમે ધીમે ઉતરવાં લાગ્યાં. દરવાજા પાસે આવ્યાં. રાવ ઘોડાને લઈ બ્હાર ઉભો હતો.

'ભાઈ આવજો, સાચવજો, સંભારજો, એવાં એવાં વાકયોએ કરી બ્હેનોયે તથા માએ પુત્રને પાઠવ્યો. આંખો તાણી જોવાય ત્યાં **સુધી** ત્રણે જણાં જોતાં ઉભાં રહ્યાં. આખર થાકી દરવાજો **રાવને** બંધ કરવા કહી અંદર વળ્યાં.

પ્રકરણ ૪ થું.

રસ્તામાં.

Are the days then gone, when on... ... ... heath we flashed our nags?

Paul Clifford.

રશ્મિકાન્તના હાથમાં ઘોડાની લગામ હતી. ઘોડો પછાડી ખંખારતો ચાલતો હતો. તે ઝીણા સાદે નાટકીયું ગીત લલકારતો હતો. નલિન વિચારગ્રસ્ત હતો. કેટલીક વખત આ રસ્તેથી પસાર થયેલા તેથી કુદરતનો દેખાવ જોવાની થોડીજ દરકાર હતી.

થોડોક વખત આમ શાંતિમાં પસાર થયો.

રશ્મિકાન્ત! જીવણ ઘોડા લઇ આવશે ખરો કે? નલિન ગાઢ નિદ્રામાંથી જાગતો હોય તેવા ભાવે પ્રશ્ન કર્યો.

'જરૂર આવવાનો—એ બોલે તે પાળે એવો છે. ને મેધા હવે ક્યાં દૂર છે. જે હશે તે હમણાં જણાશે.'

થોડીક વધૂ વાર તેઓ ચાલ્યા અને મેધા પાસે આવી પ્હોંચ્યા. ઉન્હાળાના દિવસમાં નદીમાં છાછરૂં પાણી રહેતું, પણ હાલમાં ઉપરવાસ સારો વરસાદ થવાથી મેધામાં પાણીનું જોર હતું.

આહીં પણ વરસાદના અવારનવાર ઝાપટાં આવતાં, પત્થરમાંથી પાણી વહેતું હોવાથી અવાજ વધારે થતો હતો. નદીની પેલેપાર જવાને કાચો પૂલ બાંધેલો હતો—જે શીયાળો, ઉન્હાળો વાપરી શકાતો, ચોમાસામાં હોડીમાં જવું પડતું. કારણકે ડુંગરાના પાણીનો ભરાવો સારો રહેતો હતો. બન્ને જણા પૂલપર આવ્યા અને આંખ તાણી જીવણને જોવા લાગ્યા. પૂલ ઉતરી રહ્યા. આખર જીવણ જણાયો.

'કોણ! કાન્તભાઇ કે?' જીવણે પૂકાર કર્યો.

'હા. દીલોજાન દોસ્ત.' રશ્મિકાન્તે જવાબ વાળ્યો.

નલિને જીવણ સાથે હાથ મીલાવ્યા. સીગારો નીકળી અને ધુમાડા ગગન વાટે જવા માંડયા.

'કેમ નલિન! જોયું કે'ની જીવણનો બોલ. સોનાનો મોલ બરાબર છે.'

'ખરૂં રશ્મિકાન્ત! જીવણદાસ પ્રભુએ તમને કાંઇક અજબ ભેજું અને શક્તિ આપેલાં છે.

'આ માન માટે હું તમારો આભારી છું.'

જીવણ બે ઘોડા લેતો આવ્યો હતો. એટલે ત્રણે જણાએ ઘોડાપર સ્વાર થઈ ચાલવા માંડયું. રાત્રીનો અંધકાર વધતો હતો. તમરાંનો અવાજ કાનને કર્કશ લાગતો હતો. પવન પણ જરા જોરથી ફુંકાતો હતો.

'કાન્તભાઇ જો વરસાદ આવ્યો કે'ની તો સવાર થતાં એ સુર્યપૂર પ્હોંચવું મુશ્કેલ છે.' જીવણે સીગારના ધુમાડા કહાડતાં કહ્યું

'રામ રામ, કરો, રામ, રામ, વરસાદ કેવો. એ તો ઉપરવાળો આપણુને સહાય છે. એમજ માનો ને.

ખીસાં ખાલી ને ભરમ ભારી. મહેરબાન ! વાતો બડી બડી છે. પણ પેલા ધનપાળ કયાં છે.

અરે. એ એ આવશે. ધીરજ રાખને કાકા–મારા.

આપણે તો વાણીયાભાઇ. પેલાં એની ત્રેવડ કરી વેપાર બેડીએ એવા. આગળ જઈ પાછા પડીયે તેવા શા કામના.

'હા–બાપુ–હા. ડાહીમાનો દીકરો વાણીયો. તને જાણ્યો. ખરાં રજપૂત લોહીને શરમાવે એવાં કામ કરતો રહે છે ને વળી પાછો કાલીનો વાણીયો.

'એતો પડી પટોળે ભાત–ફાટે પણ ફીટે નહી'

'જીવણ ! ખરે તું અજબજ મૂર્તિ છે' નલિને કહ્યું.

'થેંકયુ–સર. આભાર માનું છું.'

વાત કરતાં, કરતાં, તેઓ થોડુંક અગાડી ચાલ્યા. રાત્રીમાં અંધકાર હતો, તેવો નલિનના હૃદયમાં એકાએક સ્યામ આવરણ આવતું હોય તે પ્રમાણે તેને થવા લાગ્યું. હાથમાંથી લગામ ઢીલી પડી. કપાળપર પરસેવાની ટસીઓ આવી અને મોટેથી બોલાઈ જવાયું. હા–તેજ જગ્યા–પેલું કરપીણ ખૂન, મારી શાંતિ હરનાર. રાત દિવસ મારી પાછળ ભમતું–અને ભમાવતું. ઓ પરમેશ્વર.......

નલિન લગભગ નીચે પટકાઈ પડવાની અણીપર હતો પણ રશ્મિકાન્તે સમય સુચકતા વાપરી તેને સીદ્ધો કર્યો.

ત્રણ, ત્રણ, વર્ષ થયાં હજી મારી આંખ અગાડી એ દેખાવ તરે છે–નઝરે ન્હો છે ઓ.....

નલિન, નલિન ! શાંત થા, છોકરી બન નહીં. આવું તારૂં પોચું હૈયું છે તો ભલો થઇ ઘેર જા. કરોડો રૂપીઆ મેળવવાની લાલસા છોડી ઘેર જા. રસ્તામાં આવી વાત. નલિન ! કોઇ સાંભળે તો સુર્યપુર પોલીશના એસકોર્ટ સાથે જઇયે તેમાં શી નવાઇ ! નલિન ! હું તને ફરી કહું છું કે તું છોકરી છે. જા–ઘેર–જા.

નલિનને હીચકારાપણા માટે લાગી આવ્યું. તે બોલ્યો.

'રશ્મિકાન્ત ! નહી, નહી, મારૂં હૈયું વજ્ર જેવું કઠણ છે. ફક્ત વાત યાદ આવી ને મારૂં હૈયું કમ્પ્યું.

રશ્મિકાન્ત નલિનને ખોવા રાજી નહતો; તેથી કોઇ વખત ઠપકો કોઇ વખત ઝેરની ગોળી ગોળમાં ભેળી–એવી એવી રીતે નલિનના ડગમગતા હૈયાને પાછું ઠેકાણે આણતો.

રશ્મિકાન્ત ! છું હું બાળક–મને વર્ષો ઘણાં ઓછાં થયાં છે પણ–'રણ વચ્ચે પડે બૂમડી ત્યાં જોજે મારો હાથ' તેમ તમે જોશો કે નલિન પણ સિંહનું બચ્ચું છે.

રશ્મિકાન્તે તથા જીવણે ચેલાની પીઠ થાબડી.

થોડીક વખત શાંત ચાલ્યા તેટલામાં ઘોડાના પગલાં સંભળાયાં.

જીવણ ! સુર્યપૂર તરફથી કોઈ ઘોડેસ્વાર આવતો લાગે છે?

નસીબ અજમાવશું. જીવણે તરતજ સવાલ કર્યો.

તારી શી મરજી છે?

મરજી, કાકા સાહેબ ! ખીસાં ખાલી છે. આપણી મુંબાઇની યોજનામાં ધનપાલ શેઠની જરૂર છે.

નલિન! માણસ બન, રશ્મિકાન્તે કહ્યું.

અરે પણ શા માટે ન્યાયના છટકામાં સપડાવવાનું કરો છો. કાલ સ્હવારે તો આપણે—

જીવણ! આ છોકરાને જલ્દી પેલી તરફ હાંક. હું હમણાં ઘોડેસ્વારની ખબર લઇ આવી પ્હોંચું છું.

મરી જાઉં તો જાઉં નહી જીવણે જવાબ આપ્યો.

ઘોડેસ્વાર પાસે ને પાસે આવતો સંભળાયો.

જા, જીવણ. હુકમ કરૂં છું કે જા.

જીવણને હુકમ માનવો પડયો. નલિનને ઘોડો ચમકાવવા કહ્યું. બન્ને જણે ઘોડા દોડાવ્યા અને આવતા ઘોડેસ્વારની બાજૂએ થઇ પુરપાટ ચાલી ગયા. થોડે દૂર ગયા અને થંભ્યા.

આ વખત રશ્મિકાન્ત રસ્તાની બરાબર વચ્ચે ઉભો હતો. રાત ફાલફીલા અંધારી હતી. માણસનું મ્હોડું સુઝવું એ મુસ્કેલ હતું. રસ્તાની બન્ને બાજુએ ખાડા હતા અને ઝાડોની ઘટા આવી રહી હતી.

રશ્મિકાન્ત રાહ જોતો ઉભો. ઘોડેસ્વાર નિર્ભય ચાલ્યો આવતો હતો. બન્ને પાસપાસે થયા. રશ્મિકાન્ત જીનમાં જરા ઉંચો થતો બોલ્યો ખડા રહો.

લૂચ્ચા-લૂંટારા ઘોડેસ્વારે બૂમ પાડી અને પીસ્તોલનો પ્હાર કર્યો.

થોડે દૂર રશ્મિકાન્તની રાહ જોતા ઉભેલા જીવણ અને નલિને પીસ્તોલનો અવાજ સાંભળ્યો.

નલિન! કાન્ત કાકા પાસે હથીઆર છે કે ?

મારા જાણ્યા સૂધી તો નથી.

દોડ ત્યારે

બન્નેએ ઘોડા દોડાવ્યા. અને તે જગ્યાપર આવી પ્હોંચ્યા.

રશ્મિકાન્તને ઘોડેસ્વારે હેઠળ ફેંકી દીધો હતો, અને તેને પકડવા માટે તે ઘોડાપરથી ઉતર્યો હતો. રોજના મ્હાવરા વાળા માટે આ કામ સ્હેલ હતું. આ જોતાંજ જીવણ તરતજ ઘોડેસ્વારપર કૂદયો અને ઘોડેસ્વાર પોતાને સાચવે તે પ્હેલાં તેને જમીનપર પટકી નાંખ્યો.

રશ્મિકાન્ત ઉભો થયો. ઘોડેસ્વારના ગજવાં ફંફોસ્યા.

ચાલો—ચાલો બધું બરાબર છે.

ઘોડેસ્વાર મર્યો તો નથી? નલિને પૂછ્યું.

ના, ના, હમણાં હરામજાદો વાઘ પેઠે કૂદશે.

દોડો, દોડો, ઘોડાપર જલ્દી જલ્દી.

ઘોડેસ્વાર જમીનપર પટકાયલો રહ્યો અને ત્રણે જણા લૂંટથી ખુશ થતા ઘોડા દોડાવતા રસ્તે પડયા.

થોડેક દૂર ગયા ત્યાં રસ્તાની બાજુએ બાવાની ઝૂંપડી આવી. રશ્મિકાન્તે ઉભા રહેવા ફરમાવ્યું.

ઘોડાઓ અંહી છોડવા સારા છે. વખત છે, ઘોડાને લીધે પકડાઈ જઇયે; સુર્યપૂર હવે બહુ દૂર નથી તો.

પણ કયો ભૂતનો સાળો આ ઘોડાને આંહી સંઘરવાનો છે?

રશ્મિકાન્ત કામ કદી અડધું કરતો નથી.

એમ કહેતાં સાથ તે ઉતર્યો અને ઝુંપડીના બારણાં ઠોકયાં.

ટકોરાના અવાજ સાથે બારણાં ઉઘડયાં અને એક અલમસ્ત બાવો બ્હાર આવ્યો.

ગંગાદાસ ! આ ઘોડાને ભોંયરામાં ઉતારી રાખ. બે દિવસમાં આવી લઇ જઇશ. જો જલ્દી ઉતારી દે. જય સચ્ચિદાનંદ.

રશ્મિકાન્તે બે રૂપીઆ બાવાના હાથમાં મૂકયા અને બાવાએ ઘોડાને ઝુંપડીની બાજુએ દોર્યા.

કાકા સાહેબ ! ગંગાદાસ મહારાજને કહોને કે દીવો લાવે તો જોઈ લઇયે કે લૂંટ કેટલાકની થઈ છે, જીવણે કહ્યું.

અરે જોવાય છે યાર, નોટના ચોડા છે.

ત્યારે તો સવાર થતાં વટાવી નાંખવા પડશે.

તૂં બેફીકર રહે બધું મારાપર છોડજે.

સારે રશ્મિકાન્ત ! કાલ સ્હવારે મુંબાઇમાં આપણે પેલા નાપાક કેશવપ્રસાદની શોધ કરીશું.

કોણ કેશવપ્રસાદ ! જીવણ બોલ્યો પેલો શેરસટ્ટામાં ખુવાર થયો તે કે'ની ?

ખુવાર થયો અને ખુવારી કરતો ગયો. બડો બદમાશ હરામખોર.

ખરૂં છે નલિન ! બદમાશ તો બદમાશ પણ બડો જુઠ્ઠો મારી સાથે આ ધંધામાં એ પણ જોડાયેલો હતો. પણ દર ફેરી એ મારી સાથે દગો રમવા લાગ્યો. અમે બન્ને છુ

પડયા. અને થોડાજ વખતપર સાંભળ્યું કે સાબરમતીની જેલમાં તેને ફાંસીએ લટકાવ્યો છે.

ઓ પ્રભુ! આ શું હું સાંભળું છું.

નલિન રશ્મિકાન્તપર ઢળ્યો. આ વાતમાં ને વાતમાં તેઓ ઝુંપડીથી ઘણેક દૂર ચાલી ગયા હતા.

નલિન ! હિમ્મત રાખ. મારી શીખામણ યાદ કર. મુંબાઈની આપણી યોજના તાજી કર. તારી નામના થશે તેનો વિચાર કર. અને કરોડો રૂપીઆની દોલત તારા પગમાં પડશે.

એ સઘળું ખરૂં. પણ મારી મા.

એ તું મારે માથે છોડ. પણ સાંભળ જીવણ ! ઘોડાની પડઘીઓ સંભળાય છે. માર્યા. પકડાયા.

ઝાડીમાં દોડો. જલદી દોડો. જીવણે બૂમ મારી.

પણ આ શીખામણનો અમલ થાય તો પ્હેલાં તો છ ઘોડે સ્વારો આવી પ્હોંચ્યા અને ત્રણે જણને કેદ કીધા.

નલિન અને જીવણ ગભરાઇ ગયા—પણ રશ્મિકાન્ત ગુસ્સાથી બોલ્યો ફોજદાર સાહેબ ! તમ ભુલ કરતા લાગો છો. આ અપમાનનો જવાબ આપવા તમે બંધાયેલા છો.

' અપમાન ! લૂચ્ચાઓ. તમને બરાબર ઓળખીયે છીયે. હમણાંજ તમે અમારા સુપરીનટેન્ડન્ટ સાહેબને લૂંટયા. રાત અંધારી ન હતે તો જરૂર તમારા ડોકાં ત્યાં ધૂળમાં રગદોળાતાં હતે. એતો સારૂં થયું કે અમે કામપર ત્યાંથી જતા હતા તે મેળાપ થયો. અને તમને પકડી શક્યા છીયે. ચાલો. પોલીસ ચોકીપર.

ઘણું સાંભળ્યું—ફોજદાર ! હું આવા અપમાનને કદી ટેવાયલો નથી. તમે મારી સાથે પેલા દીવાપાસે આવો. હું તમારી ભૂલ ભાંગું છું.

સાબ! ગુનેહગાર આટલી હિમ્મતથી બોલે નહી. વખત છે કોઇ લહેરીલાલ ઝવેરી હશે. અને સારો માણસ હશે તો નાહક માર્યા જશું માટે જઇને શું કહે છે તે સાંભળોતો ખરા એક સીપાઈયે કહ્યું.

ફોજદારને આ દલીલ સાચી લાગી એક સવારને રશ્મિકાન્તને દોરડાથી સખ્ત બાંધી સાથે લેવા કહ્યું—બાકીના સ્વારોને એ જણને સાચવવા રાખ્યા.

નલિને અપકિર્તી અને મૃત્યુ આંખ અગાડી તરતાં જોયાં. જેલના અનુભવી જીવણનું મન મુંઝાયની યોજના પડી ભાંગશે જોઇ ખાટું થયું.

દશેક મીનિટમાં ફોજદાર, રશ્મિકાન્ત સાથે આવી પ્હોંચ્યો. રશ્કિાન્ત છુટો હતો.

કમાલ ! બન્ને ને છોડી મૂકો. આપણી ભૂલ થઈ છે.

ફોજદારે નીચા વળી સલામ કરતાં કહ્યું જો, જો, સાહેબ ! અમારા નામ ન આવે. અમારી ચોખ્ખી ભૂલજ હતી. અમને ખબરજ નહી.

ફોજદાર તથા સ્વારો સલામ કરતા ઘોડા દેડાવી ગયા, અને થોડી વારમાં દૂર નીકળી ગયા.

કાકા ! તે બાળા ધગડાઓને કેમ વિદાય કીધાં. જીવણે પૂછ્યું. નલિન હર્ષતરંગે ઉછળતો હતો.

બહુ સરસ રીતે રશ્મિકાન્તે જવાબ આપતાં કહ્યું પરમ દિવસે મુંબાઇમાં મ્હને અનાયાસે એક મ્હોટા માણસ સાથે ઓળખાણ થઈ. તેણે મ્હને એડ્રેસમાં ત્હેનું કાર્ડ આપ્યું. મેં કાર્ડ બતાવી દમમાંને દમમાં હું તેજ છું તે જણાવ્યું. અને ફક્ત જરા સહેલ ખાતર નીકળેલા તે પણ કહ્યું. ફોજદારના હાજાં ગગડી ગયાં, અને વિનવવા લાગ્યો કે રખેને હું એના ઉપરી અમલદારને વાત કરૂં, આપણે પણ દાણો દબતો જોઇ આ વાત કોઇને ન કહેવી એવા સોગન ખાધા.

શાબાશ, કાકા! શાબાશ.

અક્કલના જમાના છે. રશ્મિકાન્ત! તમે જો ન હતે તો અમે તો અત્યારે ઠીક શેકાતા હતે.

આડી અવળી વાત કરતાં તેઓ સુર્યપૂરને કાંઠે વહેતી નદીના કિનારે આવી પહોચ્યા. ટાવરમાં બારનો ટકોરો થયો. ઘણાને ગાઢ નિદ્રા ચાલતી હશે, તો યે આ વખતે પુલપર સહેલાણીઓ નાટકનાં ગાયનો ગજાવી રહ્યા હતા. વાંસળી, પાવા પણ વાગતા હતા.

પુલ ઓળંગી આ બાજુ આવ્યા. એક જતી ગાડીને બોલાવી લીધી. ત્રણે જણા અંદર બેઠા. ગાડીવાળાને સ્ટેશને હાંકવાનો હુકમ કર્યો.

ગાડીમાં આડી અવળી વાતો થઇ. સ્ટેશન આવ્યું. ત્રણે જણા ઉતર્યા. ભાડું ચુકાવી, ગાડીવાળાને વિદાય કીધો.

સ્ટેશનની સ્હામા વિશીઓની લંગાર આવેલી છે તેમાં ની એકમાં તેઓ પેઠા અને ચ્હા અને ચેવડાથી ભૂખ મટાડી સ્ટેશનપર આવ્યા. ટીકીટ લઇ મુંબાઇ જતી પંજાબ એકસપ્રેસમાં ચડી બેઠા.

પ્રકરણ ૫ મું.

સ્નેહના સંભારણા.

Love rules the court, the camp, the grove,
And men below, and saints above;
For love is heaven, and heaven is love!

Scott.

What equal tormente toe the grief of minde,
And lying anguish hid you gentle hearte,
That only feedes itself with thoughts unkinde,
And nourisheth her own consuming smarte.

Spenser.

બીજે દિવસે સ્હવારે સુશીલાએ એક પત્ર સર સત્યેન્દ્રપર લખ્યો.

સર સાહેબની સેવામાં

રાજપુરથી લખીતંગ હતભાગી સુશીલાના પ્રણામ.

આ જીંદગીમાં કોઇ દિવસ આપ સાહેબે અમને કોઇ પણ રીતે ન મળવાનો પક્કો ઠરાવ કરેલો છતાં સ્નેહી ભાઇ રશ્મિકાન્તની અમારા ભલા માટે આજીજી જોઇ આપે જે અમને આવક બાંધી આપી છે. તે જોતાં એમ લાગે છે કે આપનું હૃદય દયાવાન છે. અને તમારા ગાઢ સ્નેહી અને સગાંના બાળક તરફ આપ સાહેબની મમતા છે.

આપ હિન્દુ કુટુંબનો ખરચ સારી રીતે જાણી શકો છો. માથે વડીલ નહી તેથી નલિન પૂરતી કેળવણી લઈ શકયો નથી. આપ સાહેબને વિદીત હશે કે તેઓનો આજ ત્રણ વર્ષ થયાં બીલકુલ પત્તો નથી. તો ફરી આપને અરજ ગુજારવાની કે આપ આપનો વગ ચલાવી નલિનના પિતાની શોધ કરાવવા કૃપા કરશો.

બીજું. છોકરાં ઉમ્મર લાયક થયાં છે. લગ્ન વિગેરેના ખર્ચ માથે ઝઝુમે છે. પણ એ વાત બાજૂએ મૂકતાં ચી. મધુમતિને એની માસી વડોદરે બોલાવે છે. ત્યાં ગયા વગર છુટકો નથી પણ જવું એટલે પૂરૂં થતું નથી. સારે ઘેર જવામાં કપડાં લત્તાં સારાં જોઇયે. વિગેરે. માટે કૃપા કરી થોડુંક મોકલાવશો તો અનહદ ઉપકાર થશે.

વારે ઘડીએ આપને પૈસા સંબંધી ત્રાસ આપતાં મને ઘણી શરમ આવે છે. પણ ન છુટકે આપને લખવું પડે છે. એજ પત્રનો જવાબ આપવા કૃપા કરશો.

લાંબો વિચાર કરી વૃદ્ધાએ પત્ર સર સત્યેન્દ્ર પર લખ્યો કારણ કે મધુમતિને વડોદરે જવું હતું તેના ખર્ચ માટે ચિંતા હોવાથી આ કૃપીણ મનુષ્યને અરજ કરવાની હતભાગી સુશીલાને ફરજ પડી હતી.

એક અઠવાડીયું કાગળના જવાબની રાહમાં પસાર થયું. સૌની અજાયબી વચ્ચે દમ આખરનું અઠવાડયું પસાર થવા પછી બીજે દિવસે સવારે પત્ર આવ્યો. વૃદ્ધાએ કેટકેટલી કલ્પનાઓ કરી પત્ર લઈ ઉખેડયો. બન્ને બ્હેનો અજાયબીથી

પત્રને જોવા લાગી. વૃદ્ધાએ વાંચી; હર્ષભર્યા મને મધુમતિને વાંચી સંભળાવવા આપ્યો.

સત્યેન્દ્રના શુભાશિષ. તમારા પત્રના જવાબમાં હું રૂ. ૧૦૦) ની નોટ બીડું છું. વધારે મોકલતે પણ મારી નાણાં સંબંધી સ્થિતી લોકો ધારે છે એવી નથી. તોપણ ભવિષ્યમાં બહુ સખ્ત ન હોય તેવી પૈસા સંબંધે તમારી માંગણી હું કબૂલ કરવામાં પછાત નહી પડું. છોકરાંઓ સૌ આનંદમાં હશે. એજ.

રાજમહાલ

મા! ખરે, વખત સર્વ રોગનું મોટું ઔષધી છે. પત્થર જેવા પત્થરો પીગળે તો આ તો માણસ. મધુમતિયે કાગળ પૂરો કરતા કહ્યું.

મા ! ભાઇનો પત્ર કેમ નથી ? આજે જરૂર એને લખવો પડશે. સરલાયે કહ્યું.

આવી વાતો ચાલતી હતી. પૈસા સંબંધે તરતની તો આપદા ટળેલી જોઇ સૌ કોઇ આનંદમાં હતાં. તેવામાં રાવે આવી મહેમાન આવ્યાની ખબર આપી.

મધુમતિ ને મ્હેમાન નામ સાંભળતાં રશ્મિકાન્ત નજર આગળ તર્યો.

માજી તથા બન્ને બ્હેનો મ્હેમાન ને લેવા નીચે આવ્યાં. સુશીલાયે પોતાની સહીયરને ઓળખી. બન્ને ભેટયાં.

મોટી બ્હેન ! તું આખર આવી. સુશીલાયે કહ્યું.

માસી ! તમારીજ રાહ જોતાં'તાં મધુમતિયે કહ્યું.

માસી ! હવે આવ્યાં આવ્યાં તો રહેજોજ. નહી જવાદઉં” સરલાએ ટહુકો કર્યો.

આવનાર બાઇ સર્વને વારા ફરતી ભેટી; અને સૌ ઉપર વ્હડયાં. પાર્વતીનું વય આશરે ત્રેત્તાળીશ વર્ષનું હતું. શરીરે ભારે ખામણી હતી. મુખ ગોળ અને ઘાટસર હતું. પણ તેમાં વૈધવ્યના દુઃખોની રેખાં તરતી હતી. પાર્વતી અને સુશીલા કાંઇ એક ન્યાતનાં નહોતાં પણ ફક્ત બાળપણના સ્નેહને લીધે એક એકને સગીબ્હેન માફક ચ્હાતાં હતાં. બાળપણામાં બંધાયેલો નિર્દોષ સ્નેહ વખતના વહેવા સાથે ગાઢ થયો, અને સગાં કરતાં પણ વધારે એક એકને ચાહવા લાગ્યાં. પાર્વતીનું લગ્ન બીજવર સાથે થયું હતું. તે વડોદરાની વરિષ્ટ અદાલતમાં જડજનો ઓધ્ધો ભોગવતો હતો. ન્યાયમાં નિપુણ અને બાહોશ ગણાતો હતો. અને લોકો તથા મહારાજા એને માટે સારી આશા રાખતા હતા પણ દૈવે જૂદુજ ધાર્યું. ફક્ત ચાલીશ વર્ષની જુવાન વયે તેનું મૃત્યુ થયું; અને પાર્વતી ત્રેવીસ વર્ષની થતાં થતાંમાં તો વિધવા થઇ. લગ્નનું પરિણામ એક બાળકી થઈ હતી પણ થોડોજ તે વખત જીવી હતી. ગરીબ ઘરની છોકરીને ભાગ્યે ઉંચે ઉરાડવા પ્રયત્ન કર્યો; પણ ગયે ભવના કરતુક આડાં નડયાં અને પાર્વતી બિચારી દીન બની. પતિનો પૈસો હતો. બીજાં પાસેના સગાં નહતાં. જે દોલત હશે તે બધી પતિ સ્નેહાલ પત્ની ને નામે કરી ગયો હતો. એટલે આ ધનવાન વિધવા પતિનાજ ગામમાં રહી. ઘણું ખરું ગમ્મત ખાતર તે પોતાની બ્હેનપણીઓમાંથી કોઇ કોઇને ત્યાં રાખતી.

સુશીલા પણ સહકુટુમ્બ કેટલીક વાર મ્હેમાન થઇ હશે. પણ નલિનના પિતાના ગુમ થવા પછીથી તે ગઈ ન હતી. મધુમતિ જતી. સરલાને આંખ અગાડીથી દૂર કરવા સુશીલા રાજી ન હતી.

બ્હેનો ! તમારો સ્નેહ છે એજ બસ છે, આજેજ મારે જવું પડશે. કારણ, કાલે મહિલા સમાજની મીટીંગ છે, પણ સુશીલા ! મધુને તારે મોકલવીજ પડશે.

હું કાં ના કહું છું ! મોટી બ્હેન.

મધુ ! જોકે વખત થોડો છે. પણ તારે શું લાદવાં પલાદવાં છે ? તારા જેવી તો ઘડીના છઠ્ઠા ભાગમાં તૈયાર થઇ જાય, પાર્વતીએ મધુમતિને સંબોધી.

જી. માસીની મરજી.

મધુમતિ જવાબ આપી ચાલી ગઈ. સરલા બગીચામાં ફૂલ ચુંટવા ગઇ. બન્ને સહીયરો આડા અવળાં ગપ્પાં છોલતાં ઉપર આવી બેઠાં.

મધુમતિના જીવને આજે ચેન નથી. રાજપર છોડી પ્હેલાં વડોદરે જવું એ સ્વર્ગમાં જવા સમાન હતું. પણ હવે જવૂં એ શૂળી સમાન હતૂં. પ્યારા પ્રિયતમને ત્યાં કેમ મળાશે ? તે ત્યાં કઇ રીતે આવી શકે ? એવા એવા વિચારે બિચારી બાળાના મગજને ઘૂમાવી મૂકયૂં. અને આંખમાંથી આંસુ સરવાં માંડયાં.

મ્હેમાન ! ઓ પ્યારા કાન્ત ! રાજપર છોડવૂં એ તને છોડવા બરાબર છે. દર વખતે માસીને ત્યાં જવામાં મજા હતી. હવે તે ઓ વ્હાલા ! સજા છે. જાણતી ન હતી ત્યાં

સૂધી આરામ હતો. જાણ્યું ને તે ગયો. શું કરૂં ! માને કહી શકતી નથી. નાની બ્હેનને કહેતાં શરમ આવે છે. કહીને શું ફાયદો ? આ ખટપટમાંથી પ્યારા કાન્ત ! તું વગર કોણ છોડાવે ?

દુઃખી બાળા ડુસકે ડુસકે રડતી હતી. બેભાન બનેલી એ પોતાની ઓરડીના બારણાં પણ દીધા ન હતાં. કર્મ સંજોગે સરલા ત્યાંથી જતી હતી તેણે ડુસકાં સાંભળ્યા. અજાયબ બની. બારણાં હડસેલ્યા. ઉઘડી ગયાં. અંદર જૂવે છે તો મધુમતિ રડતી હતી.

સરલ ભાવમયી સરલા દોડી બ્હેનને બાઝી પડી.

બ્હેન ! બ્હેન ! આ શું. શું થાય છે. બધો તકીયો આંસુથી ભીંજાઇ ગયો છે !

મધુમતિ ગભરાઈ. પણ જરા માટેજ. જીવ ઠેકાણે આણી બોલી.

સરલા ! કાંઈ નહી. પેટમાં ચુંક આવતી હતી; તેથી મારાથી રડી જવાયું.

પણ મને કે માને બૂમ પાડીયે કે'ની ! હું ન આવતે તો તમે કયાં સૂધી રડયા કરતે.

મારાથી બૂમજ નહોતી પાડી શકાતી તો.

દવા લીધી ?

હા. જરા અજમો ફાકયો છે. મટવાજ આવ્યું છે.

ઠીક, ત્યારે તો, માસીને કહેવું પડશે કે જરા તારી બરાબર સંભાળ લે.

ના, બ્હેન, ના, કોઇને કહેતીજ નહીં.

જેવી તારી મરજી. પણ હવે તું તારા સામન બાંધવા માડ વખત કેટલો થોડો છે ?

બ્હેન ! જોની મને તો આ વખત જવું ગમતું નથી. તમે સૌ આંહી એકલાં. ભાઇ પણ મુંબાઈ ગયોછે. તે કયારે આવશે ?

એ ખરૂં બ્હેન ! પણ માસીને માથી ઓછું લગાડાય કે ? ફીકર શું છે. કાંઈ લાવવું કરવું હશે તો રાવ છે ને. અને લૂંટાયેલાને વળી લૂંટાવવાનું શું છે ?

પણ મારૂં મન માનતું નથી તો.

ગાંડીરે ગાંડી એતો જતી વખતે એમ લાગશે. પછીતો એવું ગમી જશે. અમે તને બેત્રણ દહાડે કાગળ જરૂર લખતા રહીંશું.

એટલામાં સરલાને નીચેથી બૂમ પડી. હતાશ મધુમતિએ ગયા વગર છૂટકો નથી એમધારી જવાની તૈયારી કીધી.

વખત જતાં કેટલીવાર માસીને નીકળવાનો વખત થયો. મધુમતિ પણ સાથે તૈયાર હતી. નીકળતી વખતે બન્ને બાજુએ આંસુ સાર્યાં–ભેટયાં–સાચવજો–કાગળ લખતા રહેજો વિગેરેના સાદથી છૂટાં પડયાં. ગાડી ચાલી ગઇ. મા અને દીકરી ઉદાસ ચ્હેરે બંગલામાં પાછા આવ્યાં.

× × × × ÷

બીજા દિવસનું સ્હવાર થયું. મધુમતિ માસી પાસે બેઠી છે. રહેજ ગુલાબી થંડી લાગતી હતી. સગડી તાપવા માટે બળતી હતી. ચ્હાના પ્યાલા આવ્યા.

માસીને ત્યાં આવવામાં બહુ થોડાં માણસો હતાં. અને તેમાં એક દાક્તર ઘણું આવતો કારણકે માસીની મનાતી નાજુક તબીયેતને લીધે તેનો ગમે તે વખતે આવવાનો હક હતો.

દાક્તર દેખાવડો અને હસમુખો હતો. ગયેજ વર્ષે એલ. એમ. એન્ડ. એસ. થયો હતો અને મહારાજા ડીસપેનસરીમાં આસી. સરજન તરીકે દાખલ થયો હતો. શરીર નિરોગી હતું. બાંધો મજબૂત હતો. કુટુમ્બમાં તે એકલોજ હતો. અવિવા-~~હીત હતો.~~ પણ છેલ્લા આઠ દસ મહિના થયાં, તે કાંઈ વિચીત્ર થયો હતે. મુખની લાલી ચાલી ગઈ હતી. પોતાના કામમાં પણ ઠેકાણું ન હતું. ચાલતાં ચાલતાં થાકી જતો. કાંઇ એવાં અંતર–દુઃખથી પીડાતો એમ લાગતું હતું.

માસી અને મધુમતિ ચ્હા પીવાની શરૂ કરે તેટલામાં દાકતર આવ્યો.

કાકી સાહેબ! તમે બગબર વખતસર આવ્યાં ખરાં. બોલતાં બોલતાં મધુમતિપર દાકતરની નજર પડી. મુખપર હાસ્ય પ્રસર્યું; હૃદયમાં હર્ષ ઉછળવા લાગ્યો. તમે પણ આવ્યાં છો ને શું.

પાર્વતીયે ચ્હા પીતાં ઉંચું જોયું. જાણે આંખે બરાબર સૂઝતું ન હોય તેમ આંખના ભવાં ચ્હડાવી આડા હાથ રાખી બોલી કોણ! વસંતલાલ. દાકતર! આવો ભાઈ, ગીગલા! દાકતર સાહેબ માટે ચ્હા લાવ.

દાકતરે એક ખુરશી તાણી અને સગડી પાસે લાવી બેઠો.

કાકી સાહેબ! મુંબાઈ ઠીક ગજાવ્યું હં.

તમે કયાંથી જાણ્યું. શું આ બધું પેપરમાં આવ્યું હતું ?

ત્યારે. કાકી સાહેબ ! આપના તો જાજા વખાણ થતાં હતાં.

જોની ભાઇ, મારા નબળા શરીરે મારે થોડી વેઠ છે. સાંજે પાછી આંહી મીટીંગ.

પણ આપ જેવાં આવાં કામ ન કરશે. તો કરે કોણ ? કાકી સાહેબ ! જાૂઓને આવા કામમાં વખત અને પૈસા બન્ને જોઇયે.

દાકતર ! એટલું તો પરમેશ્વર ઘણાને આપે છે. મુંબાઇના શેઠીઆની શેઠાણીઓને જુઓ. રાજાઓની રાણીઓને જુઓ. પણ ખરી વાત તો ખંત છે.

ખરૂં ! કાકી સાહેબ ! પણ હવે તમારે મધુમતિ ભાષણોમાં મદદ કરશે.

દાકતરને મધુમતિ બોલતાં થડક લાગી. મધુમતિએ જોયું અને માથું નીચું નાંખ્યું.

દાકતર—ઠીક તમે યાદ દેવડાવ્યું. જરા બેસો. ઉતાવળ તો નથી કે'ની ?

નાજી. એટલી તો નથી. કારણકે નાઇટ ડયુટી કરી હતી એટલે અત્યારે ફ્રી છું.

બહુ સારૂં ત્યારે તો મારી સ્પીચ હમણાં તમને આપું છું તે પ્રેસમાં લઇ જાઓ અને છપાવવાની ગોઠવણ કરો.

સ્પીચ તૈયાર હશે ?

તૈયાર જેવીજ છે, ફાઇનલ ટચ બાકી છે.

એમ કહેતાં પાર્વતી બીજા ખંડમાં ગઈ.

અભ્યાસ અને અનુભવે કરી તેને સંસ્કૃત તથા અંગ્રેજીનો સારો અભ્યાસ ગુજરાતી ઉપરાંત થયો હતો.

દુનીયાના છક્કા પંજાથી અજાણ્યા બન્ને પ્રેમી પણ જૂદી જાતનાં એકલાં રહ્યાં.

દાક્તરે વાત ઉપાડી તમારી આંખો આટલી બધી સુજી શેણે ગઇ છે! તમે રડતાં હોવાં જોઇએ.

દાક્તર ભૂલો છો. એ તો ગાડીનો ઉજાગરો મધુમતિયે હસતાં કહ્યું.

પણ ગમે તેમ હોય પણ તમારી હેલ્થ પુલ ડાઉન મને તો લાગે છે.

મારી છે કે, દાક્તર ! તમારી. ગયે વખતે આવી હતી ત્યારે તમારૂં શરીર કેવું હતું અને આજે કેવું છે !

મધુમતિ ! માનસિક વ્યાધિ.........

પ્રભુ દયા કરે ! દાક્તર ! તમે ભણીને કેમ ભૂલો છો! શરીરના દુઃખ કરતાં આતો લખ્ખો વાર ભૂંડું.

ખરૂં છે. મધુમતિ ! તાવ-તરીયો ઉધરસ કોઈ પણ શરીરનો રોગ હોય તો અમુક વખતે જાણી શકીયે કે એનો સારો વાકુરો છેડો આવશેજ પણ જ્યારે મન સખ્ત રીતે ઘવાયલું છે. જ્યારે અંતર-કહેતાં સાથે તેણે છાતીપર જોરથી હાથ માર્યો-માં દુઃખનો વડવાનલ સળગે છે. ત્યાં ધન્વંતરી વૈદ્ય આવે તોયે શું ! એનો અંત ફક્ત મૃત્યુ-યમના દ્વાર ભણી પગલાં.

મૃત્યુ ! દાકતર ! એમ ન બોલો મધુમતી આંસુ આંખોમાના લૂછતી બોલી. હજુ તમે ન્હાના છો, આશાભર્યા છો.

આશા–મધુમતિ! આશા શેની રાખું–જડમૂળથી કપાયેલા વૃક્ષને ઉગવાની શી આશા રાખી શકાય ! ખારા સાગરમાં મીઠું પાણી મેળવવાં વલોતીયાં મારવાં, મૃગ જળે તૃષ્ણા છીપાવવા યત્નો કરવા, કૂદકો મારી સાત માળની હવેલીએ ચ્હડવાં—

દાકતર ! દાકતર ! શાંત થાઓ આશું !

આજે સઘળું કહેવું એ ઠરાવ કીધો છે. એ હૃદય-રાણી ગયે વર્ષે તને પ્રથમ મેં આંહી જોઇ. મારૂં હૃદય તારા તરફ ખેંચાયું તે દિવસથી નથી આરામ–નથી શાંતિ.

દાકતર.

સાંભળ ! મધુમતિ ! મને એકવાર સાંભળ–મારી મુર્ખાઇ એકવાર સાંભળ. તૂં ગઇ. મેં તને મેળવવા ઘણા વિચાર કર્યા. તારી માને લખવા વિચાર કીધો. પણ પ્રથમ તારી રજા લેવી, તારી સમ્મતિ લેવી પછી તે વિચાર રાખ્યો.

દાકતર ! હિન્દુ સંસારમાં અંગ્રેજના જેવાં લગ્ન થતાં નથી. મારે માથે વડીલ છે. અને તે જે પ્રમાણે કરે તેવીજ રીતે મારાથી થાય. દીકરીને ગાય, દોરે ત્યાં જાય.

ખરૂં. પણ મધુમતિ ! તું મ્હોટી થઈ છે. લગ્ન સમજી શકે એમ છે. તો એકવાર કહે કહે, તારા મ્હોડે કરી કહે કે હું ચાહું છું.

દાકતર ! હું શું કહું ?

હાય, નિરાશા. મધુમતિ ! મૃત્યુ હવે આ દુઃખને ટાળશે સ્મશાનની ચિતામાં સઘળી ચિંતાઓ સમાશે. ક્યાં છે આનંદ ! ક્યાં છે હવે સુખ !

મધુમતિને દાકતરના દુઃખથી લાગી આવ્યું.

દાકતર ! હિમ્મત રાખો. હજુ નિરાશા ક્યાં છે ?

નિરાશા નથી સુંદરી ! તો આશા ક્યાં છે ? પ્રથમ વખત જ્યારે મારા હૃદયમાં તારે માટે પ્રેમ જાગ્યો. ત્યારેજ મેં જોયું હતું કે તારૂં હૃદય કોઇ બીજાને અપાયેલૂં છે, નઝરમાં ભેદ હતો. મારી નઝર સ્નેહની હતી. તારી દયાની હતી. ઓ નિર્દોષ બાળા ! વેરભાવે કે અદેખાઇયે કરી નથી કહેતો. પણ અંતઃકરણ સાક્ષી પૂરે છે. કે જે પુરૂષ તારો પ્રેમ મેળવવા ભાગ્યશાળી થયો છે, જેની છાતીપર તારૂં લાંબા ઝુંલફાંવાળું માથું પડવાનું છે. તે નીચ, પાપી, કામી છે, મેં એને જોયો નથી, જાણતો નથી, પણ એટલે સૂધી કહું છું કે એ પાપીના આ હાથે ટુકડા કરતાં કદીડગીશ નહી.

આંસુ લૂછતાં મધુમતિ બોલી દાકતર ! તારૂં હૃદય દયા પૂર્ણ છે. તારૂં હૈયું કમળ સમાન કોમળ છે.

કમળ કરતાં વજ્ર જેવું કઠણ કેમ ના ઘડયું, કે જેમાં પ્રેમના બીજ કદી પડતે નહી. નિરાશા–મૃત્યુ.

મધુમતિ ચૂપજ રહી.

ગમેતેમ હો. પ્રભુની મરજી દુઃખ દેવાની હો તો તેમ થાઓ. જોકે ક્યાં પાપ મને નડે છે તે મને નઝરે તરતાં નથી. કે પછી દુનિયા જુઠાણાંની છે ? કેટલાએ પાપી નીચ

ગળા રેંસી પૈસો પેદા કરેલો તેવા મશરૂની તળાઇમાં સૂવે

જે. જ્યારે હું સત્યને માર્ગે ચાલું છું. તેને પ્રભુ દમે છે. કચડે છે. ચીરી નાંખે છે. દુનિયામાં કયાં છે ત્યાંરે સત્ય, પ્રમાણીકપણું ? તો પછી દુનિયામાં રહેવા કરતાં આત્મઘાત શું બૂરો ? સગાં નથી સંબંધી નથી કે જેને માટે હું છવું ? પ્રેમમાં વંચિત, મારે શું ! સૂર્ય પૂર્વમાં ઉગો કે પશ્ચિમે ઉગો. વસંતમાં નવપલ્લવીત કુસુમો આવો કે માટીમાં ચીમળાઈ મળી જાઓ, મારે શું ! સદાનો આરામ, શાંતિ, મૃત્યુ.

એટલામાં છેકમછેકા ફરી બનાવી કહાડેલી સ્પીચ લઇ પાર્વતી દાખલ થઇ.

દાકતર ! ધાર્યા કરતાં તમને વધારે ખોટી થવું પડયું છે. પણ તેમાં ઉપાય નહોતો. તમે કબુલ કરશો કે છેલ્લો પેસેજ હાર્ટને અપીલ કરે તેવો જોઇએ.

હા કચવાતે મને દાકતરે કહ્યું અને હાથ લંબાવ્યો,

પાર્વતીએ કાગળીયાં આપ્યાં. જુઓ દાકતર ! પ્રેસવાળાને કેજો કે બરાબર ત્રણ વાગે મારે ૧૦૦ કોપી તૈયાર જોઇશું. પ્રુફ્જોઇ તમેજ ઓરડર આપજો.

બહુસારૂં–કાકી સાહેબ.

દાકતરે ચાલવા માંડયું

જૂઓ ! બરાબર નોકીને કહેજો, નહીતો પ્રેસવાળાનું ઢાસરીયાપણું તો તોબાહ.

ઠીક જરૂર કહીશ.

દાકતર ગયો પાર્વતી બીજા કામમાં ગુંથાઇ. મધુમતિના મનપર સારી અસર ન થઇ. વડોદરાપર કંટાળો આવ્યો. પાછું ક્યારે રાજપર જવાય ને રશ્મિકાન્તને મળાય તેમ થવા લાગ્યું.

બપોરના ત્રણ વાગે પાર્વતી બાઈના ભાષણની ૧૦૦ કોપીઓ છપાઇ, બંધાઇ, તૈયાર થઇ આવી. પાર્વતીબાઇ પાંચ વાગે મીટીંગમાં જવાનું તેની તૈયારીમાં હતાં. મધુમતિ પણ સાજ સજતી હતી; તેટલામાં એક ચીઠ્ઠી આવી. મીટીંગ આજે મુલતવી રહેલી અમુક કારણસર અંદર જણાવેલી હતી.

પાર્વતી બાઇનો મિજાસ કંઇક હાથથી ગયો. મધુમતિ આનંદી કારણકે સ્હવારની વાત પછી તેના મનને આરામ નહતો.

પાર્વતી મધુમતિ ને ત્યાં મૂકી બીજા ખંડમાં ગુસ્સો કહાડવાને ગઈ. મધુમતિ વિચારગ્રસ્ત, સોફાપર પડી હતી.

એટલામાં બારણું ઉઘડ્યું અને રશ્મિકાન્ત દાખલ થયો.

મધુ

પ્યારા મ્હેમાન કહેતાં મધુમતિ દોડી, રશ્મિકાન્ત ને બાઝીપડી.

વ્હાલી મધુ! ચુંબન લેતાં રશ્મિકાન્ત બોલ્યો તારે માટે છેક મુબાઇથી અહીં આવ્યો છું. હવે આ દેહને તારા વગર નથી આરામ, નથી શાન્તિ. જ્યાં તું ત્યાં હું

વ્હાલા ! મારી દશા પણ તેવીજ જાણ.

મધુમતિએ રશ્મિકાન્તની પ્હોળી છાતીપર માથુ ટેકાવ્યું.

વ્હાલી ! પણ હવે મને રજા આપ મને મોડું થાય છે. હું રાતે જરૂર જતાં પહેલાં તને મળી જઇશ.

વ્હાલા જરા રોકા.

નહી, નહી, ગાંડી ન થા. રાતે જરૂર આવીશ. એક ચુંબનને તે ગયો. હર્ષઘેલી મધુમતિ વિમાસતીજ રહી.

ભાષણ કરવાનો વખત વીતતાં પાર્વતીનો ગુસ્સો કાંઈક શાંત થયો.

પાર્વતીનો બંગલો સ્ટેશનની સ્હામેજ આવેલો હતો. બંગલાની આસપાસ બગીચો હતો. બગીચામાં નાની મોટી કુંજો, ફુવારાઓ, ઉંચા નીચા ટેકરાઓ બનાવેલા હતા. એવી ભૂલભૂલામણી એ ત્રણ બનાવેલી હતી કે અંદર પેઠેલાં માણસોને શોધવાં હોય તો જાણીતો પકડી શકે. ભૂલામણીમાં બાંકો પણ ગોઠવેલા હતા. જ્યાં પાર્વતી કોઇ કોઇ વાર સ્હાંજના કામ ન હોય તો બેસતી અને સિતારપર હાથ જમાવતી.

પાર્વતી શાંત થઈ. મધુમતિને બૂમ મારી.

ચાલ મધુ ! જરા બગીચામાં ફરીએ.

બન્ને સાથે ઉતર્યા અને બગીચામાં ફરતાં હતાં.

સ્હાંજ પડવા આવી હતી. સ્ટેશનના માર્ગમાં ગાડીઓ આમથી તેમ જતી હતી. એન્જીનો પોંપ પોંપ કરતાં દોડતાં હતા.

દાકતર આવ્યો.

કેમ કાકી સાહેબ ! કોપીઓ બરાબર મળી ને ?

હા દાકતર ! પણ મને નકામી પડી.

કારણ

ભાષણ આજે ચકલાંબા સીક હોવાથી બંધ રહ્યું.

એમ.

દાકતર ! તમને આજે સ્હવારના કહેવાનું વિસરી ગઈ. સાંભળ્યું ?

હા, કાકી સાહેબ !

કે આ મારી સુશીલાની મધુને કાંઇક પેટમાં દુઃખવાનું, માથું સ્હડવાનું એવું એવું થાયે છે; તો આરામ થઇ જાય તેવી દવા મોકલાવશો.

દવા ! કાકી સાહેબ ! દ—વા.

કેમ, કેમ, બીજાને દવા આપતાં તમે વાયને ઘેર સ્હડો છો શું ?

દાકતરે મધુમતિ તરફ જોયું. તેની આંખમાં આંસુ જોયું. દાકતર સાવધ થયો.

કાકી સાહેબ ! કાલ સ્હવારે જરૂર દવા લેતો આવીશ.

સંધ્યા રાત્રીમાં પલટી ગઈ. આકાશમાં તારા ચમકવા લાગ્યા. તમરાંના અવાજ કાનને ભેદવા લાગ્યા. રાજમાર્ગપર ફાનસો સળગવા લાગ્યાં.

ચલો દાકતર ! ઉપર જઇયે. ઉતાવળ તો નથી ને.

ના, કાકી સાહેબ ! હજુ તો ડયુટીપર રાતે જવું છે.

સૌ વાત કરતાં ઉપર આવ્યાં. પાર્વતી જુના જમાનાની કોહી સડેલી વાતોનો ખંજનો ઉઘાડી બેઠી હતી તે જલ્દી ખુટે તેમ ન હતું. દાકતરને દસ વાગે ઇસ્પીટાલમાં જવાનું હતું તેથી તેને નિરાંત હતી; ચટપટી ફકત મધુમતિના મનનેજ હતી. પ્યારાને કેમ મળાશે! ગાડી ગવંડરને માટે ખોટી ન થાય, તે ગાડીનું શું કરવું ? આવા આવા વિચારોયે બિચારી અબળાનું મગજ ભમી જતું હતું.

તેવામાં ગીગલાયે આવી, કાર્ડ પાર્વતીના હાથમાં મૂક્યું. પાર્વતીએ સોનાની ફ્રેમના ચશ્મા કહાડ્યાં. ધારી ધારીને જોયું અને વિચાર કરતી હોય તેમ બોલી રશ્મિકાન્ત.

મધુમતિનું હૃદય ઉછળવા લાગ્યું

આવવા દે.

ગીગલો ગયો.

દાકતર! તમે ઓળખો છો?

ના જી.

મધુમતિ જવાબ આપે તે પહેલાં રશ્મિકાન્ત દાખલ થયો.

આવો. આપ કોણ છો? ક્યાંથી પધારો છો!

બાઇ સાહેબ! મારૂં ઓળખાણ આપવું સહેલ છે. હું કામ પ્રસંગે આંહી આવ્યો હતો. મને છેક સ્હાંજનાં ખબર પડી કે મધુમતિ આંહી છે. મારો સંબંધ એના કુટુમ્બ સાથે ગણો ગાઢ છે. આજ લગભગ ત્રણ વર્ષ થયાં ઘણું ખરૂં દર શનિવાર રવિવાર તો હું રાજપર ખરોજ. મારાપર એ સઘળાની ઘણી મમતા છે. ચી. નલિન પણ મારી સાથેજ રહે છે.

બેસો, બેસો. મીસ્તર' કાર્ડ જોતાં, રશ્મિકાન્ત! આટલી લાંબી પ્રસ્તાવનાની જરૂર નથી.

દાક્તર, રશ્મિકાન્ત ને તાકીને જોતો હતો; રશ્મિકાન્ત આડી નજર મધુમતિ તરફ ફેંકતો હતો, તે ચોક્કસ પણે નિહાળતો હતો.

રશ્મિકાન્ત એક ખુરશી પર બેઠો.

મધુમતિ! નલિન ખુશીમાં છે. માજીના કંઇ કાગળ પત્ર ?

રાજપરેથી કવચીતજ અને કામ પ્રસંગ સિવાય કાગળ આવતા નથી. પાર્વતીયે જવાબ વાળ્યો.

હા. જી. એ લોક જરા પત્રવ્યવ્હારમાં આળસુ છે ખરા. એક મીઠી નઝર મધુમતિ પર બોલનારે નાંખી.

દાક્તરનું સજડ પાકયું. આ મારો હરિફ ! ઓ પ્રભુ! તે મનમાં બબડયો. અંતઃકરણની સાક્ષી સાચી ઠરે છે–'the very face bears wickedness–some baser motive to achieve'.

મીસ્ટર ! આમને તમે ઓળખવું પસંદ કરશો. એઓ આંહી આરપીટાલમાં આસી. સરજનના હોદ્દાપરછે. ભાવનગરના નાગર ગૃહસ્થ છે.

રશ્મિકાન્તે દાક્તર તરફ હાથ લંબાવ્યો, એટીકેટ ખાતર તેને દાક્તરે દબાવ્યો.

દાક્તર ! Very glad to be introduced—

Thank you. Sir.

દાક્તર વાત કરતાંજ કંટાળતો હતો.

વડોદરામાં જોવા લાયક શી શી ચીજો તમે ધારો છો? રશ્મિકાન્તે વાત કરવી શરૂ કરી.

લક્ષ્મિ વિલાસ પેલેસ, રાજ મહેલ, કામાટી બાગ... પાર્વતીયે ઉત્તર વાળ્યો.

જી. મને તો જોવાનો વખત હવે કયાં છે! ફરી આવીશ ત્યારે. વળી બીજા શું ગામ ગપાટા છે ?

ગામ ગપાટા. મીસ્ટર ! આ સ્ટેટ છે. કોઇની બદલી તો કોઇના રાજીનામાં તો કોઇના 'ડીસમીસલ' હઝારો વાતો ચાલતી હોય. મારા પતિને આવી વાતો કરવી એ બહુ ચીડ હતી. પાર્વતી કાંઈક વક્ર થતી બોલી.

ખરૂં છે. બાઇસાહેબ ! મુંબાઈની હવામાં ઉછરેલા ને આવી વાતોનું ભાન હોતું નથી. મધુમતિ ! નલિનને કાંઇ કહાવ્વૂં છે ? રાજપર પણ કામે મ્હને જવૂં છું, તો માજી, સરલાને પણ ?

મધુમતિ ઘણા પ્રયત્ને બોલી ના. બીજું શું કહેવું છે ? સારી પેઠે છું. ભાઈનું શીરનામું આપો ને !

એણે હમણાંજ રૂમ બદલી છે. એટલે ચોક્કસ મ્હને ખબર નથી. હું જરૂર ત્યાં જઇ તને લખી મોકલાવીશ.

એમ કહેતાં તે ઉભો થયો. બાઇ સાહેબ ! રજા લઉં છું.

આવ્યા આવ્યા જમીનેજ જાઓ. તમે કયાં રોજ રોજ આવવાના છો—પાર્વતીએ આગ્રહ કર્યો.

આપે કહ્યું તેજ બસ છે. મને જવાની ઉતાવળ છે. નહીંતો આપને ના કહેવાની કાંઇ જરૂરજ નહોતી.

અરે બેસોને, ચ્હા તો પીઓ, ગીગલા ! ચ્હા બનાવી લાવ, જલદીથી.

રશ્મિકાન્તને બેસવું પડયું.

મીસ્ટર ! મારા પતિ કોઇ દિવસ સ્નેહીને જમાડવા વગર જવા દેતાજ નહી.

ખરૂં છે.—બાઇ સાહેબ.

દાક્તર રશ્મિકાન્તની હાઝરી વધતી જોઈ કંટાળી બારીયે હવા ખાતો ઉભો.

મધુ ! પાર્વતી બોલી. જાની, ટેબલના ડ્રોઅરમાંથી ગીત માળા લાવની. જરા ગમ્મત આવશે.

મધુમતિ ઉઠી—થડકતા પગે બારણાં સૂધી ગઈ.

અરે! ઉભીરહે, તને નહી જડે. હુંજ લઇ આવું છું.

પાર્વતી ગઇ. બન્ને પ્રેમીઓને જોઇતો વખત મળ્યો. દાક્તર બારીબ્હાર જોતો હતો.

મ્હેમાન ! શું જાઓછો ?

મધુ—વ્હાલી મધુ! આજ જાઉંછું—પણ જરૂર ત્રણ દિવસ રહી પાછો આવીશ. મારૂં શીરનામું લે. કાગળ ત્યાં લખજે—પરમ દિવસે જરૂર આવીશ.

મ્હેમાન! મ્હેમાન!

મધુ ! સાવધ, દાક્તર ઉભો છે. શાંત થા.

મ્હેમાન! ઘડી, યુગની વિતે છે. છોડી ન જાઓ. કહેતાં રશ્મિકાન્ત પર ઢળી.

સાવધ, સાવધ, મધુ!

એક ચુંબન આપતાં તેણે તેને ટટાર કરી. દાક્તરે ચમકી પાછળ જોયું. નિઃશ્વાસ પર નિઃશ્વાસ નીકળવા લાગ્યા. પાર્વતી પણ ગીતમાળા લઇ આવી પ્હોંચી. ચ્હા આવી. પીવાઈ. રશ્મિકાન્ત અને દાક્તર થોડે થોડે અંતરે રજા લઈ વિદાય થયા.

પ્રકરણ ૬ ઠું.

નલિનની હીંમત.

His bosom throbbed high with rapture; and he involuntarily exclaimed "By God I will do it!"

Rookwood.

હવે બાવા રશ્મિકાકો પધારે તો બહુ સારૂં. સીગારના ધૂમાડા કહાડતાં જીવણે કહ્યું.

સ્હવારનો વખત હતો. જોકે મુંબાઈ જેવા ઉદ્યોગી શહેરમાં જાગૃતિ ઘણી વહેલી આવે છે. અત્યારે જીવણ અને નલિન કાલબાદેવી પર આવેલા એક માળામાં ત્રીજે માળે દીવાનખાના જેવા ઓરડામાં ગપ્પાં ઝુડતા પડયા હતા.

અરે. હું પણ તેમજ કહું છું ને. સાળું એના વગર આળસુ આંહી પડયા રહેવું.—મને તો કંઈ પ્રાણ, અને પેલી આપણી 'સ્કીમ'.

એના વગર ગાડું કયાં ફરે તેમ છે. એના વગર ધનપાળ શેઠને કોણ લાવે તેમ છે. ખરે એ કાકો જબરો તાલીમબાજ છે. જોની તે રાતે. જીવણ સીગારનો ધૂમાડો કહાડવામાં રોકાયો.

હા. હા. મને યાદ આવે છે કહેતાં કહેતાં નલિનનું મ્હોડું પડીગયું. તેને ખુનના દિવસની રાત યાદ આવી; કે જે તેને રશ્મિકાન્ત વારે ઘડીયે કહી દબાવતો હતો.

દાદર ખખડેછે. હાં. એતો રશ્મિકાન્તજ. એના પગલાં જૂદીજ જાતનાં પડે છે. જીવણે કહ્યું.

જીવણના ધારવા પ્રમાણે તે રશ્મિકાન્તજ હતો. વડોદરેથી આવી તે તરતજ આંહી આવ્યો હતો.

વાહ. વાહ. રશ્મિકાન્ત! આ બહુ સારી વાત. આંહી અમને વાટ જોતા મૂકી પોતે કોણ જાણે કયાંએ સહેલ કરી આવ્યા.

હા. કાકા. એ ઠીક નહી. યોજના જલ્દી હાથ ધરવી જોઇયે; નહીતો મારે આઇ જશે ને ઉતુયે જશે. રાજપરાને રસ્તે રાતવરત કોઇ જીવ્યો મર્યો યે મળતો હતો; અને આંહી તો હાથ યાર ચળવળે છે.

અરે દોસ્તો ! જરા ધીરા પડો. રૂપૈયા સ્કીમમાં જોઇશું કે બધુ એમજ થશે. તેને માટે મારે કેટલું રખડવું પડયું. ત્યારે આટલા માંડ માંડ મળ્યા છે.

એમ કહેતાં તેણે દશ હઝારની નોટનો થોકડો ટેબલ પર ફેંકયો.

નલિનનો રોષ ઉતરી ગયો. તે ખુશખુશ થઇ ગયો; અને જીવણ આનંદ સાગરમાં તરવા લાગ્યો. રશ્મિકાન્તે વડોદરા ગયાની અને મધુમતિને મળ્યાની વાત તદ્દન છૂપાવી.

થોડીવાર પછી રશ્મિકાન્ત બોલ્યો દોસ્તો! એકવાત કહેવાની રહી જાય છે. પેલો ઘોડેસ્વાર તે બીજો કોઈ નહી, પણ સુર્યપૂરનો ડેપ્યુટી પોલીસ સુપરઇનટેનડન્ટ–રમણલાલ.

ખુદા. યાર જીવણ બબડયો.

ગભરાય છે શાનો. આજેજ મ્હેં જુના છાપાં ઉથલાવતાં વાંચ્યું. આપણી બનાવેલી યુક્તિ પ્રમાણે હરામખોર આબાદ ઠગાયો છે.

ત્યારે પણ તે જીવતો તો છે ને ? નલિને પૂછ્યું.

જીવતો. વાઘ જેવો. રશ્મિકાન્તે જવાબ વાળ્યો.

ઠીક, કાકા સાહેબ એતો. પણ, આપણો 'પ્લાન'! 'સ્કીમ'

અરે એતો ઘણી હુશીયારી ઘણી સાવચેતીથી કામ કરવાનું છે. જરા ઉંધું થયું તો માર્યા ઠાર; પણ નલિન! તું કહે તો ખરે કે તારામાં હિમ્મત રહેશે કે! જરા જરામાં વાત કરતાં કાળો મેશ પડી જાય છે. તેં તો હજુ એકવાર જમૈયો હુલાવ્યો છે. પણ આ કાકાયે ને આ દાદાયે તો એવા સોબસોના ગળાં રેંસી નાંખ્યાં છે. હજુ પોલીસ તેના કરનારની શોધ ડાયરીમાં રોજ જોયા કરે છે. જીવણે ભાષણ પૂરૂં કર્યું.

જીવણ! હું પણ ઘડાતાં ઘડાતાં તારાથી સવાયો થઇશ. પણ હું હિમ્મતથી કહું છું કે આ યોજનામાં હું બહાદૂરી અને પૂરી સાવચેતીથી વરતીશ; તે માટે તમે સૌ નિશ્ચીંત રહો—બેફીકર રહો.

ચાલો, ત્યારે, કાકા સાહેબ હવે તમે શું સલાહ આપો છો ?

સાંભળો ત્યારે ! મેં મુંબઇગિરાનો બરાબર અભ્યાસ કર્યો છે. તેપરથી બે વાત છે કાંતો ખુબ પૈસાદાર આપણે જાહેર થવું. નહીતો છેક મવાલી બનવું. પણ મને પ્હેલું ગમે છે. પણ પૈસાદારમાં પાંચ પચાસ હઝારથી કાંઇ વળે નહીતો. એતો એવા ઘણાયે હશે. માટે ધાપ મારવી તો કરોડપતિનીજ. મુંબાઇમાં લખપતિ તો ઘણાં અને યાર ! હું છાતી ઠોકીને

કહું છું કે કરોડપતિની જે શાખ બજારમાં પડવાની તે આબાદજ.

તમારૂં કહેવું બરાબર છે. મારો વિચાર પણ આ પ્રમાણેજ હતો. નલિને કહ્યું.

હું પણ આમજ ધારતો હતો. પણ ચલાવો. સીગારના ધૂમાડા કહાડતા જીવણે કહ્યું.

મૂળ મેં કીધું; હવે ડાળાં–પાંદડાં–અને ફળતો તમે જાણોછો. કોઈ ગધ્ધો અરે ઘરડો ખચ્ચર આપણને મળે તો મજાહ આવે. પણ સાળું ખચ્ચર તે તદ્દન ડોબું નહોય કાંઇ અક્કલનો છાંટો જોઇયે. બહુ હશે તો તો આપણને માળા લેવડાવે માળા. હવે ધારો કે તેતો મળ્યો પછી નલિન અને તે ગધ્ધાનો ઓચિંતો કોઇ બ્હાર ગામ મેળાપ થાય. નલિન તેને આગ કે રેલ, ધુળ, પત્થર ગમે તેમાંથી બચાવે અને ઓલ્ડ ફુલ પુત્ર વગરનો હોવાથી નલિનને દત્તક લેવાનું કરે ત્યાંથી તેઓ મુંબાઈ યા કલકતે આવે. આપણે તેમને, લોકને આંજી નાંખવા પૂરતા પૈસા આપતા રહીશું.

એતો બરાબર, પણ આ પુશ્કળ દોલતની વાત પ્હેલેથી ચલાવીએ તો કેમ કે આ લોકો આવે તે પહેલાં મુંબાઇગરાઓ તૈયારજ થઇ રહ્યા હોય.

બરાબર પ્હેલાં પૈસાની વાત પછી નલિનના એડોપશનની. વાત ચલાવવી કે કોટથી તે પાયધુનીનો રસ્તો રૂપીઆથી છાવરી વાળે તેવોછે. વાતના રસીયા લોકો હઝારો સુધારાઓ આમાં

કરશે. કેટલાક ડોળ ઘાલુઓ અમે જાણીયે છીયે, કરીને વાતને ટેકો આપશે. ન માનતા હશે તેને મનાવશે. લડશે અને આપણી યોજનાને સજ્જડ ટેકો આપશે.

બુદ્દા–યાર–બેડોપાર–બધું હું કરીશ. નલિન કુદતો બોલ્યો

શાબાશ, રશ્મિકાન્ત! શાબાશ.

અને ધારોકે ફેલ થયાતો શું ? કાંઇ મુંબાઇના બાપનું દેવું છે ! કલકતે, મદ્રાસ. નહીતો પછી વિલાયત ઠેઠ પ્હોંચીયે એવા છીયે.

એ બધું ઠીક. પણ હવે તું પેલો મેં તને કહ્યો તેવો ખચ્ચર જેમ બને તેમ જલ્દી શોધી લાવ.

રશ્મિકાન્તનો વિચાર આ યોજનાના ફળ ચાખવાંનો હતો; પણ તે તોડવા ઝાડપર ચ્હડી જીવ જોખમમાં નાંખવાનો ન હતો. બીજા પાસે તોડાવવાં હતાં. પોતે તોડવાં નહતાં.

અને હું પૈસાની ત્રેવડમાં રહું છું. એના વગર બીલકુલ પાટલો ફરેતેમ નથી.

જડયો, જડયો. વિચારમાંથી જાગતો જીવણ બોલ્યો. જડયો જડયો.

કોણ? જીવણ !

ખચ્ચર. સચીનમાં રહે છે. એ અને એની વહુ.

એ બરાબર નહી. સુર્યપૂરની પાસેનો તો નજ જોઇયે.

અરે આદમ ! જીવણે ઘાટ ઘાટનાં પાણી પીધાં છે. તે વિચાર વગર નહીજ બોલ્યો હોય. આ ખચ્ચર છે કની તે બહાર નીકળતોજ નથી. ખેતરાંમાં એક ઓરડી છે; ત્યાં પડયો રહે છે.

મેં તો ધાર્યું કેવળ સચીનમાં સારા મકાનમાં ગૃહસ્થ જેવો રહેતો હશે.

ના, ના, યાર, આપણા જેવાજ ગૃહસ્થ.

પણ તું ત્યારે તેને કયાંથી ઓળખે.

સાંભળ કાકા ! બ્હારનું સઘળું કામકાજ એની વહુ કરે છે. એ મીસ્ટરે લગભગ જેલ જાત્રા એક બે વાર નહી પણ બરાબર વીશ વખત કીધી છે. ડામીજ નંબર વનના છે. લાંબી ઉથલપાથલ નથી કરતો. ખીસા કાતરવાનોજ ધંધો. આપણે ઘણીએ વાર એવી ચ્હડાઈમાંથી પાછાં ફરતાં એને ત્યાં રાતવાસો કહાડેલો. વાત કરવાની સીફત તો એનીજ. સાથે સાથે વાત કરતો ચાલે. ધીમે રહી ખીસું ખાલી કરી પલાયનમઃ

એ વાત હું તને છોડું છું. તને ઠીક લાગે તેમ ત્યારે કરજે.

પણ ત્યારે રશ્મિકાન્ત ! હું માને લખું કે મુંબાઈની સહેલગાહ.

હા, હા, લખજે, પણ જો ભૂલેચૂકે આ વાત ન લખાય. અને તારૂં ઠેકાણું પણ ન લખતો. કારણ કે લખ્ખો અલંક્ કરોડોના માલિક આપણે થઈ એમને પણ અજાયબીમાં નાંખવાં છે.

નલિન ઘડીક વિચારમાં પડયો. માને ઠગવી કે કરોડોના માલીક થવાનું છોડી દેવું. કપાળ પર આંગળી ઠોકવા લાગ્યો. રશ્મિકાન્તે આ જોયું.

હિમ્મત, બહાદર, હિમ્મત.

નલિને ઉંચું જોયું. હિમ્મત લાવ્યા વગર છૂટકોજ નહતો. પલાળ્યું તો બોડાવવું પડશેજ.

ત્રણે મિત્રો જુદી જુદી વાતપર ગપ્પાં છોલતાં મોડે સુધી બેઠા. નલિનને હઝાર રૂપિઆની નોટ રશ્મિકાન્તે મું-બાઈની મજાહ ભોગવવા આપી. પોતે બીજાની ત્રેવડ માટે ગયો. જીવણ ખચ્ચરની શોધમાં ચાલ્યો.

પ્રકરણ ૭ મું.

રશ્મિકાન્તની રમતો.

Houses, Churches, mixed together,
Streets, unpleasant in all weather,
Prisons, palaces, contiguous,
Gates, a bridge, the.........irriguous,
Gaudy things enough to tempt ye,
Showy outside, empty insides,
Bubbles, trades, mechanic arts,
Coaches, Motors, Taxis, and Carts,
This is........How d'ye like it.

Elegant Extracts.

આમ દિવસો જતાં, સુશીલા અને સરલા રાજપરામાં સુખે દિવસ નિર્ગમતાં હતાં. એક બાજુ પોતાની વ્હાલી પુત્રીની આબરૂ સંકટમાં હતી. બીજી બાજુ યુવાન પુત્ર એક લુચ્ચા લફંગાના હાથમાં ફર્યો હતો, પતિ તો વિદાય થયોજ હતો. રશ્મિકાન્ત ઝેરી સાપ, ઝેરનો પ્યાલો સુશીલા માટે ભરતો હતો. વિશ્વાસમયી બાઇ પાપીના પાપ વચન પર ભરૂંસો રાખી ઠગાય છે.

સ્હવારના આઠેક વાગ્યાનો વખત થયો છે. સુશીલા એક આરામ ખુરશી પડી, ચોપડી વાંચે છે. સ્હામેજ સરલા ગુંથવાનું લઇ બેઠી છે.

હમણાં હમણાં રાજપરામાં મુંબાઇનાં છાપાંઓ આવતાં હતાં. આજપણ એવાં છાપાં વેચનારો છોકરો બુમ મારતો જતો હતો. સરલાયે બુમ સાંભળી, માની રજા લઈ છાપું વેચાતું લીધું. સુશીલાયે ચોપડી હેઠળ મૂકી છાપું ધ્યાનથી સાંભળવા લાગી.

ગામ ગપાટા–દેશ ગપાટા, શાંતિ–અશાંતિ સઘળી ચીજો વાંચતાં તાજા સમાચાર ના મથાળા તળે તેની નજર ગઇ.

મુંબાઈમાં કરોડપતિનું આવાગમન. સરલા અજાયબ થતાં બોલી.

હેં, કરોડપતિ. બ્હેન! બરાબર જો અધીરી થતી સુશીલાયે કહ્યું.

હા. મા. કરોડપતિજ છે. જો સાંભળ.

આજથી થોડાંક વર્ષોપર દોરીલોટે સીધાવેલા તે આજે કરોડો રૂપિઆની દોલત એકઠી કરી પોતાને દેશ પાછા ફરે છે. એઓ સાહેબ મુંબાઇમાં થોડાક વખતમાં આવનાર છે.

બેટા ! કંઇ નામ ઠામ

મા ! કંઇજ નહી. કેવું અજાયબ. પેપરવાળા મૂઆ હબકાવીજ મારે. આવાગમનની બુમ અને ખબર તો કાંઇ મળે નહી.

એ બિચારા શું કરે. તારમાં જે આવે તે લખે. આ ખબર વાંચ્યા પછી સરલાયે વાંચવા માંડયું.

પરદેશગમન મા ! એક આવાગમન થયું. હવે બીજું પરદેશગમન થાય છે. એવો કંઇક ગપાટો હશે.

વાંચ બેટા વાંચ પેપરવાળાઓ સાંભળે તે લખે. કાંઇ થોડુંજ મનનું કહાડી તે લખે છે.

અરે મા તું તે વાતજ છોડને. કેટલીયે વાર આપણે વાંચ્યુ હશે; વઢવાણની પાસે ગામડામાં એક બકરો દૂધ દે છે. જામનગરની બાજુમાં ગંગાજીનો જન્મ થયો છે. અમદાવાદની નજીક એક છોકરી છે તે મરેલાં ને સાજાં કરે છે.

હશે બેટા, પણ ચલાવની, પરદેશગમન કોનું છે ! તે વાંચની,

ઓ મા ! શું વાચું છું ! સર સત્યેન્દ્ર મઝુમદાર પોતાની નાદુરસ્ત તબીયેતને લીધે હવા ફેર માટે આવતી સ્ટીમરમાં વિલાયત ઉપડી જવા માટે આંહી આવેલા છે. મુંબાઇના જાણીતા વેપારી અને આગેવાન શેહેરી શેઠ નરોતમદાસના મલબાર હિલના દિન-બાગમાં ઉતર્યા છે.

શું બેટા ! સર સાહેબ પધાર્યા છે ?

મા ! ઠેકાણા સાથે લખાણ છે ને.

ફરીવાંચ.

સરલાયે આ પેરો ફરી વાંચ્યો. હર્ષઘેલી બનતી સુશીલા બોલી. મને એક વિચાર સૂઝે છે. સરલા ! આપણે મુંબાઇ જઇયે અને સાહેબને મળીયે અને નલિન માટે કાંઇક સારી સરકારી નોકરીની ગોઠવણ કરાવીયે.

હા, મા, કાકા કહેતા હતા કે હાલમાં પોલીસમાં ખાનદાન કુટુમ્બના ને સારી જગ્યાઓ આપે છે. તેવી ભાઇને માટે સરસાહેબ ધારે તો જરૂર મેળવી આપે.

મને પણ આ વિચાર ગમે છે. **નલિન** અજાયેબ થશે. **રશ્મિકાન્ત** પણ જરા ગભરાશે.

પણ મા ! આપણે આજકાલમાં નીકળવું પડશે. જોની પેપર પરથી જણાય છે કે આ શનીવારે તેઓ ઉપડી જનાર છે.

અરે આજેજ જઇશું. આપણે શાં બાંધવાં ને છોડવાં છે.

સરલા મુંબાઇ જવાનું થયું તેથી ખુશી થઇ.

બપોરના **સુશીલા** તથા **સરલા** **સુર્યપુર** આવવા માટે ગાડીમાં નીકળ્યાં. સ્ટેશન પર આવ્યાં; અને રાતની ગાડીમાં બેસી સ્હવારના **મુંબાઇ** આવ્યાં અને સગાંને ત્યાં મુકામ કર્યો.

સરલા ! જોને **નલિને** એના કાગળમાં ઠેકાણું ક્યાંનું લખ્યું છે ?

સરલાએ કાગળ કહાડયો; પણ અગાડી જણાવ્યા પ્રમાણે રશ્મિકાન્તના કહેવા મુજબ **નલિને** શિરનામું લખ્યું નહતું.

મા! ભાઇ શીરનામું લખવાનું વિસરી ગયો છે.

હેં, **સરલા**, બરાબર જોની બેટા, આવી તે બેદરકારી.

મા ! નથીજ, પણ તને રશ્મિકાન્તની તો ખબર છેને !

હા, હા, લાવ ત્યાં ખબર કહાડીશું, કે **નલિનનો** પત્તો મળ્યોજ સમજવો.

આઠેક વાગ્યાને સુમારે ભાડાની ગાડીમાં **સુશીલા** તથા **સરલા** **ગીરગામના** લત્તા પર આવ્યાં. અથડાઅથડી પછી તેમના સુભાગ્યે પોસ્ટમેન મળ્યો તેણે રશ્મિકાતનું ઠેકાણું બતાવ્યું.

હવેલેર સુશીલા તથા સરલા ત્યાં ગયાં. બારણાં ઠોક્યાં. જવાબમાં બારણાં ઉઘાડી એક બુઢ્ઢી બાઇ સ્હામે આવી.

બાઇ! રશ્મિકાન્ત આંહી રહે છે ને ? સુશીલાયે સવાલ કર્યો.

હા. જી. પણ તેઓ ઘરમાં નથી.

ઘરમાં નથી. હેં બાઇ ! ક્યારે મળશે? ક્યારે આવે છે? ક્યાં ગયાં છે? સુશીલાયે પ્રશ્નાવળી ચાલુજ રાખી.

મને તે વિષે કાંઇજ ખબર નથી. વખત છે આવે છે તો કલાક રહ્યા ન રહ્યા ને ચાલ્યા જાય છે.

મા! કાગળ લખી જઇયે. કે આવે ત્યારે આ બાઇ આપે !

હા. જી. તેમ કરો. આવો અંદર.

ના, ના, આંહીજ ઠીક છે. સરલા ! કાગળ લખી આપની. ટુંકાણમાં આપણે આંહી આવ્યા છીયે; અને આપણું ઠેકાણું.

સરલાયે કહ્યા મુજબ કાગળ સુંદર અક્ષરે લખી આપ્યો. બાઇયે તે લીધો. સુશીલા તથા સરલા બન્ને ત્યાંથી ઘેર આવ્યાં.

બપ્પોરના મા અને દીકરી સર સાહેબને મળવા જવાં નીકળ્યાં. મલબારહીલનો દિન-બાગ જાણીતો હતો તેથી ગાડીવાળાએ ગાડી ત્યાં લાવી ઉભી રાખી.

મા ! મોટાં માણસને ત્યાં જવું એ કેટલુ સુખ છે. સવારની ઘર શોધવાની હાડમારી અને અત્યારે આ બંગલા પાસે આવવામાં કેટલો ફેર ! સરલાએ સરલ ભાવથી કહ્યું

બ્હેન! વસ્તુ વિનાના નર પશુ, પૈસાને માન છે. જોને કેટલા નોકરો ચાકરો અંદર તરવરે છે. ભાગ્ય હશે, તો મારો નલિન પણ આવું રાજ સુખ ભોગવશે.

એટલામાં તો નોકર આવ્યો જેને સર સાહેબ માટે પુછવામાં આવ્યું.

સર સાહેબ આંહી કાલેજ આવ્યા છે. પણ તેઓ આજ સ્હવારે પુને ગયા છે.

સુશીલા રડમશ બની ગઇ.

કયારે આવશે, તેની તમને ખબર છે ?

ના જી, હું તો આંહીનો નોકર છું. અને એઓ સાહેબ કલકત્તેથી એકલાજ આવેલા છે.

સુશીલા દુ:ખી મને ગાડી ફેરવવા હુકમ આપતી હતી ત્યાં સરલા બોલી ચીઠ્ઠી લખી આપશું કે આવે ત્યારે વાંચે.

હા, હા, બરાબર છે. બહુજ સારા અક્ષરે, સારી ભાષામાં નમ્રતાભરી ચીઠ્ઠી, બ્હેન ! લખી નાંખ !

સરલાયે કહ્યા પ્રમાણે ચીઠ્ઠી લખી આપી, નોકર સલામ કરી લઇ ગયો.

સુશીલાનું મન અવ્યવસ્થિત હતું, પણ સરલા સાથે દુ:ખી થશે, જાણી, દુ:ખને ઘડી હાંકી કહાડવું ઠીક જાણી; સરલાને મોહમથી મુંબાઇ કાંઇક બતાવવા ખાતર ગાડીને કોટમાં લઈ જવા હુકમ આપ્યો.

કોટમાં જાત જાતની દુકાનો અને ભાત ભાતના માલો જોઇ થોડું થોડું ખરીદી સ્હાંજે છેક સુશીલા તથા સરલા ઘેરે આવ્યાં.

જેને ત્યાં એમણે મુકામ કર્યો હતો. તે એમની ન્યાતનો હતો. વયોવૃદ્ધ હતો, અને ચાલતા ચલણમાં બે પૈસા એકઠા કરેલા તેના પર ગુજરાન કરતો. કુટુમ્બમાં ફકત એક આધેડ વયની વિધવા પુત્રી હતી.

કાકી ! ખુબ ફર્યાંને, બ્હેનને મુંબાઇ બતાવ્યું ને? નર્મદાએ કહ્યું.

હા નર્મદા બ્હેન! મુંબાઇ તે કંઇ જોતાં ધરાયચે તેમ છે.

સરલાંના હાથમાં કપડાંનું બંડલ જોતાં નર્મદા બોલી બ્હેન ! શું ખરીદ્યું; જોઉં.

સરલા કપડાં બતાવવાં લાગી. આ સારૂં છે. આ બહુ મજેનું છે. કીંમ્મત, ટકાઉપણું વગેરે પર નર્મદાયે જાણે અનુભવી હોય તેમ લાંબુ ભાષણ આપ્યું.

બ્હેન ! મુંબાઇમાં તો એક લેતાં બીજું ભૂલીયે એવું છે. આટલા બધામાં શું લેવું ને શું મૂકીદેવું તે સૂઝે ન પડે. સુશીલાયે કહ્યું.

જો સરલાયે આમ કહ્યું હોતતો તરતજ નર્મદા મુંબાઇની અનુભવીયેણ બની તેમના ગામડાંનો ટકોર કરતે પણ આતો સુશીલાયે કહ્યું તેથી તે ચૂપજ રહી.

થોડીકવારમાં નૃસીંહપ્રસાદ પણ આવી પ્હોચ્યા. સુશીલા એકી નઝરે રશ્મિકાન્તની વાટ જોતી હતી. આશરે ડઝન વખત તેણે સરલાને ઠેકાણું બરાબર તો લખ્યું છે ને એમ પૂછ્યું હશે.

જમી પરવાર્યા પછી ગઈ ગુજરીના ગપ્પા ચાલવાં લાગ્યાં. દસનો ટકોર થયો. રશ્મિકાન્ત જણાયો નહી.

આખી રાત્રી સુશીલાયે ઉંઘવગરની કહાડી. સ્હવાર થયું. નિત્ય ક્રમ ચાલુ થયો.

આશરે સાતેક વાગે આ નાનું મંડળ એક ચટાઇપિર બેસી ચ્હા પીતું હતું. તેટલામાં રશ્મિકાન્ત આવ્યો.

કેમછો સરલા ! માજી સાહેબ ! સારી પેઠે. નૃસીંહ પ્રસાદને સાહેબજી કરતો, બુટની દોરી છોડતો, રશ્મિકાન્ત મંદ મંદ હસવા લાગ્યો.

ઓ, હો, રશ્મિકાન્ત ! તમારી તો રાહ જોતાં, અમારી આંખોયે ઉંડી ઉતરી ગઇ. કયાં સવારી ઉપડી હતી ! સુશીલાયે કહ્યું.

બ્હેન ! આ ભાઇને માટે ચ્હા લાવો વૃધ્ધે કહ્યું

ના. જી. પીને આવ્યો છું બ્હેન ! એ ખટપટ રહેવાદો હા, ના, કરતાં વાત માંડી વળાઇ.

કાકા ! ભાઈનું ઠેકાણું ? જુઓને કેવો બેદરકાર કે કાગળમાં લખ્યુંજ નથી.

ઉતાવળમાં રહી ગયું હશે. હું હમણાં તેને ખબર આપી દઉં છું.

ત્યારે તમે એને તમારે ત્યાં કેમ ન રાખ્યો ?

મારે ત્યાં આપે કાલે જોયું હશે કે મારૂં કંઇ ઠેકાણું નહી. આપણે તો ગમે ત્યાં લોટી જઇયે. નલિન બિચારો એકલો ઘેરે મુંજાય તેથી મારા સગાના ઘર પાસે તેને ઉતાર્યો છે. એટલે એને ગમ્મતની ગમ્મત, કંપનીની કંપની. એ બિ-

ચારા લોક બહુ મમતાળુ છે.

કાલ તમે ન આવ્યા તે શું કાકા! મારે નાટક જોવું હતું. સરલાયે કહ્યું.

આજે લઇ જઇશ બ્હેન.

ચ્હા પીવાઈ રહી. નર્મદા પ્યાલા એકઠા કરી અંદર લઇ ગઇ અને ઘરકામમાં વળગી. નૃસીંહપ્રસાદ પાસેની ઓરડીમાં નિત્ય નિયમ પ્રમાણે ગપ્પાં છાંટવા ગયા.

આપનું એકદમ કાંઇ અચાનક આવવું થયું રશ્મિ. કાન્તે વાત કહાડવી શરૂ કરી.

ન કહેવાનો ઠરાવ કરેલી સુશીલા બોલી. જુઓને જોગાન જોગ એવું બન્યું કે તમે સૌ ગયાપછી મધુ પણ વડોદરે ગઇ. અમે એકલાં તે બરાબર ગમતું ન હતું. એટલામાં પેપરવાળાની બુમ સાંભળી. ગામ ગપાટા જાણીશું કહી મારી સરલાયે તે ખરીધું. તો એક કરોડપતિનું આવાગમન અને બીજું સર સાહેબનું પરદેશગમન નઝરે પડયાં.

રશ્મિકાન્ત પોતાની યોજના ફળવતી થતી જોઇ આનંદ્યો. મારો વિચાર થયો કે મુંબાઇ જાઉં, સર સાહેબને પગે પડું, વેર ભૂલવા વિનંતી કરૂં. ગઇ ગુજરી વિસારી નલિનને એમની લાગવગ લગાડી કાંઇ સારે ઠેકાણે સરકારી નોકરીમાં પાડી આપવા કહેવાના ઈરાદાથી આવી. પણ ખબર કહાડતાં માલૂમ પડયું કે તેઓ તો પુને ગયા છે.

હા—મેં પેપરમાં વાંચ્યું છે. પણ આજ સ્હવારના પેપરમાં છે. જૂઓને એમ કહેતાં તેણે પેપર કહાડયું–ધર્મ ઉદ્ધારક મંડળની વાર્ષિક સભા આજે પાંચ વાગે હિરાબાગમાં મળશે. સભાનું પ્રમુખસ્થાન કલકત્તાવાળા જાણિતા બાબુ સાહેબ સર સત્યેન્દ્રપ્રસાદ મજુમદાર લેવાના છે.

ત્યારે તો બપોર સુધીમાં આવવાજ જોઇયે.

આવ્યાજ હશે. જુઓને તમે આવ્યા તે સારૂં કર્યું. પણ એ આપણું સદ્‌ભાગ્ય સમજો કે તમે ગયાત્યારે તે ઘેરજ નહોતો, નહિતો ખાલી મળવાની ના, બા. કહેતે તો આપણને મરવાથી ભુંડું લાગતે. માટે જુઓને મારેને એને જરા બેસતી છે. મારે કહેવું તો ન જોઇએ પણ કહું છું કે તેની પૈસા સંબંધી સ્થિતી એવી સારી નથી. તેથી મારી જરૂર તેને ઘણું ખરૂં પડે છે. તેથીજ તે દબાયેલો છે. અને મારૂં કહ્યું થોડું ઘણુ માનેછે. તમારૂં પેનશન બંધાયું મારાથી, તે તેજ કારણને લીધે; માટે હું આજે અત્યારે જાઉં છું; અને સર સાહેબને મળું છું. નલિન માટે જેટલું દાબીને કહેવાશે તેટલું હું કહીશ. તે માટે બેફીકર રહેજો.

તમે હમારા સારામાંજ છો. તે કયાં અમથી અજાણ્યું છે.

ઠીક તો રજા લઉં છું. સરલા મુંબાઈ જોવું છે ને. જમીને દસેક વાગે તૈયાર થઇ રહેજે થોડુંક ફરી આવીશું.

કાકા ! પણ ભાઇને તો જરૂર મોકલજો.

હા. હગણુંાંજ ત્યાં જાઉં છું.

રશ્મિકાન્ત ગયો. કલાકેકમાં **નલિન** આવ્યો. **નલિને** જ્યારે **રશ્મિકાન્ત** પાસેથી **સુશીલા** આવ્યાના સમાચાર સાંભળ્યા ત્યારે તે ગભરાયો. બીવા લાગ્યો કે રખેને તેણે કાગળમાં કંઇ ભાંગરો વાટયો હોય. પણ **રશ્મિકાન્તે** ખરૂં કારણ જણાવ્યું ત્યારે તે શાંત થયો.

નલિનને જોતાં બન્નેના હૃદય હર્ષથી ઉછળવા લાગ્યાં. પણ **નલિનની** શી દશા હતી. તે વિચારવા લાગ્યો ' ઓ પ્રભુ ! હું શું કરૂં છું. કેવા પાપી રસ્તે ચ્હડયો છું. તે દિવસે રાતે લોહીમાં હાથ ખરડયા. મને શું ફાયદો થયો? થોડાક રૂપીઆનો. હવે આ હું મ્હારી વ્હાલમયી માને કેવો ઠગું છું! બધું કહી દઉં અને પાપમાંથી છુટું.

આવ ભાઇ ! બ્હાર કેમ ઉભો. **સરલાએ** કહ્યું.

ભાન ભૂલ્યો **નલિન** વિચારમાં બ્હારજ ઉભેલો તે સચેત થયો અને અંદર આવ્યો. હજુ તે ડગમગતો હતો.

નૃસીંહપ્રસાદ સાથે ઓળખાણ થઇ. કલાકેક બીજી વાત આમ ચાલી તેટલામાં **રશ્મિકાન્ત** પાછો આવ્યો.

નલિનને હવે હિમ્મત આવી, કહી દેવાના વિચારપર હસ્યો અને ન કહેવાનો મક્કમ ઠરાવ કર્યો.

આવો. આવો. **રશ્મિકાન્ત** ! આટલી વારમાંજ પાછા, **સુશીલાયે** સવાલ કર્યો.

હા. માજી ! **સર** સાહેબનો જવાબ કહેવા આવ્યો છું. સૌ અધિરાં થઇ સાંભળવા તત્પર થયાં.

એમણે કહાવ્યું છે. કે હું આ બાબતપર જાતે આજ બાર વાગ્યા પહેલાં તમને ખબર મળે તેમ લખીશ; પણ મને વાતચીતપરથી લાગ્યું કે તે તમારા સારામાં છે. જુનું વેર ભૂલી ગયો છે. પણ પૈસાની ને ટાઇટિલની ખુમારી હજુ એના મગજમાં એટલી બધી છે કે તમને મળવાની બીલકુલ નાજ લખશે.

લૂચ્ચો—મગરૂબ. નલિન ગુસ્સામાં બોલ્યો.

ભાઈ. ભાઇ. કાકાને એમ ના કહે.

અરે લૂચ્ચો તો લૂચ્ચો પણ જબરો ફરેબી. સાળાએ હમણાં બિચારી ગરીબ ગાય જેવી એની વહુને વગર વાંકે કહાડી મૂકી છે, બિચારી કોણ જાણે કયાં ગઇ હશે?

સાહેબ ! મેં પણ સાંભળેલું, રશ્મિકાન્તે કહ્યું,

રશ્મિકાન્ત કામનું બ્હાનું કરી ગયો. નલિનને આંહીજ જમવાનું ઠર્યું. નૃસીંહપ્રસાદે શીખંડપુરી ને પાતરાંનું જમણ બનાવ્યું.

બરાબર અગીયાર વાગે એક ચીઠ્ઠી આવી. સુશીલાએ ચડકતે હાથે લીધી. નલિને તે લીધી, ફોડી, મોટેથી વાંચવા માંડી.

સત્યેન્દ્રના સુભાષિશ—આજ સ્હવારે રા. રશ્મિકાન્ત મને તમારા તરફથી મળ્યા હતા તથા તમારો પત્ર પણ મળ્યો છે. પણ તમે જાણો છો કે કેટલાક કારણસર હાલમાં હું તમને મળી શકતો નથી; પણ એટલું તો હું ભાર રાખી લખું છું કે આમ કરવાથી આપણો સંબંધ ઓછો થતો નથી, પણ હું તમારો હિતેચ્છુ છું એમ જરૂર સમજવું.

ચિ **નલિન** માટે મારાથી બનતો પ્રયત્ન કરીશ, જો કે મ્હને વખત હવે ઘણો થોડોજ આંહી રહેવા માટે રહ્યો છે પણ મને લાગે છે કે વખત છે મારે અંહિ વધુ રોકાવું પડશે. જો તેમ થશે તો જરૂર સરકારમાં મારી લાગવગ ચલાવી કસ્ટમ કે પોલીસ, ગમે તેમાં સારે પગારે રખાવી આપવાની ગોઠવણ કરવા ચુકીશ નહિ.

મારી ઇચ્છા એવી છે કે તમે **મુંબઇ**માં નિર્થક ન પડયા રહો તો વધારે સારૂં.

તમને થયેલા ખર્ચ માટે રૂ. ૧૦૦)ની નોટ સાથે બીડું છું.

આશા છે કે તમે **રાજપ**રે ચાલ્યાં જશો ચી. **સરલાને** આશિષ.

દિન–બાગ–વાલકેશ્વર.

ખરો અજાયબ માણસ છે **નૃસીંપ્રસાદ** બોલ્યો.

સાળો, ફર્સ્ટ રેટ ફુલ. **નલિન** બોલ્યો.

સરલા ! આપણે હવે **રાજપ**રે જવુંજ જોઇએ, **સુશીલા**એ કહ્યું.

હા મા ! નહીતો વળી કાકા સાહેબ વચકાશે.

હા. ઓલ્ડ ડોગાર્ડ, હરામજાદો વળી ખબર રાખતોજ હશે કે ગયાં કે નહી, **નલિન**ની પણ ઇચ્છા એવી હતી કે **સુશીલા** તથા **સરલા** જેમ બને તેમ એની નઝરથી દૂર રહે; નહી તો વળી સવારની પેઠે તેને કહી દેવાનું મન થાય.

મુંબઇમાં જોવાની ઉત્સુક **સરલા**યે રાતની ટ્રેનમાં જવા કહયું.

પણ સુશીલાયે તો બપોરના નીકળવા ઠરાવ કર્યો. નલિને ટેકો આપ્યો જોકે નૃસિંહપ્રસાદ તથા નર્મદાયે રહેવા માટે ઘણો આગ્રહ કર્યો.

સ્હાડાબાર પછી રશ્મિકાન્ત આવ્યો. તેને કાગળની સર્વે હકીકત કહી. તેણે પણ ચાલી જવાનીજ સલાહ આપી.

એક વાગ્યો, ગાડી આવી, સુશીલા અને સરલા પાછાં સુર્યપૂર જવા માટે સ્ટેશનપર આવ્યાં. અને વખત પ્રમાણે સુર્યપૂર રાતના ઉતર્યાં.

સુશીલાનો વિચાર પ્રથમ તો એવો હતો કે રાતની રાત સુર્યપૂરમાં પોતાના ઓળખીતાને ત્યાં રહેવું અને સવારે રાજપરે જવું પણ દૈવયોગાનયોગ એવું બન્યું કે મહિધરપરે જતી એક ગાડી મળી. પાસે કાંઈ એવું જોખમ જેવું ન હતું તેથી સુશીલાને લૂંટાવાનો ભય ન હતો તેમ ગાડીની સાથે ચોકીયાત પણ હતો. રાજપરાનો અને મહિધરપરાનો રસ્તો છેક મેધા સુધી સરખોજ હતો. ત્યાંથી બન્ને કેડા ફંટાતા. ગાડીવાળાને થોડાક પૈસા વધારે આપવાના કહી ઘેર સુધી પ્હોંચાડવાની સરત કરી હતી. મહિધરપરે જનારમાં એક ખખળી ગયેલી ડોસી અને તેની છોકરીનો છોકરો ૭ સાત વર્ષનો, એમ બે હતાં. ડોસીનો જમાઈ મહિધરપરામાં નામીચો વેપારી ગણાતો હતો. ડોસીની છોકરીને શરીરે સારૂં ન હોવાથી આવી ઉતાવળે ડોસી જતી હતી. સુશીલા અને સરલાને સાથ ગમ્યો, કારણ કે એક રાત માટે નાહક કોઇને ભારે પડવૂં એ સારૂં નહોતું લાગતું.

ગાડીમાં બેસનારાં બેઠાં કે ગાડી ચાલી થંડીનો સુસવાટો સારો નીકળ્યો હતો. ચંદ્રમાં નિર્મળો આકાશમાં હતો.

પાણીના ખાબોચીયાં, ભેજવાળી જગ્યાઓ જોઈ સુશીલાએ પૂછ્યું ભાઇ વરસાદ થયો કે શું ?

ગાડીવાને જવાબ આપ્યો. હા, બા. આજેજ થયો.

ત્યારે ભાઈ! રસ્તો બધો કીચડ કીચડ હશે. ખાબો-ચીયાંઓપરથી જણાય છે કે વરસાદ સારો થયો હશે.

કીચડ હશે તો શો ભો છે. ચોકીયાતે કહ્યું.

અરે મારા બલ તો બે ઘડી ઘોડાને નીચું જોવડાવે એવા છે. ગાડીવાન ખોંખાર્યો અને બલનું પાણી બતાવવા પરોણી ખુંચી.

ઘુઘરમાળ ધમકાવતા બળદો દોડયા. સુશીલા ગભરાવા લાગી. સરલા કાંઈક નિદ્રાવશ હતી. ડોસી ખોંખોં કરતી હતી. પેલો છોકરો 'મા ભૂખ લાગી છે' કહી રડતો હતો.

થોડો વખત ગાડી ઠીક ઠીક ચાલી પણ વરસાદ પડેલો હોવાથી ગામડાંની કાચી સડકો જે સ્થિતીમાં આવી જાય છે તે જોતાં તો તેની પછાડી જે ખાતું જે પૈસા ખરચે તેનો ઉપયોગ કેવા પ્રમાણમાં થાય છે તેનો ખ્યાલ મુસાફરી કર-નારને તરતજ આવે છે.

ચોકીયાત ધુંવાડાં ચલમમાંથી કહાડયો જતો હતો. બલનો મગરૂબ ગાડીવાન પૂર બ્હારમાં હતો. તાજી ગાડી પીતર થયેલો હતો. તેમાં વળી અજવાળીયું પછી શું પૂછવું. ગાડી જોરમાં ને જોરમાં એક પત્થર પર ચ્હડી ગઈ. ત્યાંથી ધમ

દઈ નીચે પછડાઇ ગઈ. અંદર બેઠેલાના જીવ હાથ ન રહ્યા. પણ બહાર સાંભળે કોણ. બળદો અવાજથી ચમક્યા અને ગાડીવાનને હાથ ન રહ્યા. તોયે ગાડીવાન કહેતો કે હું. મારો બાપો કરૂ. રંગ રાખ્યો. જૂઓ બા. રાજપર આવ્યું. ચોકીયાત ‘રંગ કાળીઆ રંગ. શેઠ પાસેથી બશેર ગોળ ખાવો છે, જાણે છે તો એમ કહેતાંમાં તો બળદો રસ્તાની બાજુએ આવી પ્હોંચ્યા. અને ગાડી, ગાડીના બેસનારાઓ સાથે નીચે ખાડામાં પટકાયા.

અંદર બુમરાણ થઈ રહ્યું. સરલા, સુશીલાને બાઝવા લાગી. છોકરો મા, મા, કરવા લાગ્યો. ડોસીને ખૂબ ઉધરસ ચ્હડી. ખાઈના ગંદા પાણીયે બધાને સારી પેઠે તરબોળ કર્યાં. ગાંજાના દમ દેતો ચોકીયાત હંમારો બાપો કરતો દૂર પડયો. તાડીના ઘેનવાળો ગાડીવાન એકદમ ઢાળ ઉતર્યાં તેથી ભાનમાં આવ્યો હતો. તેથી ગાડી પડતાં પડતાં તે કુદી ગયો. બળદોના જોતર કાપી નાંખ્યાં. પણ કહે છે ને હઝાર હાથના ધણીને સૌની ફીકર છે તે પ્રમાણે કોઇ માણસે આવી ગાડીના બારણાં જોરથી ઉઘાડયાં.

સરલાયે બુમ પાડી ઓ મા !

પેલા આવનારે કહ્યું બ્હીઓ નહી.

એમ કહેતાં તેણે તેને ઉંચકી જમીનપર ઉતારી, સુશીલાને હાથ પકડી બ્હાર કહાડી. ત્યાર પછી ડોસી અને તેના દીકરાને પણ કહાડયાં.

ચોકીયાતને કળ વળી ને તે બેઠો થયો.

અલ્યા ! ગાડી, જોડાશે કે ? પેલા આવનારે પૂછ્યું.

બાપુ પઈ ભાંગ્યા છે. ને જોતર સઉ કાપ્યાં છે. તે એ ત્રણ કલાક લાગશે.

ડોસીએ તો કલ્પાંત કરી મૂકયું. ગાડીવાળાની સાતે પ્હેડીને છોલવા માંડી. અજવાળીયું પુર બ્હારમાં હતું તેમાં તેમને બચાવનારને **સુશીલા** તથા **સરલા** એકી ટસે જોતાં હતાં. એટલામાં બીજા બે ત્રણ માણસો આવી પ્હોંચ્યાં.

રામદીન! આવનારમાંથી એકને સંબોધી પ્રથમ આવ્યો હતો તેણે કહ્યું, જા, મારી ગાડી જોડી, જલ્દી, આવ.

જી હુકમ કહી તે ગયો બીજાઓ ગાડીવાનને મદદ કરવા લાગ્યા.

મા ! આ કોઇ પોલીસનો અમલદાર લાગે છે. કેવો ભલો છે ! **સરલાયે** સરલ ભાવથી **સુશીલાને** કહ્યું.

જાણે પરમેશ્વરે આપણે માટે ના મોકલ્યા હોય.

તમારે સઉને કયાં જવું છે ?

ભાઇ અમારે મા–દિકરીને **રાજપરે** જવું છે. અને આ ડોસીમાને અને દીકરાને **મહીધરપરે** જવું છે. **સુશીલાએ** કહ્યું.

ત્યારે તમારે એ મીયાં મહાદેવનો જોગ કેમ ખાશે ? આજ કાંઈ કાચા પૂલે **મેઘા** ઉતરાય તેમ નથી તો !

સુશીલા બોલી નહી.

જગન્નાથ ! **મેઘામાં** પૂર ઉતર્યું હશે ! તું શું ધારે છે ?

સાહેબ ! કેમ કહેવાય ! પણ સાંજે તો ઘોડાવેગી વ્હેતી હતી. પણ આ બા જો પહેલાં આ ડોસીને **મહીધરપરે** ઉતારી રાજપરે જાય તો બહુ હરકત નહી આવે. બહુ બહુ તો એક માઇલનો ચકરાવો પડશે. ત્યાંથી ઉતરાય એવું છે.

ઠીક ત્યારે. માજી ! આ ડોસીને મહિધરપરે ઉતારતા જજો. બોલતાં બોલતાં યુવાનની આંખ સુંદર સરલા પર પડી.

ચંદ્રતેજમાં ન્હાતી સૌંદર્યમયી સરલા મોહક લાગતી હતી. માથેથી સાળુ સરી ગરદન પર પડયો હતો. ભારે અંબોડો શીથીલ થઇ લચતો હતો. ત્હાડમાં ધ્રુજતી સરલા સોડીયું વાળતી વધારે ને વધારે મોહક તે યુવાન જેમ જોતો ગયો તેમ લાગતી ગઈ આંખ ઠરી ન ઠરી ત્યાં તો આમ જોવું એ પાપ છે. જાણી તેણે નઝર પાછી ખેંચી. પણ હૃદય તો ત્યાંજ રહ્યું. મન તેનાજ વિચાર કરવા લાગ્યું.

ભાઈ ! અમારા પર આટલો બધો ઉપકાર કરનારનું નામ જાણવાનું અમારે સદભાગ્ય હશે. સુશીલાએ વિનયથી કહ્યું.

શા માટે નહી. મારૂં નામ રમણલાલ. તો હવે હસ્તાં તે બોલ્યો.

તમારે માટે હું કાંઈ જાણવા માગું તો અસ્થાને નહી જણાય.

બીલકુલ નહી. સરલા તરફ ફરતાં સુશીલા બોલી. તારા પિતાનું નામ કહેને.

ઈશ્વર સાનિધ્ય ઉભો ઉભો ભક્ત જેમ મુખમાંથી ઝરતાં અમૃત આસ્વાદન કરે. તરષ્યો ટપકતા પાણીથી જેમ તરસ છીપાવે તેવી રીતે રમણલાલ ઉત્તર સાંભળવા તરસ્યો ઉભો હતો. તેમાં સરલાના સુંદર અવાજના બિન્દુઓ ઝરવાં લાગ્યાં.

સરલા શરમાતી બોલી. મારા પિતાનું નામ ગુણવંતરાય.

ગુણવંતરાય ! એમ કહેતાં રમણલાલે ગજવામાંથી ડાયરી કહાડી. બે ચાર પાના આમ તેમ ઉથલાવી બોલ્યો. જેઓ સુર્યપુરથી રાજપરે આવતાં લગભગ ત્રણ વર્ષપર ગુમ થયા તેજકે ?

હા. એજ. કહેતાં કહેતાં **સુશીલાની** આંખમાં આંસુ આવ્યાં.

સરલાએ આંશુ ખાળવાં પ્રયત્ન કર્યો; પણ વ્યર્થ.

માજી ! શાંત થાઓ. કહેતાં હવે ધીટપણે તેણે **સરલાપર** નઝર નાંખી. જુઓ ! તમે ધીરજ ન રાખશો તો કોણ રાખશે ? તમારી પુત્રી પણ રડે છે.

સુશીલા શાંત થઇ. **સરલાના** આંસુ લૂછ્યાં.

વાત ફેરવતો **રમણુલાલ** બોલ્યો. કકલાણમાં તમને પૂછવું રહી ગયું. કોઇને કાંઇ વાગ્યું તો નથીને?

ના ઇશ્વર કૃપાથી બચ્યાં છીયે.

ગાડી આવી. અંદર સૌ બેઠા.

ભાઇ ! ફુરસદે અમગરીબનું ઘર પાવન કરશો. તમે જે અત્યારે અમારાપર ઉપકાર કર્યો છે, તેના બદલામાં અમારા ગરીબ ઘરમાંથી તમને આપી શકીયે તેવું કાંઇ નથી. પણ—

માજી! બસ—બહુ થયું. મારી માણસ તરીકે તથા પોલીસ અમલદાર તરીકેની ફરજ ઉપરાંત મેં વધારે કાંઇ કર્યું નથી.

ગાડી ચાલવા માંડી. ભાઇ ! આવજો. **સુશીલાએ** વળી વિનય વાપર્યો.

આવીશ માજી, જરૂર આવીશ.

ગાડી ગઈ. પણ **રમણુલાલનું** હૃદય લેતી ગઇ. **સરલાના** હૃદયમાં સ્નેહ તો નહી પણ મિત્રભાવ તો **રમણુલાલ** માટે પ્રગટયો હતો.

જુના જમાનાની ડોસીએ પણ ઘટતો વિનય કર્યો હતો અને જે પ્હેલાં સુમડાં જેવી ગાડામાં બેઠી હતી તે બે ઘોડાની ગાડીમાં બેસવાનું મળ્યું તેથી **સુશીલાના** વખાણ કરતી વાતે વળગી.

*

પ્રકરણ ૮ મું.

ખચ્ચર.

Here lurched a wretche, who had not crept abroade,
For forty years, no face of mortal seen;
In chamber brooding, like a loathly toad;
And sure his linen was not very clean

Castle of Indolence.

જીવણે ખચ્ચર માટે કહ્યું હતું તેના કરતાં તે વધારે તેને જાણતો હતો. તે ડોસાની રીતભાત. રહેણી કરણી સર્વથી પૂરતો માહીતગાર હતો.

સચીન સ્ટેશને સ્હવારના ઉતર્યો. બરાબર ગામડીયો બન્યો હતો. હાથમાં ડાંગ, માથે લાંબુ ચોવીસ હાથનું ફાળીઉં, ખાદીનું અંગરખું ને ચોરણી પણ તેનીજ.

ટીકીટ કલેક્ટર જરા તીખળી હતો. તેથી પૂછ્યું. પટેલ! મુંબાઈ કેમ ગયા હતા?

જીવણ કાંઇ ગાંજ્યો જાય તેવો નહતો. ભાઇ-બાપા-તમારા જેવા સારા મનખે કહેલું કે મમબઇમાં બહુ સારા સાથી મળે. હોવે, બાપાના સમ એમજ કહેલું. મારી સસ-

રીનો કહે કે એવા ભણેલા હુશીયાર કે તમારે હચકારામાં સમજી જશે. આંહીના જેવા ગધેડા નહી તો બાપજી. પણ તીફાં જોઉં તો. સાહેબના ગળાંના સમ, સધળી મનીખ તમારા જેવા. સાચું કહું, મારી સસરીના ગોટપીટ–સોટપીટ કરે.

આ બધી વાત સાંભળવા સ્ટેશન પરનો પોલીસ, ધજા બતાવનારો પોરટર, ટપટપ કરતો સીગ્નલર અને પારસલનો ધંધો કરનાર કમાલખાં આવી પ્હોંચ્યા હતા. બધા ટીકીટ કલેકટરને બનેલો જોઈ હસી પડયા.

સોરાબ મનમાં ધણું ચ્હીડવાયો. જીવણુ મ્હોડું મલકાવતો વિદાય થયો.

રસ્તામાં ડાંગ ઠપકાવતો–મુંબાઇમાં તાજુંજ જોયેલાં નાટક માંથી ' મારા મનમાં, તનમાં ભર્યો છે ઠર્યો છે ભય જાવું ગજ જોતી ' ગીત લલકારતો ચાલ્યો જતો હતો. થોડી કવાર સીધે રસ્તે ચાલી, ખેતરોમાંની પગથીએ ચાલવા માંડયું. એના પગપરથી કોઇ કહી શકે કે રાત દિવસનો ભોમીઓ આ જગ્યાનો એ હોવો જોઇએ. બે ચાર ખેતરાં વટાવી, ઢેફાં ભાંગતો, તે ખચ્ચરની મઢુલી પાસે આવ્યો. બારણાં આગળ ખચ્ચરની બાયડી વાસીદું વાળતી હતી.

કાકી ! કાકા શું કરે છે !

પડયો છે મારો પીટયો અંદર એની ખાટલી પર. મુઓ મરતોએ નથી કે છૂટાં થઇયે. તમારા જેવા રસીયા સાથે બે ઘડી નીરાંતે વાતચીતે થાય.

મારે એને મળવું છે.

જાણે ન સાંભળ્યું હોય તેમ બાઈએ ચલાવ્યું. મુઓ કમાતોએ નથી ને ધમાતોએ નથી. બજારહાટ મારે કરવાં—પૈસાની ત્રેવડ પણ મારે રાખવી. :એતો રાજા ભોજ જેવા ખાવાનો વખત થાય ત્યારે હુકમ બજાવે. ખાય છે મૂવો ખાટલામાં.

પૈસાની ત્રેવડ તું ક્યાંથી કરે? કંઇ દાટેલા છે કે શું. હાથ લાગે તો હથ્થો મારવાનો વિચાર જીવણનો હતો.

નારે—દાદા—ના—એતો મારો ફીકલો છે કની? તે રસ્તે અવર નવર હાથ અજમાવતો રહે છે. તો એ પૈસાની ભલા પ્રાપ્તિ થાય છે. પણ ખરૂં કહું છું કાકા! કે પ્હેલાં જેવા હવે વખત નથી. મારાં સાળાં સરકારના સીપાઇઓ આંહીથી ને તાંહીથી ફરતાને ફરતા.

વારૂ પણ હવે મહેરબાની કરી કાકાને બોલાવની.

'આ ચાલી' એમ કહી બાઇ ગઈ.

બ્હારથી આ ઝુંપડી જોતાં કોઇને એમજ લાગે કે કોઇ ગરીબ ખેડુત બિચારો પડયો રહેતો હશે. પણ અંદર બારણું ઉઘાડીને ભોંયરામાં ઉતરતાં મ્હોટા બે ઓરડાઓ નજરે પડતા અને ગૃહસ્થ વર્ગને છાજે તેવી રીદ્ધ સીદ્ધથી તે ભરપુર હતા.

થોડીવારે બુઢ્ઢો ખોડંગતો બ્હાર આવ્યો.

જીવણ બોલ્યો. કાના કાકા! રામ રામ—સારી પેઠે તો ખરાને.

બાપા—રામ રામ! તમ દીઠે વશેષ.

કાનાયે ન્હાનો હતો ત્યારે પોલીસમાં નોકરી કરી હતી. ત્યાંથી એના કહેવા પ્રમાણે ન ફાવ્યું તે છોડયું. પછી વળી કોરટમાં પટામાં દાખલ થયા. પટાગીરીના રૂપૈયા સાતમાં એમનું મન ન માન્યું; તેથી તે છોડી વેપારી બન્યા. કહેતો કે એનો વેપાર બહુ ધીકતો; પણ કમનસીબે શેર સટ્ટા બાજીયે ખુવાર થયો. બેન્કોએ દેવાળાં કહાડયાં; તેમાં તેની મોટી મુંડી ધોવાઇ ગઈ. વળી કહેતો કે દુનિઆ જોઇ. સત્ય બોલનાર ચાલનાર ડુબે છે. જુઠો જીતે છે, તેથી જીવણ જેવા ગૃહસ્થ બન્યા હતા. ઘડપણ થવા આવેલું, રાતના, રસ્તાના ચોકી પ્હેરાથી કંટાળેલો, આ ખેતરમાં ઝુંપડી નાંખી પડયો હતો. ખેતર વેચાતું લીધું હતું, તેમાં અનાજ વાવતો અને સારી ચાલના ખેડુતમાં ખપતો. યોગાનયોગે રામબાઇ સાથે તેને મેળાપ થયો. રામબાઇનો જુનો ઇતિહાસ કાના કરતાં કાંઇ ઉતરે તેવો નહતો. જોડેજોડ મળી અને બન્ને ધણી ધણીયાણી તરીકે રહેવાં લાગ્યાં.

રામબાઇના આવ્યા પછી કાકાનો બીલકુલ બ્હાર નહોતો જતો. રામબાઇ પોતાની હિકમતોથી પૈસા પેદા કરતી ને ગુજરાન ચાલતું. રામબાઇને પ્હેલાના ઘરનો એક દીકરો હતો જે અવાર નવાર બહુ ભાર લઇ જતા મુસાફરને હલકા કરી આ કુટુમ્બને મદદ કરતો.

કાનાભાઈ! જીવણે ચલાવ્યું તમે નીરાંતે બેસો તો એક વાત કહેવી છે.

કાનો ચટાઇપર બેઠો. પાસે પેટી પડેલી તેપર જીવણ બેઠો હતો. રામબાઇ બારણામાં ઉભી; આંખ બ્હાર ને કાન

અંદર રાખતી હતી.

જુઓ, કાનાભાઇ! એક યોજના અમે ઘડી છે. તેમાં તમારા વગર ચાલે તેમ નથી. જેનાથી આપણે લાખ્ખો રૂપીઆના માલિક થઈશું. આપણે ઘેર મ્હોટા વેપારીઓ જોડા ફાડશે જોડા.

જીવણુ ભા! તમે હુકમ કરો એ કરવા હું તૈયાર છું. બુઢ્ઢો છું; પણ હજુ પાકું પાકું એ ચીભડું છે તે કડવાં કરતાં નહી જાય.

ખરૂં કાનાભાઈ! તેથીજ ચાહી ચલાવીને હું આટલે દૂર આવ્યો છું પણ મને તારી બ્હીક લાગે છે કે તું પ્હેલા નંબરનો એદી છે.

એતો ભા–કામ ન હોય ત્યારે શું કરીયે–એતો

સુતો સિંહ ઉંદર સમાન
જાગ્યો લે કાયરના પ્રાણ.

રામબાઇ કવિતામાં ભંગપાડતી બોલી. એને બ્હીક લાગી રખેને વાત ફસકી જાય. જીવણ કાકા! દેખાય છે આળસુ, પણ છે મર્દ, ભડવીર. ભાઇના સમ.

જીવણે ન સાંભળ્યું. હોય તેમ ચલાવ્યું કામ બહુજ સાવચેતીથી કરવાનું છે. જરાક ભૂલને–મુંબાઈની પોલીસના હાથમાં. અક્કલના કામ છે. ખીસાં કાતરી આ કોટડીમાં ભરાવવાના નથી. સમજ્યા કે' ની. બહુ અક્કલના કામ છે.

ગમે તેમ હોય ભા! જો મને તમે પૂરતો લાયક ગણતા હો તો આટલું મારૂં બોલવું યાદ રાખજો કે કાનાયે પણ

રંગ રાખ્યો હતો. મને ખોવાનું શું છે. નથી આબરૂ કે જ-વાની છે. નથી પૈસા કે ખોવાના છે. નથી તનના બાયડી કે છોકરાં કે પછાડી રોવાનાં છે. માટે ભા! હુ તો તૈયાર છું. ચાલો હમણાં ચાલવું હોય તો. કાનો જાણે ઉભો થતો હોય તેમ બોલ્યો.

શું ગડ ગડ બોલે છે. કાકા! જોને, મારો સગો મહેતો પણ આવું બોલતો નહોતો.

ઠીક બાપુ! તું હવે ભલી થઇને કામે લાગને. જીવણે પતાવતાં કહ્યું.

જીવણના કથ્થાને માન આપી રામબાઇ ગઇ.

જીવણ ભા! હજુ તમે મને વાત ન કરી કે કામ કેવું કરવાનું છે.

જીવણે રશ્મિકાન્ત અને નલિન ત્રણે મળી જે યોજના ઘડી હતી તે કાનાને કહી સંભળાવી.

કાનો તો તૈયારજ હતો. પણ જીવણે કહ્યું કે કયારે નીકળવું છે; તે હજુ નક્કી થયું નથી. એ નક્કી કરી ખબર આ-પવાનું કહીને ઉઠયો; અને રૂપીઆ દશની નોટ કાનાના હાથમાં મૂકી, રામ રામ કરી બ્હાર નીકળ્યો. બ્હાર છાણા થાપતી રામબાઇને પાંચ રૂપીઆ આપી હસતો હસતો ચાલ્યો ગયો.

જીવણે કાનાને ત્યાં આવતાં પ્હેલાં ઠીક ઠાંસ્યું હતું. પણ તેના મહાવરાને લીધે તે બહુ જણાયું નહતું. કાનાને ત્યાં એ રામબાઇની આગતા સ્વાગતામાં પણ પ્રસાદી લીધી હતી. રસ્તે ચાલતાં ખુશાલીમાં એક તાડીનું ગડીયું ખાલી કર્યું હતું. આકાશમાં સૂર્ય પ્રચંડ તપતો હતો. લગભગ સ્ટેશન

સુધી જીવણને ગાડી ન મળી. તડકામાં ચાલવાથી અને અંદરનો ઉકળાટ બન્ને એકઠાં થયાં. જીવણે અક્કલ વાપરી ફાનાને ત્યાં પોતાના ગામડીઆશાહી લૂગડાં બદલી નાંખ્યા હતાં; અને તેને બદલે અમદાવાદી ડબ્બો, અંગરખું, ખેસ, ધોતીઉં વિગેરે પ્હેરી વેપારી બની ગયો હતો; અને ત્યાંથી ગાડીમાં મુંબાઈ ઉપડી જવા ધારતો હતો. પણ ઉપર કહ્યા પ્રમાણે તે સખ્ત તાપથી પટકાઈ પડયો; અને ખરૂં કહોતો રશ્મિકાન્ત અને નલિનની ખાતર બચ્યો હોય તેમ મરતો મરતો બચ્યો. પાસે પૈસા હતા અને વાણીઓ જેવો લાગતો હતો તેથી સ્ટેશન માસ્તરે એની સારી સેવા ચાકરી કરી હતી. પાસેના ગામમાંથી વૈદ પણ આવતો હતો. જીવણ જરાક હરતો ફરતો થયો કે જીવ નાંખતો મુંબાઇ આવ્યો. સ્ટેશન માસ્તર તથા વૈદ અને સેવા ચાકરી કરનારાનું પારકે પૈસે ભલું કરવાનું જીવણ ભૂલ્યો નહતો.

નલિન અને રશ્મિકાન્ત તેની પાણી પેઠે રાહ જોતા બેઠા હતા. ત્યાં બારણા ખખડયાં; અને હાંફતો હાંફતો જીવણ દિવાનખાનામાં આવ્યો.

જીવણ ! અમે તો ધાર્યું કે જાત્રાએ તમેતો ઉપડયા હશો; નહી તો આવી લાંબી વાર થાય નહી. હું જાણું કે'ની કે તારો હાથ રસ્તે ચવળ્યા વગર રહેજ નહી.

નારે કાકા ! જીવણ એક ખુરસીપર પડતા બોલ્યો. ભાઈના સમ, મરતો મરતો ઉઠયો છું. પણ કામ ફતેહ કરી આવ્યો છું.

નલિન અને રશ્મિકાન્ત સાંભળવા આતુર બન્યા.

જીવણે કહેવાય તેટલી ઝડપથી વાત પૂરી કરી.

ત્યારે કાકા ! ખચ્ચર મળ્યું. હવે બેડોપાર. રશ્મિકાન્ત કૂદયો.

તમે કહો તો એને લખીએ કે તે મુંબાઇ આવે.

અરે કાગળપર તો કાંઇ ટપકાવવુંજ નહી. ભલે બે પાંચ રૂપીઆ વધારે થાય તો શું ? પારકે પૈસે દિવાળી છેને. એતો જાતેજ જવું પડશે. પણ હું એ ખચ્ચરને મુંબાઇ તો નહીજ હમણાં આવવા દઉં. બધી બાજી ધૂળ મળી જાય. કોઈ પણ એને તે વખતે ઓળખી કહાડે એ સંભવીત છે. માટે એને પૈસા આપી, આપણા કરેલા ઠરાવ પ્રમાણે ધકેલી આપવા દો. પણ કાકા મારા ! ખચ્ચરનો વિશ્વાસ કરાય એવો છે કે પછી ખચ્ચર તે ખચ્ચર.

કાકા સાહેબ ! આપણી ખાતર નહીતો એની ખાતરએ જરૂર આપણા પક્ષમાં મજબુત રહેવાનો.

બસ ત્યારે એને જવાદો–કયાં મોકલશું ખચ્ચરને ! બસ આબુ. જીવણ ! બુઢ્ઢાને આબુ મોકલ, બસ એજ ઠીક પડશે.

અમદાવાદ મોકલીયે તો, નલિને કહ્યું.

ના દાદા ના. અમદાવાદ ! તો તો થઇજ રહ્યુંને. મારા બેટા પક્કા અમદાવાદીઓ પલજે એવા છે કે–બીજાનું બે–કરી જાય તેવા તે વળી આપણા દાવમાં આવે કે–એતો ઇધર ઉધરજ અચ્છા.

તો તેમ–પછી.

સાંભળ–એને કહેવાનું કે એવું વર્તન રાખે કે પોતે પૈસાદાર છે એમ બતાવવું, પણ સાથે પણો કંજુશ છે એવું પણ દેખાડતાં રહેવું. સાધારણ બંગલામાં ઉતરવું. ઘરની ગાડી

ઘોડો ન રાખવાં. બાદુતીથીજ ચલાવવું, વિગેરે આપણું કામ બરાબર પઢાવજે.

પણ ગાડી એક બનાવે તો શું ખોટું !

ના બાપા ના, ગાડી બનાવે તો લોકો વિચાર કરે કે આટલા વખત કેમ ન બનાવી. હવે બેટીનો બાપ કયાંથી જાગ્યો ! માટે એતો એમજ ઠસાવવું કે કરોડો રૂપીયાની દોલત એકઠી કરી, મીસ્ટર કાશ્મીરમાં થઈ પંજાબ બેડી-શીતળ હવામાં રહેલા, તેથી આખુ આવી પડયા છે.

હા કાકા! તારી અક્કલ અજબ દોડે છે. પછી.

પછી શું ! નલિન પણ ત્યાં હવા ફેર જાય, કે જાત્રા કરવા જાય. ગમેતેમ. તે પછી બન્ને કાંઈક એવા એકસીડન્ટથી મળે.

પણ નલિન એને પ્હેલાં મળે તો સારૂં. એકએકને ઓળખવાની તો જરૂર ખરી કે'ની.

હા, જાઓ ને કાલ સ્હવારે.

હા હા જીવણુ ! કાલ સ્હવારે રાખો.

એક દિવસ મને આરામની જરૂર છે. મારી તબીયેત લથડતી છે.

તો તેમ રાખો. કયાં રાયના પડ રાતે વહી ગયાં છે. હું તેટલા વખતમાં પુરતા પૈસાની ત્રેવડ કરૂંછું. નલિનને જોઇશું. બચ્ચરને જોઇશું. તને કાકા જોઇશું.

અને તમને જોઇશું. જીવણે પૂરૂં કર્યું.

સઉ હસતા હસતા છૂટા પડયા.

પ્રકરણ ૯ મું.

સરલા.

Here he was interrupted by a knife,
With "Damn your eyes, your money or your life!"

Don Juan.

કેવી રીતે, કયી ગાડીમાં, કયે સ્ટેશનથી, નલિન અને જીવણ ખચ્ચરને મળવા ગયા તે બધું વર્ણવી નકામો કંટાળો વાંચનારને આપવા કરતાં એટલુંજ કહેવું બસ છે કે બન્ને જણા ખચ્ચરને મળ્યા. ખચ્ચરને પૂરતા પૈસા આપી આબુ વિદાય કર્યો. તે ત્યાં સહીસલામત પ્હોંચ્યો; અને મુંબાઇના ગુજરાતી સાહસીક કનફેકશનરથી ચાલતી હોટલમાં ઉતર્યો.

રશ્મિકાન્ત આવી યોજનાઓ ઘડવામાં રોકાયો. જીવણનું કાંઇ હવે કામ નહતું તેથી તે પાછો પોતાને દેશ ગયો.

પણ આ વખતમાં રમણલાલે રાજપરામાં સુશીલાની મુલાકાત લીધી, ઉપકારના આભાર તળે દબાયલાં મા અને દીકરીએ ઘણી આગતા સ્વાગતા કરી, અને જમીને જવા આગ્રહ કર્યો.

જમતાં જમતાં સર સત્યેંદ્ર સંબંધી વાત નીકળી; રમણ-લાલ જાણતો હતો, તેટલી તેણે હા કહી.

રમણલાલના મા બાપ તેને ન્હાનો મૂકી મરી ગયાં હતાં. તે તેના મામાને ત્યાં ઉછર્યો હતો; અને બી. એ. થયો હતો. એના મામા ઑન. મી. રાજેન્દ્ર સી. આઇ. ઈ. મુંબઈના બાહોશ બારીસ્ટર હતા. અને સરકારના ધારાશાસ્ત્રીનું પણ કામ કરતા હતાં. પોતાની વ્હોળી લાગવગે કરી તેમણે રમણલાલને પોલીસ ડીપાર્ટમેન્ટમાં માસિક રૂ. ૧૫૦)ના પગારથી રખાવી આપ્યો હતો. રમણલાલ શરીરે મજબુત હતો; અને તેનું નાન-પણથી વલણ તેજ લાઈન તરફ હતું. એટલે મામાએ તેને આમાંજ મૂકવો ઠીક ધાર્યો. બાહોશી, કુનેહ, આવડત, હિમ્મત અને દીર્ઘ દષ્ટીથી તેનો પગાર વધતો ગયો; અને સુર્યપુરમાં સ્પેશીયલ ઓફીસર તરીકે હાલમાં આવેલો હતો.

વિશાળ કપાળમાં પડતાં લાંબા બાલના ઝુલફાં, વાંકી ભ્રમરો, ધાટદાર મ્હોડાપરનો ફુટતો મુંછનો દોરો, પ્હોળી છાતી, અને મીલીટરીએર રમણલાલને મોહક બનાવવા પુરતાં હતાં. આ બ્હારના દેખાવ ઉપરાંત તે સદગુણોનો ભંડાર હતો તેમાં શક નહતો. પગાર ઉપરાંત એને એના મામા ખર્ચવા માટે સારી રકમ આપતા. રહેણી કરણી સારી અને ઉમદા સોબતે કરી જે ડીપાર્ટમેન્ટની બદી અશિક્ષીતને લાગે તે રમણલાલને લાગવા નહોતી પામી.

બીજી વાતોમાં લૂંટ સંબંધે વાત નીકળી. રમણલાલના આવવા પછી લૂંટારાઓનો ત્રાસ ઓછો થયો હતો. કેટલાક

પકડાયા હતા. કેટલાકે વધારે સખ્તાઈ જોઈ ધંધો છોડયો હતો. પોલીસ ટ્રેનીંગ કૉલેજની સ્થાપના પછી વધારે શાસ્ત્રીય શિક્ષણ લીધેલા અમલદારો આવતા. તેથી પણ રમણલાલને ઘણો ફાયદો થયો હતો.

માજી ! આજથી ચારેક વર્ષપર લૂંટારાઓનો દોર ઘણો વધી ગયો હતો. ઘણી લૂંટો થઇ હતી. અને હજુએ તદ્દન તેઓ નિર્મૂળ થયા નથી. મને લગભગ આજથી પંદર વિશેક દિવસપર લૂંટારાએ લૂંટયો હતો. અંધારૂં ઘોર હતું. અને વારાફરતી એક પછી એક એમ ત્રણ એકઠા થયા. અને મારી પાસેથી સારી રકમ ચોરાઈ.

સરલા દુઃખી થઇ. સુશીલાએ લૂંટારાપર તિરસ્કાર બતાવ્યો. બિચારી જાણતી નહતી કે લૂંટારાઓ કોણ હતા ! પ્રભુની લીલા એવીજ છે.

જમણ પૂરૂં થયું. રમણલાલ વિનય અને વિવેકથી અણજાણ્યો નહતો. પ્રથમજ મુલાકાતે ઘરના જેવા થઈ ઘણો વખત પડયા રહેવું તે તેને ઠીક લાગ્યું નહી. તેથી તેણે રજા માંગી.

ભાઇ ! નોકરીવાળા માણસને કેટલું રોકાય. પણ જરૂર પુરસદે આંહી આવવા કૃપા કરશો. આ ઘરજ તમારૂં છે—ફેર સમજશો નહી. સુશીલાએ વિનય કર્યો.

આવીશ, માજી ! કહી, રમણલાલે ચાલવા પ્રયત્ન કર્યો. પગ ઉપડતા ન હતા. આંખ સરલા તરફ વળતી હતી. એ દૃષ્ટિમાં સ્નેહ હતો—એ દૃષ્ટિ રસથી ઉભરાતી હતી. સર-

ળાની દૃષ્ટિ સ્નેહની તો નહી પણ મૃદુભાવમયી તો હતીજ.

રમણુલાલ કોણ જાણે કયાંય સુધી આમ ઉભો રહેતે અને ચતુર સુશીલાના કબ્જામાં આવ્યા વગર રહેતે નહી, પણ પવનનો સુસવાટો આવ્યો અને એક ઉઘાડી બારીનું બારણું જોરથી અફળાયું. રમણુલાલ ચેત્યો. પોતાની નિર્બળતાપર ચ્હીડવાયો અને બળ કરી આંખોને પાછી વાળી, ચાલ્યો.

સરલાને રમણુલાલને ગયા પછી ચેન ન પડવા લાગ્યું. હાલતાં ચાલતાં નિશ્વાસ નીકળતા હતા. આંખમાં આંસુ આવી રહેતાં હતાં, ભરવામાં, ગાવામાં, વાંચવામાં આનંદ નહોતો— રસ પડતો નહોતો. સર્વ સુનુ લાગતું. તે શુદ્ધ હૃદયી બાળા સમજી શકતી ન હતી કે કયા એવા દર્દે તેને આવી બેભાન કરી છે.

રમણુલાલ પણ ગાઢ વિચારમાં પડયો હોય તેવો દેખાતો હતો. તેનો આનંદી સ્વભાવ, હસમુખો ચ્હેરો સર્વ ગુમ થયાં હતાં. તે પોતાને બંગલે આવ્યો. ત્રણ ચાર દોસ્તો મળવા આવ્યા હતા. રોજનું ગમ્મતનું સાધન, આનંદનું સ્થાન એવા દોસ્તો સાથે વાત કરવી પણ રમણુલાલને રૂચી નહી.

મિત્રો ! માફ કરશો. હું હમણાજ ડીસ્ટ્રીકટમાંથી આવું છું, તદ્દન એક્સઝોસ્ટ–થઇ ગયો છું. સાંજે મળીશ, કરી તે બીજા ખંડમાં ચાલ્યો ગયો. કપડાં કહાડયાં ન કહાડયાં કરી પથારીમાં પડયો.

મિત્રો આ વર્તણુકથી અજાયબ થયા આરડરલી કંઇક વહેમી હતો; તે બોલ્યો ! કહો ન કહો ભાઇસાહેબ ! આજ

સાહેબને ઠીકજ નથી. નહી તો રોજ મારેજ સાહેબના કપડાં કહાડવાં. એ વખતે, સાહેબ ! હું મારી રાવ ફરીયાદ કહી સંભળાવું. એવા તો ખુશ મીજાજશથી સાંભળે. આજે તો ગયો કે તરતજ કહ્યું. જીવા ! મને જરા નિરાંતે સુવાદે. કપડાં તું કહાડે તેટલો વખત પણ ઉભા રહેવાની મારી તાકાદ નથી! ભાઇસાહેબ—

હેં? એવું છે. એક દોસ્ત બોલ્યો.

સન સ્ટ્રોક. બીજો બબડયો.

અરે કોઇ દાકતરને બોલાવો. દોડો. ત્રીજો ગભરાઇને બોલ્યો.

ભાઈ સાહેબ ! દાકતર, એતો ઠીક. મ્હોટા માણસને દાકતર. અમ ગરીબ તે કયાંથી એવી મોટી ફીઓ ભરીયે. નહીતો સાહેબ એતો સઉ ચોપડી વાંચેલા. સાહેબ ! જાણે કરે એતો બધું ઠીકાઠીકજ. રામ નામે પત્થર તરે. જીવાએ કહ્યું.

જીવા ! ભાષણ કરવા ઉભો રાખ્યો હોય તો તું કાંઇ ઉતરે એવો નથી.

ભાઇ સાહેબ ! જીવો હસતો બોલ્યો. ‘ આપની મહેરબાની છે. પણ સાહેબને મુંજવા જોઇએ. ’

એ તું કરજે. ચાલ હિમ્મત, થોડુંક ફરી આવીયે.

‘ ચાલો. ’

ફરી ત્રણે મિત્રો લટાર લેવા નિકળી પડયા.

જીવો સાહેબની મહેરબાની મેળવવા ખાતર એની અક્કલ પ્રમાણે સાહેબને સારા કરવાની ત્રેવડમાં પડયો.

રમણુલાલને સરલાની મૂર્તિ આંખ અગાડી તરતી હતી. કાનમાં જાણે તે અમૃત વચન રેડતી ન હોય તેમ ભણકારા વાગતા હતા. હૃદય-સિંહાસને તે મહારાણી બની વિરાજતી હોય તેમ તેને ભાસ્યું. તે બબડયો.

'સરલા! ઓ સૌંદર્યની પૂતળી! કયારે પાછો તારાં દર્શન કરી શકીશ! એવું થાય છે કે રાત દિવસ તારી પાસે રહી તારા મુખારવિંદનું દર્શન કરૂં. ભાવિક ભકતો દેવના દર્શને અહોનિશ તાપે છે; તેમ હો, મમ ભાગ્ય દેવી-સરલા! તને આરાધું એવી ઉત્કંઠા થાય છે. હા-પ્રેમ અજબ ચીજ છે. જાણ્યું નહોતું ત્યાં સુધી સુખ હતું. દેખીતી રીતે મારામાંથી સરલાયે શું લીધું છે? કંઇજ નહી. પણ અંતર ખોલી જુઓ તો મારૂં હૃદય કયાં છે? હૃદય ગયા પછી, મનુષ્યના ચેતન ગયા પછી; બાકી શું રહે?

ઘણાક તરફડીયાં પ્રેમીયે માર્યાં. આખર નિંદ્રા દેવીયે કૃપા કરી. રમણુલાલ ત્રણેક કલાક સારી પેઠે ઉંઘ્યો. ઉંઘથી ધાર્યા કરતાં સારો આરામ થયો. જીવાની મહેનત બચી. મિત્રાની ફીકર મટી. રમણુલાલનો ઉકળાટ શાંત થયો હતો. મિત્રો સાથે સંતોષકારક ગપ્પાં ઝુડયાં. જીવાની મહેનત બદલ તેને પણ ખુશ કર્યો.

જેમ તેમ કરી વિનય ખાતર, રમણુલાલે બે દિવસ કહાડયા. અને વધારે વખત સરલા સાથે રહેવા મળે એમ ધારી બપોરના જમણ પછી થોડીક વારે તે પ્હોંચે તે પ્રમાણે રાજપરે ત્રીજે દિવસે આવ્યો.

સુશીલાને જમ્યા પછી ઉંઘવાની ટેવ હતી. અત્યારે લગભગ બાર વાગ્યા હતા. આકાશમાં સૂર્ય પ્રચંડ તપતો હતો સખ્ત ઉકળાટ અને નવરાશે કરી સુશીલા અત્યારે નિદ્રાવશ હતી. બેસાન્ બનેલી સરલા ઇન્દુકુમારમાંથી ભાભી નણંદનો સંવાદ વાંચતી, બગીચામાં એક કુંજમાં બેઠી હતી. પાસે ઉડતા ફુવારાના શીકરથી થંડક પુશ્કળ હતી.

રમણલાલ હૃદયમૂર્તીને જોવા ઉત્સુક આવતો હતો. દરવાજા પાસે રાવ, પાસેના બંગલાવાળાના ભૈયા સાથે ચલમ ફુંકતો હતો. રમણલાલને જોઇ તેણે સલામ કરી અને ખબર આપવા અંદર જતો હતો. પણ રમણલાલે કહ્યુ કે તેવી રીતની ખબરની કંઈજ જરૂર નથી તે પોતાનીજ મેળેજ જશે. એમ કહી, ઘોડો રાવને સોંપી તે ઉત્સાહ ભર્યો ચાલવા લાગ્યો.

દૂરથી તેની નઝર કુંજમાં બેઠેલી નીચે નમેલી આંખે વાંચતી સરલાપર પડી. હૃદય આનંદ્યુ. બોલાઇ જવાયું. હૃદય ! આશા ફલવતી બની છે.

રમણલાલના પગ જોરથી ઉપડયા. કુંજ પાસે આવ્યો. હસ્તા વદને સરલાને સંબોધી. સરલા ! માજી શું કરે છે. ?

સરલાની આંખ પુસ્તકમાં હતી; પણ એનુ હૃદય કયાંય બીજેજ હતું. જોકે તે જાણુતી નહતી. એ ગુંચની ઉકેલ માટે મથતી હતી. મુંજાતી હતી. ચ્પકળાતી હતી. નામ સાંભળી આંખ ઉંચી કરી. જોતા હૃદય આનંદ્યું. ગુંચ ઉકેલાઈ. મુઝવણ ટળી. ન સમજાતું હતું તે સમજાયું.

સરલા હસી.

રમણુલાલ જરાક પાસે આવ્યો. સરલા વિચાર કરવા લાગી. શીરીતે એમને સંબોધન કરૂં. ઘણાં ઘણાં નામો બિચારી બાળાએ મનમાં નક્કી કર્યાં. પણ હૃદય વલ્લભને એમ કેમ કહેવાય એ ગુંચવાડામાં પડી. આખર બોલવાનું નક્કી કર્યું. પણ જીભ ઉપડે નહી–જીભ ઉપડી ત્યારે ઓઠ ઉઘડયા નહી.

રમણુલાલ સ્થિતી સમજ્યો

સરલા ! કયું પુસ્તક વાંચોછો ?

મહામહેનતે સરલા બોલી. ઇન્દુકુમાર.

લાવો જોઉં. મને એક ગીત પ્રિય છે. તે તમને બતાવું.

લજ્જાવતી બનતી, સર્જા સાળુનો ઝુલતો છેડો તાણતી, સોડીયું વાળતી, મુગ્ધા ભાવ ધારણ કરતી સરલાએ પુસ્તક આપવા હાથ લંબાવ્યો. આંખો નીચે નમી હતી. અંગુઠે વતીં તે ભાંય ખોતરતી હતી. શ્વાસ જોરથી ધમતો હતો.

રમણુલાલે પુસ્તક લેવા હાથ લંબાવ્યો. આંખ હસતી હતી. હૃદય પ્રફુલ્લ હતું. મુગ્ધ ભાવમયી બાલામાટે કેવો કટા કટીનો વખત ? સરલા કાંઈક ધ્રુજતી હતી. ધ્રુજતા હાથમાંથી રમણુલાલે પુસ્તક લીધું. કાંઈક મોટો ભાર હલકો થયો હોય તેમ સરલાનું વદન પ્રફુલ્યું.

રમણુલાલ સાહિત્યનો શોખીન હતો. ગુજરાતી સાહિત્ય સારૂં વાંચતો. તેથી તેણે પ્રસંગાનુસાર એક કવિતા 'ઇન્દુકુમાર' માંથી શોધી કહાડી.

સરલા! મને આ કવિતા ઘણી પ્રિય છે. ચોપડીનું પાનું કહાડી કવિતા પર આંગળી રાખી; સરલા સ્હામું ધરતાં તે બોલ્યો.

સરલાની આંખો તે પર ફરવા લાગી.

હું ધારૂં છું કે તમે તે વાંચી હશે?

હા-બે ત્રણ-વખત—સરલાયે ગભરાતાં ગભરાતાં કહ્યું.

ત્યારે તો, તમને ગાતાં સારી રીતે આવડતી હશે. મને તો રાગજ બેસતો નથી. પોલીસમાં રહી કબુલાતો લેતાં શીખેલો રમણલાલ જરાક હસતાં બોલ્યો.

સરલ હૃદયી સરલા ગુંચવાઈ—ગભરાઈ-મા ઉંઘે છે, જાણી રહીડવાઈ. રખે જોશે તો ખીજાશે જાણી અકળાઇ-ગાતાં આવડતું હતું તેથી ખોટું બોલતાં મુંજાઈ. આમાંથી છુટવા ખાતર તેણે હાથે એક પાંદડું ચુંટવા માંડયું.

સરલા! એમાં શરમાઓછો શાને! તમે ફક્ત મને રાગ બતાવો ને. બે લીટી ગાશો તો બસ છે.

રમણલાલના ઘણા આગ્રહથી પ્રેમમયી સરલા તેને ખોટું લગાડી શકી નહી. પુસ્તક હાથમાં લીધું. સુંદર સાદે ગાયન શરૂ કર્યું.

નયન નયનેરે, નયન નયને પધારો, રાજબાલ!
ઘેલાં નયણાં તલપે ત્યહાં ઘડિક આવજોરે લોલઃ
ભવન ભવનેરે, ભવન ભવને ત્હમારાં, રાજબાલ!
ઊંડા આદેશ કિરણોમાં કહાવજો રે લોલ.
મધુર મધુર મુખડે હસો વિરલ તેજનાં હાસઃ
હેરી હેરી હરખશું અંધ ઉડયાં એ વિલાસ.

મ્હોરી વસન્તની વાડીઓ, હો જગલક્ષ્મી !
કરે કોલયડી ટહુકાર, હો આવજો જગલક્ષ્મી !
ધીમાં ધીમાં રે, ધીમાં ધીમાં પધારો, રાજબાલ !
ઘેલાં નયણાં તલપે ત્યહાં ઘડિક આવજોરે લોલ.
અમી રંગી નિજ સાળુનો પાલવ જોતી રસાળ
ચાલી ચન્દન ચોકમાં રસ અભિલાષુ બાળ.
વીણી ગુંથી ઉરની પ્રભા, હો મદ ભરીયાં !
લીધી કર કમલે વરમાળ, હો આંખડી મદ ભરીયાં !
એવાં અધીરાં રે, એવાં અધીરાં મહોય, રાજબાલ !
ઉંડા આદેશ કિરણોમાં કહાવજોરે લોલ.
ઉગ્યાં ઉગમણે વસો ઉગી પુનમ અખંડ;
અમૃત લેખિનીથી લખ્યો સ્નેહ મંત્ર ઉરખંડ;
ધેરૂં ધેરૂં જરા ડોલતાં, હો રસ દેવિ !
હવે પરવરશો ક્ય્હાં પરદેશ ? હો મીઠડાં રસદેવિ !
પ્રાણ તખ્તેરે, પ્રાણ તખ્તે પધારો. રાજબાલ !
ઘેલાં નયણાં તલપે ત્ય્હાં ઘડિક આવજોરે લોલ;
ઘેલાં હઇડાં જલ્પે ત્ય્હાં કદિક આવતાંરે લોલ.

ગીત પૂરૂં થયું. સ્નેહની પૂતળી સરલા લજવાઈ ગઇ. નીચું જોઇ ગઇ. પર પુરૂષ પાસે ગાવા માટે ગભરાઇ. પરસેવાથી ભીજાઈ ગઇ. હમણાં પડું પડું તેવી થઇ ગઈ. આંખમાં મૃદુ તિરસ્કાર હતો.

રમણલાલ સ્થિતી સમજ્યો. વધારે ઉભા રહેવામાં સાર નથી; જાણી બોલ્યો સરલા ! તમને તસ્દી આપી માટે માફ કરશો. હું ધારૂં છું કે માજી ઉપર હશે.

સરલાના જવાબની રાહ ન જોતાં તે ચાલ્યો ગયો.

કેટ લીકવારે સરલાનો ગભરાટ ગયો, અને મન્દ મન્દ ચાલતી તે ઉપર આવી. સુશીલા તથા રમણુલાલ વાતો કરતાં હતાં.

ચારેક વાગે ચ્હા અને નાસ્તા પછી રમણુલાલે જાણે જવા માંગતો હોય તેવી ઉત્સુકતા બતાવી. સુશીલાએ આગ્રહ કરી જમીનેજ જવા કહ્યું.

સ્હાંજના ત્રણે જણા થોડેક ફરી આવ્યાં. બગીચામાં ઉગાડેલા ફુલોના ઝાડ, ફુલો વિગેરે પર સુશીલાના મધ્યસ્થે રમણુલાલને સરલા સાથે ઘણીક વાતો થઇ. સ્હામ સ્હામો ઉત્તર આપવાનું તો કવચિતજ બનતું. બન્નેના હૃદય હર્ષથી ઉછળતાં હતાં. આંખો સ્નેહથી ભરપૂર હતી.

જમણ થયું. અને ઘડીયાલમાં નવનો ટકોરો થયો. રમણુલાલે જોયું કે હવે નીકળવું જોઇએ. લગભગ તે નવ દશ કલાક રહ્યો હશે; પણ તેનાં મનને તો જાણે કંઇજ રહ્યો નથી તેવું લાગ્યું; રજા લઈ તે નીકળ્યો. સુશીલા વખત મળે ત્યારે આવવાનો આગ્રહ કરવા ચૂકી નહતી. પ્રેમમયી સરલાયે દૂર દૂર સૂધી તેને જતો જોયો. અને એના ગયા પછી મા સાથે એના સંબંધી ઘણીકે વાતો કરી. અને જાણુવા માંગતી એવા કેટલાક સવાલોના મા ન જાણે તેવી રીતે ઉત્તરો મેળવ્યા.

મેધાનો કાચો પૂલ પૂરમાં તૂટી જવાથી રમણુલાલને ફરીને જવું પડયું.

રાત અજવાળી હતી. થંડી સ્હેજ વાતી હતી. રમણુલાલ ધીમે ધીમે જતો હતો. રાત્રીના દશ વાગી ગયા હશે. રસ્તાની

બન્ને બાજુએ ઘીચ ઝાડી આવેલી છે. ત્યાંથી તે પસાર થતો હતો. તે સરલાના વિચારમાંજ હતો તેટલામાં તેના પર એક માણસ કૂદી પડયો અને પોલીસ અમલદારને ભોંયપર પટકયો; પણ લૂંટારાયે રમણલાલના બળની કિમ્મત ઓછી આંકી હતી. તે પડતાની સાથે તો ઉછળ્યો. અને તેને દબાવતા લૂંટારાને ગળું પકડી ભોંયપર ઉંધો નાંખી, ઉપર ઘુંટણ મૂકી ચ્હડી બેઠો; ઓવર કોટમાંથી હાથકડી કહાડી. ઉસ્તાદ લૂંટરાયે છૂટવા નો લાગ બરાબર ગોઠવી, હાથકડી પ્હેરવા માટે જાણે હાથ લંબાવતો હોય તેમ હાથ લંબાવ્યો. રમણલાલ વાંકો વળી હાથકડી પ્હેરાવવા ગયો તેથી ઘુંટણ નીચું થયું. લૂંટારાની પીઠ પરથી જોર ઓછું થયું કે લાગલોજ લૂંટારો જોરથી ઉઠયો. એક ધક્કા સાથે રમણલાલને પટકી નાંખ્યો; અને રમણલાલ ઉભો થાય તે પ્હેલાં તો રસ્તાનો ભોમીઓ ઝાડીઓમાં થઇ છપાચ ગણી ગયો.

રમણલાલ ધુળ ખંખેરી ઉભો થયો અને બંગલા તરફનો રસ્તો લીધો; કારણકે ઝાડીઓમાં થઇ એની પછાડી પડવું એ મુર્ખતા ભરેલું હતું.

પ્રકરણ ૧૦ મું.

ઝેરી—સાપ.

Gently glides the serpant whose sting is most surely fraught with deaths; and considious are the viles of a Seduer. Extract.

આ વખતમાં રશ્મિકાન્ત એકવાર વડોદરે જઇ આવ્યો; અને મધુમતિની મુલાકાત લીધી.

પાર્વતી મહિલા સમાજમાં ભાષણ હોવાથી ઘેર નથી. સાંજ પડવા આવી છે. મધુમતિનું માથું દુઃખતું હતું તેથી તે ઘેર હતી. રશ્મિકાન્તની અવાર નવાર મુલાકાતથી તેનું ચિત્ત પ્રફુલ્લ હતું; તેથી શરીર પણ સારૂં રહેતું હતું. ગૌર મુખ લોહીના ભરાવાથી ગુલાબી લાગતું હતું.

અત્યારે તે બગીચામાં ફરતી હતી. રશ્મિકાન્તને સંભારતી હતી. ઘડીકમાં મનમાં 'તુજ વિણ રાતલડી કયમે કરી ન જાય' ગાતી હતી.

માથેથી સાળુ સર્યો હતો. લચીપડતો ભારે ખમ અંબોડો ગરદનપર ઝીલાયો હતો. ગૌર અને ઉપડતા કપાળમાં ઝીણી કંકુની ટપકી, વાંકી ભ્રમરો, નાકમાં ચળકતી હીરાની જડ—પાનથી રાતા થયેલા ઓઠ, મધુમતિને મોહક બનાવવાં પૂરતાં હતાં. જુવાનીના મદે :કરી ઉછળતી, ભરાવ

ચતી છાતીપરનો છેડો પણ અવ્યવસ્થિત હતો. ખુલતા લીલા રંગનો સાળુ પહેર્યો હતો. ઉપર ઝીણી સુનેરી લેસ મૂકેલી હતી. ફેશનસાહી તસતસતી ઘણી ટુંકી બાંયવાળી ચોળી પ્હેરી હતી. જેથી બાળાના ગોરા ગુલાબી પાંસુલ હાથ દેખાતા હતા. આછા સાળુમાંથી બાળાના અવયવોનું પાન જોનાર કરી શકે તેવું હતું.

બાળા લચતી લચતી થોડેક સૂધી ફરી; બંગલા તરફ વળી. થોડુંક ચાલી ન ચાલી તેટલામાં પછાડીથી કોઇયે તેના વાંસાપર હાથ મૂકયો. ચમકી પાછું જોયું, તો કોણ !

વ્હાલા-પ્રાણ ! તમે મને ખરે ગભરાવી. મધુમતી હસતી હસતી બોલી.

આવનાર કોઇ નહી પણ ઝેરી-સાપ રશ્મિકાન્તજ હતો.

મધુમતિ આજ આ પાપીની આંખમાં વધુ મોહક લાગી. તેની નજર ફરવા લાગી. બાળાની વાંકી ભમ્રરોમાંથી છુટેલું મદન શર બરાબર તકાયું; અને આ પાપીના હૃદયને ખળભળાવી નાંખવા લાગ્યું.

મધુ ! બોલતાં પાપીએ હાથ ગળામાં નાંખ્યો. ભોળી બાળા આ શું તે સમજી શકી નહી.

બંગલામાં હંમેશ રહેવા છતાં મધુમતિ જાણીતી નહતી તેવી છૂપી જગ્યાઓ, માંડવાઓ, લતાઓથી બનેલા કુંજો આ પાપી સારી પેડે જાણતો.

બંગલો તો બહુ મ્હોટો નહતો પણ બગીચો ઘણો વિશાળ હતો; અને અગાઉ કહ્યા મુજબ ભુલ ભુલામણીઓ પણ હતી. તેવી ભુલ ભુલામણીમાં બિચારી, ભોળી, સુંદર બાળાને પાપી લઇ ગયો.

સંધ્યા રાત્રીમાં પલટી. જગતપર અંધકાર ઝરવા લાગ્યો. સુગંધી ફુલો મ્હેંકતાં હતાં. ધીર સમીર વાયુ વાતો હતો. એકાંત અને અંધકાર હતો. સર્વ વાત અનુકુળ હતી.

મધુ–મધુ કહેતાં પાપીએ બાળાને બળકરી હૈયા સરસી ચાંપી. ચમકેલી બાળાયે ઉંચું જોયું. પાપીની આંખમાં કામ જોયો. છળી. સમજી. વ્હાલા નહી. નહી. લગ્ન વગર નહી.

મધુમતિયે છૂટવા પ્રયત્ન કર્યો.

વ્હાલી ! પ્રથમ પ્રેમ અને પછી લગ્ન.

કહેતાં ફરી બાળાને વધારે બળથી દાબી. ખેંચતાણમાં છાતીપરથી છેડો ખસી ગયો. પાપી વધારે ધૃષ્ટ બન્યો. બળતામાં ઘી હોમાયું. મદન જ્વાળ એના પ્રચંડ શરીરને હલમ લાવી નાંખવા લાગી. ગભરાયેલ બાળા વધારે મોહક લાગવા માંડી.

બાળાયે આંખમાંથી આંસુ સાર્યાં. ઘણા કાલાવાલા કર્યા; પણ પાપીને દયા આવી નહી. એક વધુ નિઃશ્વાસ અને પાપરહીત, નિર્દોષ બાળા પાપીના હૈયા સરસી ચંપાઇ.

ગોલકાંડાની ખાણમાંના કીમતીમાં કીમતી હીરા કરતાં વધારે કીમતી, એ મૂલું રત્ન, ભોળી, વિશ્વાસમયી, સુંદર, સ્નેહભરી બાળાયે ગુમાવ્યું.

× × × × ×

બાળા ડુસકે ડુસકે રડતી હતી. ઝેરી–સાપ તેને આશ્વાસતો હતો. બાપદાદાના સોગન ખાઇ કોલ આપતો હતો કે જરૂર સુશીલાને કહી લગ્ન ઝટપટ કરી નાંખશે. પરણુવાના વચન આપતો હતો, અને આઠ દિવસમાં પોતાની સ્ત્રી બનાવવા કહેતો હતો.

બિચારી બાળા શું કરે ! રડી થાકી. પાપીમાં વિશ્વાસ કીધો. રડતાં રડતાં કહ્યું. વ્હાલા ! મારી લાજ તારે હાથ છે. વિશ્વાસ ઘાતી થતોના.

પાપી આશ્વાસતો બોલ્યો. વ્હાલી ! હું રાજપરે આજ રાતની ગાડીમાં જઇ તારા હાથની માંગણી કરૂં છું. અને તારા કુટુમ્બપર કરેલા અનેક ઉપકારના બદલામાં તે ના નહીજ કહે. માટે શાંત થા. કોઈ જોશે તો નાહક ફજેતી થશે. ઘણીવારે બિચારી બાળા શાંત થઇ.

રશ્મિકાન્ત તેને લઇ બહાર આવ્યો. ચંદ્ર વાદળામાં છુપેલો હતો.

વ્હાલા, વ્હાલા ! જરૂર રાજપરે જજો. છુટાપડતાં બાળાએ કહ્યું.

પોતાના પાપ કૃત્યથી ખુશ થતો પાપી બોલ્યો. વ્હાલી ગભરા નહી. અત્યારે જાઉં છું.

બીજે રસ્તે થઈ બંગલાની બ્હાર તે નીકળી ગયો. શોકની મૂર્તી બાળા ધીમાં પગે બંગલા તરફ ગઇ.

ઝેરી સાપ બ્હાર બંગલા તરફ હસતો બોલ્યો. **વેરનું બીજું બલિદાન, બીજી આહુતિ.** અગ્નિ પ્રચંડ બળ, કે ત્રીજું બલિદાન જોત જોતામાં આપું. બચ્ચા નલિન તૈયાર થા.

આ પ્રમાણે પાપી પાપ કૃત્ય કરી એક ભોળી, સ્નેહ ભરી બાળાને ફસાવી પોતાને કૃત્યા કૃત્ય માનતો સ્ટેશન પર આવ્યો; અને અમદાવાદ જતી ગાડીમાં ચ્હડી બેઠો.

પ્રકરણ ૧૧મું.

મોજશોખ.

રશ્મિકાન્ત વિના નલિન આળસુ બની તેના દિવાનખાનામાં પડયો પડયો એક પુસ્તક આમથી તેમ ઉથલાવતો હતો.

લગભગ સાંજનો વખત થવા આવ્યો હતો. એટલામાં દાદરપર અવાજ થયો. નલિનના કાન ચમકયા. અવાજ પરિચિત લાગ્યો. બારણાં ઠોકયાં-ઉઘાડયાં કે જીવણ દાખલ થયો.

નલિન જીવણને જોઇ ખુશ થયો. કેમ, કાકા! ઘણે દહાડે? કયાંની સહેલગાહે હતા?

સહેલગાહ તો મોસાળની હતી. પણ વળી બચી ગયા. એક ખુરસીપર પટકાતાં જીવણ બોલ્યો.

કેમ કેમ વળી શું ધાંધલ હતું?

ધાંધલ તે રાતના જેવું.

નલિનને ખુનની વાત યાદ આવી. તે શાહી જેવો બની ગયો.

જીવણ! ભલો થઈ એ વાત યાદના દેવડાવ. હું ધ્રુજુછું. ડરૂં છું. ભલે માટીએ લોહીને છૂપાવ્યું છે. મુડદું જમીનમાં દટાયું છે. ન્યાયનો હાથ હેઠો પડયો છે. પણ જીવણ! ભલા જીવણ! એ વાત યાદ કરતાં. સાંભળતાં, મારા હોશ ઉડી જાય છે.

નલિન ! હું એવાત બોલ્યોજ નથી. એતો જેવું હૈયે તેવું હોઠે તને થયું. હું તો તને પેલા રમણલાલને પટક્યો હતો તે રાતની યાદ દેવડાવુ છું.

રમણલાલને લુંટયાની વાત નઝર આગળ આવી અને નલિન હસ્યો.

એજ કાકા પાછા રાતે મળ્યા. આપણે 'મહિધરપરામાંથી હથ્થો મારી પાછા ફરતા હતા ત્યાં એમનો ભેટો થયો. આપણે જાણ્યું કે સાળો બેટીનો બાપ કદી બે પાંચ હઝાર વગર ફરતોજ નથી. મારી તડાપ પણ સાળો કમબખ્ત છે સુરણની ગાંઠ જેવો. જેવો જમીનપર પટકાયો કે તરતજ ઉભો થઇ મને તો દાબીજ ઘાલ્યો. આપણે અક્કલ વાપરી હાથકડી પ્હેરવા હાથ લંબાવતા હોઇયે તેમ હાથ લંબાવ્યા. બચ્ચાજી છેતરાયા અને આપણે છક્કમ પોલ.

નલિન વાંસો થાબડતો બોલ્યો. શાબાશ કાકા મારા, શાબાશ. તમે સહુયે પરાક્રમ કર્યાં છે. હવે મારો વખત આવે છે–પણ તને કાંઈ ઓળખશે તો નહી. કાકા !

ઓળખે–મારી મા હમણાં આવીને ઉભી રહે તો મને ઓળખે નહી તો પછી એ ધગડાતો કયાંથી ઓળખે. એતો રામ રામ કરો રામ રામ, એતો મારૂ કહ્યું સત માનજો. 'ઘર ફુટે ઘર જાય.'

પણ જીવણ ! તું આવ્યો તે ઠીક થયું. મને એકલાં બીલકુલ ગમતું ન્હોતું રાત દિવસ ઘરમાં પડયા રહેવું સાળું કેમ પાલવે.

કાકો કયહાં ગયોછે ? નથી આવતો શું ?

કયહાં છે આજ બરાબર પાંચ દહાડા થયાં પ-તો. પેલો ખચ્ચર મારી રાહ જોતો હશે.

એ બેટમજી કંઇક દાવમાં હશે. ચાલ, એ પછી દઇ સીગાર બાટલીઓ કહાડને આપણે તો થાકીને લોથ થઇ ગયાછે.

સેમ્પેન ખુલી. બન્ને દોસ્તો ગપ્પાં છોલતાં ગલાસ પછી ગલાસ ખાલી કરવાં લાગ્યા.

ઘડીયાલમાં આઠનો ટકોરો થયો. જીવણને પેટમાં કુરકુરીયાં બોલતાં હતાં.

ચાલ નલિન ! આજતો તાજમહાલમાં.

ત્યહાં નહી કાકા—મોનજીની.

તો તેમ.

બન્ને ઇગ્લીશ સુટમાં સજ્જ થયા. વીકટોરીયા દોડાવતા ચર્ચગેટ સ્ટ્રીટમાં આવેલી મોનજીનીના ભપકબંધ રેસ્ટોરાંમાં દાખલ થયા.

નલિન રશ્મિકાન્ત પાસેથી ઇગ્લીશ રીતભાતો, રહેણી કરણી, ખાનું પીનું હવે શીખ્યો હતો. અને જીવણ તો ગુરૂણામ ગુરૂ હતો એટલે ફીકર જેવું નહતું.

જેવા દાખલ થયા કે વેઇટર જાણીતો હતો તે તરતજ બન્નેને પ્હેલે માળે લઈ ગયો. ઇલેટ્રીક લાઇટ ઝગારે જતું હતું. પંખા ફરરરર ફરતા હતા. બન્ને દોસ્તો પેટપૂર જમ્યા. વેઇટરની સેવા ભૂલવામાં નહોતી આવી. બીલ ચુકાવ્યું અને સીગારેટના ધુમાડા કહાડતા વિકટોરીયામાં બેઠા.

સહેલાણી જીવણનો જીવ આટલી સહેલગાહથી શાંત થયો નહતો. આટલી બધી મજાહ પછી કોઇ ગોવાગરીના ગાયનની લ્હેજત ચાખ્યા વગર રાત જાય તો તો જીવણનો જીવ કપાઇ જાય.

નલિન ! તું તો ગાયનનો બડો ઉસ્તાદ છે. આંહી કંઇ સાંભળવા જાયછે કે નહી.

મને શોખતો છે. પણ સાંભળવા ક્યહાં જાઉ ! નાટકમાંતો કંપની વગર જવું આપણને ગમતું નથી.

ક્યહાં જાઉં ! મુંબાઇના સહેલાણીઓ માટે વળી એ ઉણું રહે એમ હતું કે. ચાલ હું લઇ જાઉં.

નલિન સમ્મત થયો.

મુંબાઇનો ભોમીયો જીવણ નલિનને એવી જગ્યામાં લઇ ગયે

ગોવાગરીના હાવભાવ ગાયનથી નલિન ખુશ થયો. અને મોડીરાતે બન્ને જણા ત્યાંથી ઘેર આવ્યા.

ગરીબ બિચારી સુશીલા ! તારા પુત્રની શી દશા ! અનીતી–પાપ–ખૂન–તરકટ–કાવત્રાં. આમ તારી પુત્રીની શી સ્થિતી ! પાપીના પ્રપંચે ફસાયેલી, ઝેરી સાપના મીઠાં વચને છળાયેલી, નિર્દય–ખુની, દુષ્ટના પંજામાં પડેલી, વિશ્વાસે ભમાયલી. સુશીલા ! તારે માટે ઝેર–પ્યાલો ભરાતો જાય છે. વાંચનાર ! ગરીબ, બિચારી, નિર્દોષ સુશીલા માટે તારી આંખમાંથી શું આંસુ નથી સરતાં ! ઝેરી–સાપ કાતીલ ઝેરથી ઝેર–પ્યાલો ભરે છે.

પ્રકરણ ૧૨મું.

પૈસા કેમ આવે છે ?

અ ગાડી કહ્યા પ્રમાણે રશ્મિકાન્ત અમદાવાદ જતી ગાડીમાં ચ્હડી બેઠો. ગાડીમાં સીગારના ધુમાડા કહાડતો, ગાયન લલકારતો, કરેલા પાપનો બીલકુલ વિચાર પણ ન કરતો, ઝીણી આંખો પટપટાવતો હતો.

વડોદરા પછીનું બીજું સ્ટેશન આવ્યું કે રશ્મિકાન્ત નીચે ઉતર્યો અને સ્ટેશન પર ફરવા લાગ્યો. ફરતાં ફરતાં એક સેકન્ડ ક્લાસપર એની નજર પડી, અક્કલબાજને વિચાર કરતાં વધારે વખત ન લાગ્યો તરતજ સેકન્ડ ક્લાસમાં દાખલ થયો અને સ્હામી બાજુની ખાલી સીટપર ગોઠવાયો.

માથેથી હેટ ઉતારી પાસે મુકી, મુંછોને વળ દેવા લાગ્યો, ગાડીમાં બીજા બેજણ હતા. એક વૃદ્ધ પુરૂષ અને લગભગ સોળેક વર્ષની સ્ત્રી. રશ્મિકાન્ત ને પ્હેલાં એ બન્ને બાપ દિકરી લાગ્યાં. પણ જરાક વધારે બારીક તપાસથી પતિ પત્નિ લાગ્યાં.

વૃદ્ધ પતિ પાસે બાળક પત્નિ લાડે તેમાં શી નવાઇ ! તેવી રીતે આ બાળકી તેના દાદા થાય એવડા પતિ સાથે લાડતી હતી.

પુરૂષને હાથે પાંચે પાંચ આંગળીયે જુદા જુદા નંગની વીંટીઓ હતી. ડોકમાં સોનાનો ભારે દાગીનો હતો. જ્યારે સ્ત્રીયે માથાંથી તે પગ સુધી જુદા જુદા ઘરેણાં પ્હેર્યાં હતાં. જાણે કે તેઓ મુસાફરી નહીં કરતાં હોય પણ સેંકડો સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચે લગનજ મહાલતા હોય.

બન્ને જણાં સગાં વ્હાલાંના છોડીયાં પાડવામાં મશ્ગુલ હતાં. રશ્મિકાન્ત પોતાનો પ્લાન ગોઠવતો હતો. તેની નઝરમાં વૃદ્ધની ચળકતી વીંટીઓમાંની એક અને બાઇના ગળામાંથી આશરે દસેક હજારનો હાર આવ્યાં હતાં. કુતરા પેઠે સઘળે બચકાં મારવાં એ તેને ઠીક ન લાગ્યું. પણ વળી વિચાર થયો કે લાંબી પાટી હતે તો તો ઠીક. આતો બે કલાકમા કેમ સળ ઉતરશે ? રાત પણ વધારે ગઇ નથી. લગભગ નવનો સુમાર થયો હશે. આવી વિમાસણમાં રશ્મિકાન્ત યુકિત ગોઠવ્યા પછી ઉતરતો હતો.

રશ્મિકાન્તે આ જોડાનો ઇતિહાસ કયાં જવાનાં છે, કોણ છે. વિગેરે જાણવા વાત શરૂ કરી.

કાકા સાહેબ ! જરીક પાસે આવતાં મુંછમાંથી હસતાં તે બોલ્યો આપ અમદાવાદ જતા હશો?

વૃધ્ધે નઝર ફેરવી. ચશ્માં ચ્હડાવ્યાં. સ્ત્રીયે મુખ બોલનાર તરફ ફેરવ્યું.

કહું છું કે સાહેબ ! આપ કયાં પધારો છો ? મ્હોટો અવાજ કહાડી, રશ્મિકાન્ત બોલ્યો.

હેં-હેં કરતો વૃદ્ધ બોલ્યો. ભાઇ સાહેબ! અમારે-અમારે તો મેસાણે જવું છે.

રશ્મિકાન્ત મનમાં બબડ્યો કે મશાણુનાજ થયા છો. બાજુએ ધીમે રહી વૃદ્ધને કહ્યું. આપણે તો અમદાવાદ ઉતરવું છેને.

છાનીરે છાની. એતો વખત છે ને સોનેરી ટોળીનો ઉઠાવગીર હોય. માટે એતો લાંબુજ બતાવવું.

પણ—હમેંશા હુકમ બજાવતી સ્ત્રી બોલી.

અરે—માવડી છાની મને વરસ થયાં એટલાં તને દહાડા થયા નથી દહાડા!

સ્ત્રીયે બારી બ્હાર જોવા માંડ્યું. વૃદ્ધ પાછો વાતે વળગ્યો.

પણ—ત્યારે હેં સાહેબ ! આપ કયાં પધારોછો ?

મને પાલણપૂર જવું છે. હું નવાબીગઢના નવાબનો દિવાન છું. મને આજજ વડોદરે તાર મળ્યો કે પાલનપૂર જાઓ. કાકા સાહેબ ! જાણોછોને અમારા જેવા જુવાનને તો મોજશોખોનીજ વાતો હોય; ને તેમાં વળી વડોદરા જેવા ગુલબંકા શહેરમાં તો નાટક ચેટક ધુળ પત્થર એવું કેટલુંક હતું. ત્યાં આ તાર આવ્યો. મારૂં મન ખાટું થઇ ગયું. હું રહીડવાયો. નોકરી છોડવા તત્પર થયો, પણ બે ત્રણ મિત્રોએ સ્હમજાવ્યો. પણ મેં પકકો વિચાર કર્યો છે કે હરામજાદાને બરાબર સ્હમજાવીશ કે હું એના જેવો ઘરડો ખચ્ચર નથી. કાકાસાહેબ ! આવા હુકમો તો આપજેવાને ન લાગે. સંસારનો છોડેલા; વયે પ્હોંચેલા—

વૃદ્ધ હસતો, હસતો બોલ્યો, વયે મ્હોંચેલો—પણ તમારા જેવા આજકાલના જુવાનીયાથી ઉતરૂં એવો નથી તો. બબ્બે બાયડીનો ધણી છું.

ત્યારે આ સ્ત્રી તરફ આંગળી બતાવતાં જરામંદ હાસતાં તે બોલ્યો. ત્હમારી પ્હેલાં ઘરની છોડી હશે?

વૃદ્ધનો મીજાસ ગયો. સાળા સમજેચ—શું! તારા મનમાં મારી બાયડી છે—બાયડી—પોળીયાં જેવા પંદર હઝાર ખરચી હજુ હમણાંજ પરણ્યોચ.

બોલતાં બોલતાં લડવા જાણે ઉભો થતો હોય તેમ ઉંચો થયો. વધારે જોરથી બોલવા જતાં વૃદ્ધ શરીર ધ્રુજવા લાગ્યું. અને ખોંખો થવા લાગ્યું.

કાકાસાહેબ ! મારી ભૂલ થઇ. માફ કરો. રશ્મિકાન્ત કરગરતો બોલ્યો.

હેં—હેં—જય જીટેન્ડર હાશ—દમ ચ્હડી આવ્યો. અલીરોંડની સાંભળે છે કે. પેલું કાગળીયું છેકની—ઓરે બાપલીયા—દાદલીયા—

બાઇ ગભરાવા લાગી. રશ્મિકાન્તને લાગ્યું કે ડોસો ડબી જાય છે કે શું. તે મલકાતો હતો કે ડોસો રામશરણ થઇ જાય તો બાયડી અને પૈસા બન્ને મળે.

ઢોંગી ડોસીયે આ અસર તરતજ રશ્મિકાન્ત પરજોઇ; કે પાસે બેઠેલી સ્ત્રીને કાનમાં કહ્યું. રોંડની, પૂછની કયું કાગળીયું?

સ્ત્રી પણ હવે સમજી ગઇ. કયું કાગળીયું કોગળીયું આવે તમને. પાંધરૂ બોલતાં શું થાય છે ?

રશ્મિકાન્ત આવો છક્કા પંઝાબાજ, પણ આ યુકતી ન સમજ્યો. સાધારણ રીતે મનાય તેવી રીતે તેણે માની લીધું કે જુવાન પત્ની વૃદ્ધ પતિથી અસંતુષ્ટ છે; અને મરણથી સ્વતંત્ર થવા ઇચ્છે છે. એ પણ લાભમાંજ જણાયું.

અરે, કહું છું કે કોરો કાગળ લાવ. કોરો—ઓ બાપલીયા! ઓ આડેશર ભગવાન—ઓ છેલ્લા રામ રામ—જે ગો—પા—ળ.

જાણે મરતો હોય તેમ ડોક નાંખી દીધી. સ્ત્રીયે રડવાનો ઢોંગ શરૂ કર્યો. રશ્મિકાન્તે જોયું કે ડોસો ગયો કે જાય છે. સહી કરાવવાની બાકી રહે છે. એમ ધારી એક કાગળ પોતાની પોકેટ કેસમાંથી ખેંચી કહાડયો. કાકા ! કોરો કાગળ. સહી કરો, હું સાખ કરૂં છું.

હં—હં ડોસાયે તો પૂરી જમાવી. સ્ત્રી રડતી હતી. રશ્મિકાન્ત કાગળ લઇ ઉભો હતો. થોડીકવારે ડોસાને જાણે કળવળતી હોય તેમ ટટાર થયો. અને પાછો બબડયો. રોંડની! કાગળ લાવ કાગળ.

આ રહ્યો કાકા સાહેબ. રશ્મિકાન્ત એક હાથમાં ઇન્ડીપેન્ડન્ટ પેન આપતો અને કાગળ ધરતો બોલ્યો.

ડોસાયે ધ્રુજતાં ધ્રુજતાં મતું મારી આપ્યું. ઓબાપરભુના માણસ. તારી સાખ મૂક સાખ. ડોસો આંખ ફાડી જોવા લાગ્યો.

મૂકું—કાકા સાહેબ! કહી રશ્મિકાન્ત સહી વાંચવા લાગ્યો.

મકુચંદ મસાણચંદ.

આ સાળો બેટીનોબાપ લખી શું મરે છે. તાલીમબાજ રશ્મિકાન્ત જરા ગુંચવાયો; અજાયબ થયો. જરાં આંખ ઉંચી નીચી કરી તરતજ પોતાની સાખમૂકી.

ડોસાયે આંખ વીંચતાં પૂછ્યું. કરી સાખ? ભઇ! નામ શું-એ બાપલીયા શુળ એવી મારે છે પડખામાં-એ દાદલીયા...

રશ્મિકાન્તે વિચાર કરી પોતાનું નામ નહી પણ જીવણનું લખ્યું હતું. તેથી તે બોલ્યો જીવણલાલ.

ડોસો વળી બોલ્યો. ભઇ ! એ કાગળ મારી બાયડીને આપો. અલા રોંડ સાંભળે છે કે—એનાપર—આંરે દાદલીયા—ગોળો ઉપડયો ગો...ળો.

રશ્મિકાન્ત બોલ્યો. કાકા સાહેબ! મને કહો. હું લખી નાંખું.

લખો-લખો-કે-મારી બન્ને બાયડી મારી મીલકત વ્હેંચી લે. કહેતાં કહેતાં ડોસો રામશરણુ થઇ ગયો હોય તેમ પડયો.

સ્ત્રી જાણે પૂછતી હોય તેમ તેના પર વાંકી પળી.

પેલી સોંકળ ખેંચ-સોંકળ.

વ્હેમાયેલો રશ્મિકાન્ત જોતો હતો. સ્ત્રી તરતજ તે ખેંચવા ઉછળી પણ એ સાંકળ પકડે તે પ્હેલાં તો અક્કલબાજ રશ્મિ-કાન્તે તેને પટકી નાંખી. એક આંચકે ગળામાંથી હીરાનો હાર તોડી કહાડયો. બાયડીએ ચીસા ચીસ શરૂ કરી. પકડો ડોસો ઉભો થઇ બારી બહાર ડોકું કહાડી બુમ પાડવા લાગ્યો. અરે કોઇ આવોરે આવો. મારી બાયડીને મારી નાંખીરે. બાપલીયા. એ પોડીસ-જમાડાર સાહેબ-દોડજો. બુમ પાડતાં ડોસાયે સાંકળ ખેંચી કહાડી.

રશ્મિકાન્ત ચેત્યો–બારીપર ન્હડયો. બકાલ વાણીયા–મને છેતરવો તો ! યાદ રાખજે.

'ઓ ચાલ્યો–પકડો–પકડો.'

ડોસો કરતોજ રહ્યો અને ગાડીનો વેગ ધીમો પડતાંજ' એક છલંગ મારતાં રશ્મિકાન્ત જમીનપર કૂદી પડયો. ખેતરોમાં થઇ કયાંય ચાલી ગયો.

ગાડી ઉભી રહી. ગાર્ડ અને ડ્રાઇવર વિગેરે ફાનસો લઇ ગાડી લેટ હતી તેમાં વળી આ સાંકળ ખેંચાવાથી વધારે ન્હીડવાયેલા, ડબ્બો શોધતા નીકળ્યા.

પાસે ફર્સ્ટ કલાસના ડબ્બામાં એક તુમાખી સાહેબ બેઠા હતા. તેમને ગલાસ ઉડાવવામાં આ ધોંધાટથી વિઘ્ન આવ્યું તેથી તપી જતા બારી બ્હાર ડોકું કહાડયું. હાથમાંનો હંટર ચમકાવ્યો. યૂ કાલા આદમી ! સાઇલન્સ.

એક પારસી ઉતરી આવ્યો હતો. તે મીજાસ કરતો બોલ્યો. વૉટ નોન્સેન્સ, ઇનફોર્મ પોલીસ એટ આનંદ.

અરે ભાઇ સાહેબ, મારો પચી હઝારનો હાર અને દસહઝારની બંગડીઓ, કોના ચાળી હઝારનો માલ લઇગયોરે...શાહેબ!

ગાર્ડ અને ડ્રાઇવર ધુંધવાતા આવી પ્હોંચ્યા. સેકન્ડ કલાસ જોઇ થર્ડ કલાસની ભાષા ગળી તો ગયા પણ તીખાશ ગઇ નહી.

કાંય શું છે. શેઠીઆ ! સાંકળ કેમખેંચી ? માલુમ નથી તમૂને કે મીસ યુઝ માટે રૂપીઆ પચાસ દંડછે.

ડોસો રડમશ થતો બોલ્યો. બાપલીયા આતે ડાઝ્યા પર

કામ કે બીજું શું ! મારો પચાસ હજારનો માલ લઇ; સાલો ચોર નાસી ગયો તેનું કંઇ નહી ને ઉલટાં મને દંડ.

કયસા ચોરથા? ડ્રાઇવરે પાટલૂનના ગજવામાં હાથ નાંખતાં કહ્યું.

અરે સાહેબને શું કહું...સોનેરી ટોળીનો મેંબર હતો... મેંબર.

કેટલીક ઝુંસા તુંસી થઈ અને ગાડી લગભગ દશેક મીનીટ ખોટી થઈ; પણ પરિણામ એ આવ્યું કે આણુંદ આવતાં પોલીસને ખબર આપવી ડે.સો બુમ પાડતોજ રહ્યો. સ્ત્રી રડતીજ રહી.

ગાર્ડે સીસોટી વગાડી, લીલું ફાનસ બતાવ્યું. ઓલ રાઈટ.

પરૂરૂર કરતી એનજીનની સીસોટી વાગી. ગાડી ઉપડી.

ગાડી આણુદંના સ્ટેશને થોડાક વખત પછી આવી. હમેશના રવૈયા પ્રમાણે કામ થતાં રશ્મિકાન્તને સટકી જવામાં લગભગ ત્રણ કલાક મળ્યા. લૂંટાયલો ડોસો તથા સ્ત્રી રડતાં, કકલતાં ઘેર ગયાં.

પ્રકરણ–૧૩મું.

વિરહાવસ્થા.

When lovely woman stoops to folly,
And finds too late that men betray,
What charm can soothe her meloncholy?
What art can wash her guilt?

Goldsmith.

પ્યારા ! શીદ તલસાવે–તરસાવે...

પાપીના પાપ વચને ફસાયેલી, ઠગાયેલી બાળા એક કુંજમાં બેઠી હતી. આકાશમાં વાંદળાં ચ્હડી આવ્યાં હતાં. ઝરમર ઝરમર વર્ષાદ વરસતો હતો. બગીચાના પોપટ અને મેના મેહના આગમને આનંદી–કીલ કીલા કરતાં હતાં. મોર ' મે–આઉ–મે–આઉ ' કરી ટહુકતો હતો. ઝાડ–પાન હસતાં હતાં–લીલા છમ દેખાતાં હતાં. પડતા વર્ષાદના છાંટા માંથી કોઈ, કોઈ છાંટો મધુમતિના દેહપર પડતો.

બાળાના મુખ પરથી લાલી ઉડી ગઇ હતી. આંખો ઉંડી પેઠી હતી. બાલો ઓળ્યા વગર અવ્યવસ્થિત, કપાળ પર પડેલા–સૌભાગ્ય કુમકુમ છાવરતા–દુષિત હૃદયની અપુનિત છાપ પાડતા હતા. યૌવન મદે ઉપડતાં–ભરાવ થતાં અંગોમા શીતળતા હતી- તેમાં વ્હેતાં લોહી માંયે ન્હોતી ઉષ્મા કે નહતો વેગ.

અધરે અધર અડકાવી, પ્રેમ-પાઠ પઢાવી, રસ-મંત્ર ભણાવી-સ્નેહ-ધર્મમાં દીક્ષીત કરી-પ્યારા! કયાંગયો!--દર્શન દે-વ્હાલા!—કાન્ત! દર્શન દે. તુજ વિણ ઘેલી બની છું. બ્હાવરી થઇ છું. નથી ચેન, દિનભર રેન-પ્યારા! રોતાં, રોતાં રાતલડી વીતે છે. તારૂં નામ જપતાં જીભલડી થાકે છે-તારી વાટ જોતાં- તારી રહ જોતાં આંખલડી વીરામે છે-પણ કયાં છે-મારા મોંઘા દીલ-આરામ! તારાં દર્શન! પ્યારા! તુજ વિણ મને નથી મારા દેહનું ભાન કે સાન. મેના પોપટના! આનંદમય કીલકીલાટો મારામાં નથી પેદા કરતાં ગાન કે તાન. કુદરતના હાસ્ય મારામાં નથી ઉપજાવતાં સ્નેહના દાન કે પાન નથી આરામ સુવામાં—નથી આરામ પુસ્તકમાં-નથી આરામ વાતોમાં-કયાં શોધું! કયાં ઢુંઢું! વ્હાલા! મારા દીલ-આરામ! મુંઝાઉછું-અકળાઉ છું-ગભરાઉછું. ઓ દુઃખીઆના દુઃખ ફેડનાર-અમૃતઝરા-ખુદાઇ પેગામ-ના દુત--સંગીત! ખલ્કના ખૂણે દબાયેલ બાણ મને બતાવ.

બાળાએ વિણા હાથમાં લીધી. સૂર મેળાવવા લાગી. હૃદયમાં ઉભરાતાં ભાવો તાલ આપતા હતા. ગાન ધીમું ધીમું વ્હેવા લાગ્યું.

આવો, આવો, રસ ઘેલા! આવો.
આવડલી હદ ના હોય-પ્રિતમ આવો—આવો.
વાદળલી ચ્હડી આવ્યું ને, ભૂંડી વિજ મુને ચમકાવે.
મેઘલી બરસે બુંદબુંદ ધારે, મુને ગભરાવે, અકળાવે. આવો.

વરસે વર્ષા—ભીંજે મારો સાલૂડો—મોંઘા મૂલનો.
ભીંજે ભીંજે—મારા હૈડાની કોરજો—ચૂવે રંગજો.

વાટલડી જોતાં—થાકી આંખલડી. પિયુ આવો.
હું તો માંગુ નેહના સ્નાન, પિયુ આવો.—રસ ઘેલા આવો.
સખિયો સહુ હસતી મુને સખિરી કાં દુબળી દેહ ?

હો વ્હાલા—લાલા રઢીયાળા કાલા નાથ આવો.—આવો.
આવો નાથ—વ્હાલા, રસિયા—પ્રાણ—તખ્તે વિરાજો. નાથ આવો.

વિનવું વિજ મુજ બેનડી—જા બાપુ પરદેશ
ભૂંડી સંતા કોખોયમાં—બીશે બાળા મમ વેશ.

મેઘલીઓ ચ્હડે નાથ—હૈડું ન હાથ. વ્હાલા આવો.
સોડયે સંતાડો, ભૂજે ભીડો—હો લાલા આવો.—આવો;

બાલાનું હૈયું હર્ષ હિંડોળે હિંચકવા લાગ્યું. મુખપર મૃદુ હાસ્ય પ્રસરતું હતું.

પ્યારાને પત્ર લખું ? હા, ભાન ભૂલ્યા હૈયા ! યાદ કર. કેટલા લખ્યા. ક્યાં છે એકે પત્રનો ઉત્તર. વ્હાલે ! મને ઠગી! છેતરી ! હું ભોળી ઠગાઇ, છેતરાઇ ? નહીં—નહીં—મારો પ્યારો કાન્ત ! શુદ્ધ અને સાત્વિક સ્નેહની મૂર્તિ છે. આદર્શ છે. તે મને ઠગે નહી. મને ઠગી તેને શું ફાયદો ! શું લાભ ! તે મારો, મારા કુટુમ્બનો હિતેચ્છુ છે. આજે એ કથન મ્હને સત્ય લાગે છે કે સ્નેહીનુંજ હૃદય હમેશ શંકાયથી બને છે. બસ ત્યારે પ્યારાને પત્ર લખુંછું. હા, લખું. બીજુ હું અબળા શું કરૂં ?

મદન-વેલી સમ લચતી મધુમતિ કુંજમાંથી નીકળી અને બંગલામાં પોતાની રૂમમાં જઈ તેના ડેસ્કપાસે બેઠી લેખન સાહિત્ય કહાડી લખવાનો આરંભ કર્યો.

વડોદરા—વારસોમ.

પ્યારા કાન્ત:—

મારો તારાપર હક છે. તેથી ફરીથી અને ફરીથી તને પત્રથી હેરાન કરૂં છું. અને જ્યાં સુધી વ્હાલા ! દર્શન નહી દે ત્યાં સુધી તને નહી છોડુંં. તને નહી મૂકું. કેટલો નહી મેલું મારા કંથજી, ભલે પલટે દુનિઆ આમ. પ્યારા ! હું આ પર મારો પ્રેમ ચીતરૂં છું વ્હાલા ! તને હું ઘેલી નથી લાગતી. પ્રેમ કદી ચીતરાયો છે ? આ ચોરાયેલ લૂગડાના ટૂકડાના બનેલ આ ચિથરીયા કાગળ કદી ચિતરેલ પ્રેમની પાટી બની છે ? નહી, નહી.-પ્યારા-સાંભળ.

કાગા ચુન ચુન ખાઈયો, સબ તન હી ઔર માંસ;
એક નેના દો મત ખાઈયો, પિયુ મિલનકી હય આશ.

ભલે, તું જવાબ ન દે-તું શાંત રહે-ગંભીર બન-પણ મને જે મજાહ-આનંદ-તારી સાથે વાત કરવામાં-તારી સાથેના પત્રોમાં આવે છે-તેનું વર્ણન આ કમતરીન કલમમાં નથી કરવા શક્તિ કે પ્રભુતા.

વ્હાલા કાંઇક ખુલાસો કર-તું જાણે છે કે તારો હરિફ-ડાકતર રોજ નવ નવા સવાલો પૂછી સંતાપે છે-કંટાળો આપે છે. તે રાતની વાત પછી—હા—વાત યાદ કરતાં કમ્પું છું.—

ધ્રુજુ છું-મારૂં માથું ફરે છે-જીવ ચગડોળે ચ્હડે છે—મારા લોહીમાં નવું લોહી મળ્યું છે. જીવનમાં જીવન મળ્યું છે-ગારામાં કાંઇક નવું તેજ ઉમેરાયું છે. દાકતર પ્રભુ દયા કરે-દુનિયામાં દાક્તર શા માટે થતાહશે—જરૂર વ્હેલો મોડો આ સમજશે.

પ્યારા ! રાજપરેના કંઈ સમાચાર ! મા શું કહે છે ? પ્યારા તે હા કહેતી હોય તો મારૂં નાવ આનંદ-દરિયે છે. ના કહેતી હોય તો હું પગે પડીશ. મારી લાજ, મોંઘી લાજ માટે વિનવીશ. દિલ ખોલી લાજમૂકી સઘળુ કહીશ. મને, વ્હાલા! ખાત્રી છે કે દયાની દેવિ સ્નેહ અને સૌજન્યની દેવિ મને હૈયા સરસી ચાંપશે-મારા સુખમાં ભાગીયેણ થશે.

વ્હાલા ! બસ વિરમુંછુ—આ કંટાળાં ભરેલું લખતાં આશાના કીરણો ફુટેછે કે જગતની આંખે મધુને તારી કરવાના વિચારમાં છે-રસ્તે છે. કહે પ્યારા બસ ફક્ત એકવાર કહે- હું ચાહું છું. એકવાર મુખારર્વિન્દનું પાન, ગોરા ગુલાબી ગાલ-પર એક ચુંબન, હૃદય વલ્લભનો એક શબ્દ-એક અક્ષર આ બળતી આગને શાંત કરશે— સુધા જલ સીંચશે.

કયાં જાઉં-કોને કહું-વ્હાલા! દુઃખની વાતો-રડી પણ શકતી નથી.

વ્હાલા-જલ્દી-જલ્દી હવે તો તારી બનાવ-

એજ- આશા સાથે-હું તો છું- સદાની તારી

ભાગ્યની દોરીયે લટકતી

મધુ.

કાગળ પૂરો થયો. ઘણીક જગ્યાએ આંસુઓ પડી અક્ષરો છેરાયા હતા. કાગળ બંધ કરી, એડ્રેસ કરતી હતી એટલે ડાકટરે બારણાં પર અવાજ કીધો, ગભરાયેલી બાળાએ બારણાં તરતજ ઉઘાડયાં. અહોઃ ડાકટર! અત્યારે......

'કેમ- હજુ સૂધી સુતાં હતાં શું ?'

'ના, ના, બ્હાર ઉભા કેમ ? આવોને'

ડાકટર ધીમાં પગે રૂમમાં દાખલ થયો. અને ટેબલ પાસે આવી એક ખુરશી પર બેઠો.

'મીસ મઝુમદાર! આજ કાંઇ તમારી તબીયેત ઠીક લાગે છે!

'ડાકટર! મારી તબીયેત કયે દિવસે ખરાબ હતી– ખરે- ડાકટર! મ્હારે કહેવું જોઇએ 'કે you surgeons pretend to detect ailments where none exist'.

'નહિ, નહિ, મધુમતિ! ફીની લાલચે-દવાના બાટલા ભરવાની મેં ઇચ્છા બતાવી હતે-તો તમારૂં કહેલું ખરૂં હતું. છુપાવો નહી સુંદરી! તમે દેહ નહી પણ મનના દુઃખથી દેહને દમો છો—કસો છો. જુઓ! તમારી નાજુક દેહ લતા કરમાય છે. કરવેલડી સુકાય છે. કયાં છે પહેલાંના માંસલ ગાત્ર ?

દાકતર! તમારી મારે માટેની સંભાળ માટે આભારી છું.

સંભાળ...મધુમતિ ! મારી તરફ જો, મારા હાડપિંજરને જો, મારો સૂકાઇ ગયેલો ચ્હેરો, ગળી ગયેલાં ગાત્રોનો વિચાર કર. હૈયામાં હીકતી હોળી સળગે છે-પ્રેમ નિરાશાનો કીડો

મારા હૃદયને કોરી ખાય છે. એ દુઃખ હું માણસ તે સહન કરી શકું. પણ તારા જેવી સ્નેહ વેલી એ દુઃખ ભારે નીચા નમતી જોઈ મારૂં હૈયું કમ્પી ઉઠે છે. મધુ ! હું જાણું છું. તૂં છૂપાવ નહી. તું ચાહે છે. તું પેલા પાપી હા-ખરે નીચ પાપી રશ્મિકાન્તને ચ્હાય છે. હા મ્હારી ખરા જીગરની આશિષ છે-અભિલાષા છે-તું સુખીથા.

દાકતર ! મને શરમાવો મા-મને ગભરાવો મા. તમને કોણે કહ્યું કે હું મ્હેમાનને ચ્હાઉછું. બાળાનું પાપી હૃદય ધડકવા લાગ્યું. બીવા લાગી રખે પાપમય જીવનનું પાનું દાકતર પાસે ઉઘડી ગયું હોય.

હું જાણું છુ-મેં જોયું છે-તારી મીઠી નઝર-તારા દુઃખભર્યા નિઃશ્વાસો. કબુલ કર સુંદરી ! કે તારૂં હૃદય બીજાનું છે. હવે તારૂં નથી-ઘણાક વખત થયાંયે તારૂં નથી.

દાકતર ! બીજાની વાતોમાં અટકળોના ઘોડા દોડાવવા, એ ઠીક ન કહેવાય. બાળા દયાદ્ર થઇ. સત્યને અનૃતના જામામાં છૂપાવી શકવા અસમર્થ બની. આંખમાં આંસુ આવી ગયા. શરીર કંપવા લાગ્યું. હમણાં પડી જશે તેવી થઇ રહી.

દાકતર બાળાની સ્થિતી સમજ્યો. પોતાની મુર્ખાઈપર ચ્હીડવાયો.

માફ-કર-મીસ મઝુમદાર! આ નિર્દયપર દયાની નઝર નાંખ-આવાં વચંનો તારા જેવી સુકુમારને કહેવા માટે-કોમળ લતાને દમવા માટે-માફ કર-માગુંછું-દેવિ ! તારા હૃદયના એક ખુણામાં

ભાઇની જગ્યા-મિત્રની શ્રદ્ધા. આ દેહ માટીનો માટીમાં મળી જશે-હીકતા હૈયાની હોળી હોલવાઇ-બુઝાઇ-ગઇ હશે. આ અંગાર ધમધમતું માથું હિમ જેવું શીત પડયું હશે-ત્યાં સૂધી-ઓ વ્હાલી-બ્હેન! આ નિર્દયને-ભાઈ-ભાઈ-કહી સંભારજે-એક બે આંસુ સારજે. જાઉં છું-જાઉં છું-બ્હેન! દયાની દેવી! જાઉં ..છું.

મધુમતિ કાંઇક બોલે તે પ્હેલાં તો દાકતર ચાલ્યો ગયો. બિચારી બાળા ગભરાવા લાગી. કાગળ કાગળને ઠેકાણે રહ્યો. રડતી, આંસુ સારતી બાળા સોફાપર પડી;

હત ભાગી બાળાના મુખપર નથી નૂર-કે-નથી તેજ. યૌવનને આંગણે રમતી-જીવન-સુખની આશા ભરી બાળા! નયણાં તારાં નીતરે છે-ધાર લેનાર કોણ? આંસુડા વહે છે-લ્હોનાર કોણ?

પ્રથમ ભાગ સમાપ્ત.